RNI NO GUJ/GUJ/2006/24237

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

RAJKOT
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ


● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા | ૭,મો માળ, પ્રમુખ સ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ ફોન (૦૨૮૧) ૨૨૪૧૨૩૪

● સંવત ૨૦૮૨ ભાદરવા સુદ - ૧૨ | બુધવાર તા.૨૩-૦૯-૨૦૨૬ | અંક : ૭૮ વર્ષ : ૨૨ | email :rajkot@aaspassindia.com | કિંમત રૂા. ૨-૫૦ | પાના - ૮

## બંગાળની ખાડીમાં ‘ડીપ ડિપ્રેશન’ એક્ટિવ

# યુપી, બિહાર સહીત રાજ્યોમાં અતિ ભારે વરસાદનું એલર્ટ

### સિસ્ટમ ગતિશીલ બનીને જમીન સાથે ટકરાવા જઈ રહી છે, જેના કારણે અનેક જગ્યાએ ભારેથી અતિભારે વરસાદ પડશે



નવીદિલ્હી,

બંગાળની ખાડીમાં સર્જાયેલા ડીપ ડિપ્રેશનને કારણે પૂર્વ, મધ્ય અને દક્ષિણ ભારતમાં ચોમાસું રૌદ્ર સ્વરૂપ ધારણ કરી રહ્યું છે.હવામાન વિભાગ અનુસાર ઓડિશામાં રેડ એલર્ટ જાહેર કરાયું છે, જ્યાં ૩૩ ‘ફઈછહ્ન ટીમો તૈનાત કરાઈ છે. ૭ જિલ્લામાં શૈક્ષણિક સંસ્થાઓ ૨૪ સપ્ટેમ્બર સુધી બંધ છે. સરકારી કર્મચારીઓની રજાઓ રદ કરાઈ છે અને માછીમારોને દરિયામાં ન જવાની સૂચના અપાઈ છે. યુપી, બિહાર અને ઉત્તરાખંડમાં પણ ભારે વરસાદની આગાહી છે.

દેશના અનેક વિસ્તારોમાં ચોમાસું ફરી એકવાર રૌદ્ર સ્વરૂપ ધારણ કરી રહ્યું છે. બંગાળની ખાડી ઉપર સર્જાયેલા ગંભીર દબાણ (ડીપ ડિપ્રેશન) ના કારણે પૂર્વીય, મધ્ય અને દક્ષિણ ભારતના અનેક રાજ્યોમાં હવામાનનો મિજાજ બદલાયો છે. ભારતીય હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આ સિસ્ટમ ગતિશીલ બનીને જમીન સાથે ટકરાવા જઈ રહી છે, જેના કારણે આગામી દિવસોમાં અનેક જગ્યાએ ભારેથી અતિભારે વરસાદની ચેતવણી આપવામાં આવી છે. હવામાન વિભાગની ચેતવણીને પગલે ઓડિશામાં સૌથી વધુ અસર જોવા મળી રહી છે. તટીય અને દક્ષિણી વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસી રહ્યો છે.

સંભવિત આપત્તિને પહોંચી વળવા માટે રાજ્ય સરકાર દ્વારા ૩૩ ઓડ્રાફ (ફઈછહ્ન) ટીમો તૈનાત કરવામાં આવી છે, જેમાંથી ૨૪ ટીમો અત્યંત સંવેદનશીલ જિલ્લાઓમાં મોકલવામાં આવી છે. શૈક્ષણિક સંસ્થાઓ બંધઃ પરિસ્થિતિની ગંભીરતા જોતાં સાત જિલ્લાઓમાં શૈક્ષણિક સંસ્થાઓ ૨૪ સપ્ટેમ્બર સુધી બંધ રાખવાનો આદેશ અપાયો છે. કટોકટીના પગલે તમામ સરકારી કર્મચારીઓની રજાઓ રદ કરીને ડ્યુટી પર હાજર રહેવા સૂચના અપાઈ છે. દરિયાકાંઠે ૭૫ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાય તેવી શક્યતા હોવાથી ૨૪ સપ્ટેમ્બર સુધી માછીમારોને દરિયામાં ન જવા અને પુરીના દરિયાકિનારે નાહવા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડઃ પૂર્વીય યુપીમાં ગુરુવારથી ગાજવીજ સાથે વરસાદની શરૂઆત થશે અને ૨૫-

## આંતરરાષ્ટ્રીય સ્તરે પાકિસ્તાનની ફજેતી, સંયુક્ત રાષ્ટ્રમાં પત્ર ભારતે ફગાવ્યો

નવી દિલ્હી,

ફરી એકવાર આંતરરાષ્ટ્રીય સ્તરે પાકિસ્તાનની ફજેતી થઈ છે. ભારતે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના અધ્યક્ષને લખાયેલા પાકિસ્તાનના પત્રને ફગાવી દીધો છે, જેમાં સ્થાયી મધ્યસ્થતા ન્યાયાલયના તાજેતરના નિર્ણયોનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે સ્પષ્ટ કર્યું કે પાકિસ્તાન હંમેશાં પોતાના ખોટા પ્રચાર માટે તથ્યોને તોડી-મરોડીને રજૂ કરે છે. તેમણે ઉમેર્યું કે આ નિર્ણય કોઈ કાયદેસરની અદાલતનો નહીં, પરંતુ ગેરકાયદેસર રીતે બનેલી સંસ્થાનો છે, જેનાથી ભારતના જળ અધિકારો પર કોઈ અસર પડતી નથી.

આખો આ વિવાદ ૧૯૬૦ની સિંધુ જળ સંધિ સાથે જોડાયેલો છે, જેને પહલગામ આતંકી હુમલા બાદ ભારતે સ્થગિત કરી દીધી હતી. પાકિસ્તાન આ મામલે મધ્યસ્થતા અદાલતમાં ગયું હતું, જેને ભારત શરૂઆતથી જ માન્યતા આપતું નથી. પાકિસ્તાન હવે આ મુદ્દાને આંતરરાષ્ટ્રીય મંચો પર ઉઠાવીને દબાણ બનાવવા માંગે છે, પરંતુ ભારતે સ્પષ્ટ કરી દીધું છે કે આવા દાવાઓથી વાસ્તવિક સ્થિતિ બદલાતી નથી.

## તહેવારો દરમિયાન મોંઘી થશે હવાઈ યાત્રા, સરકાર કોઈ નિયંત્રણ નહિ રાખે

### ભાડા સંતુલિત રાખવા માટે એરલાઈન્સને સલાહઃ રામ મોહન નાયડુ



નવી દિલ્હી,

દેશમાં તહેવારોની શરૂઆત થવાની છે. ત્યારે સામાન્ય રીતે એરલાઇન કંપનીઓ દ્વારા હવાઈ ભાડામાં વધારો કરવામાં આવતો હોય છે. જોકે, આ દરમિયાન નાગરિક ઉડ્ડયન મંત્રી રામ મોહન નાયડુએ સ્પષ્ટતા કરી છે કે સરકારે ઈંધણ અને વધતાં ખર્ચના પગલે સરકાર કોઇ ભાડાની અપર કેપ નક્કી નહિ કરે. પરંતુ એરલાઇન કંપનીઓને યોગ્ય એર ફેર રાખવા સલાહ આપવામાં આવી છે.

નાગરિક ઉડ્ડયન મંત્રી કે. રામમોહન નાયડુએ સ્પષ્ટ કર્યું હતું કે સરકાર બજાર-આધારિત સ્પર્ધાત્મક દરોમાં સીધો હસ્તક્ષેપ કરશે નહીં. જોકે, સામાન્ય મુસાફરોની સુવિધાને ધ્યાનમાં રાખીને ભાડા સંતુલિત રાખવા માટે એરલાઈન્સને સલાહ આપવામાં આવી છે.

એરલાઇન કંપનીઓ સાથે નિયમિત સમીક્ષા બેઠકોકેન્દ્રીય મંત્રીએ સ્પષ્ટ કર્યું હતું કે મંત્રાલય તહેવારો મોસમ અને મોટા કાર્યક્રમો દરમિયાન હવાઈ ભાડાના વલણો પર સતત નજર રાખે છે. તેમણે જણાવ્યું હતું કે, અમે એરલાઇન કંપનીઓ સાથે નિયમિત સમીક્ષા બેઠકો યોજી રહ્યા છીએ. અમે તેમને સ્પષ્ટપણે સૂચના આપી છે કે તહેવારોના સમયગાળા દરમિયાન ભાડા વ્યાજબી સ્તરે રાખવાં જોઈએ.

# કોઈ વ્યક્તિ વિવેકપૂર્વક વંદે માતરમ્ ગાવાની ના પાડે તો તેમને સજા ના કરી શકાયઃ સુપ્રીમ કોર્ટ

### વંદે માતરમ્‌ને આ વર્ષે મળેલા કાયદાના રક્ષણ સામે સુપ્રીમમાં અરજી, કેન્દ્રને નોટિસ

નવી દિલ્હી,

વંદે માતરમ્‌ને લઇને સુપ્રીમ કોર્ટમાં હાલ આકરી દલીલો ચાલી રહી છે. એક અપીલની સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે કોઇ વ્યક્તિ વિવેકપૂર્વક વંદે માતરમ્ ગાવાની ના પાડે તો તેને સજા ના કરી શકાય. સાથે જ સુપ્રીમે કેન્દ્રને કહ્યું હતું કે ૧૯૮૬ના ચુકાદાને ધ્યાનમાં રાખવામાં આવે જેમાં બાળકોએ વિવેકપૂર્વક વંદે માતરમ્ ગાવાની ના પાડી તો તેને સજા નહી કરવા આદેશ કર્યો હતો.

ગાયક ટીએમ કૃષ્ણાએ સુપ્રીમ કોર્ટમાં અરજી કરી છે અને વંદે માતરમ્ માટે ઘડાયેલા કાયદાને પડકાર ફેંક્યો છે. તેમની આ અરજી પર સુનાવણી વખતે સોલિસિટર જનરલ તુષાર મેહતા દ્વારા નક્સલી શબ્દનો ઉપયોગ કરાતા વરીષ્ઠ વકીલ અને પૂર્વ જજ એસ. મુરલીધર ભડક્યા હતા અને આ શબ્દો પરત લઇ માફી માગવા કહ્યું હતું. વંદે માતરમ્‌ને લઇને જુલાઇમાં સંસદમાં ચોમાસુ સત્ર દરમિયાન બિલ પસાર કરાયું અને વંદે માતરમ્ ગાવાનું ફરજિયાત કરી દેવાયું હતું. વંદે માતરમ્‌ને કાયદાકીય રક્ષણ મુદ્દે અરજી કરાઇ છે.ગાયક ટીએમ કૃષ્ણાની અરજી પર દલિલો કરતી વખતે વરીષ્ઠ વકીલ અને પૂર્વ જજ એસ. મુરલીધરે કહ્યું હતું કે સુધારેલા કાયદામાં એવો ઉલ્લેખ નથી કે વંદે માતરમ્ અભિવ્યક્ત કેવી રીતે કરવું એવામાં કાયદાનો દુરુપયોગ થવાની પુરી શક્યતાઓ છે. વંદે માતરમ્‌નું ક્યૂ વર્ઝન નેશનલ સોંગ તરીકે ગણાશે તેની કોઇ જ સ્પષ્ટતા કર્યા વગર આ કાયદો પસાર કરવામાં આવ્યો છે.

માત્ર ઓફિસ મેમોરેન્ડમ દ્વારા જ આદેશ જારી કરી દેવાયા, કોઇ ગેઝેટ બહાર ના પડાયું. કોઇપણ પ્રકારની ચર્ચા વગર જ આ કાયદો પસાર કરવામાં આવ્યો છે. જ્યારે સોલિસિટર જનરલ તુષાર મેહતાએ એવી દલીલ કરી હતી કે બંધારણ હેઠળ કાયદા ઘડાતા હોય છે, કાયદા નક્સલીઓના વિચારોના હિસાબે ના હોવા જોઇએ.નક્સલી શબ્દ પર બાદમાં વકીલ મુરલીધરે વિરોધ નોંધાવ્યો હતો અને કહ્યું હતું કે કાયદાના અધિકારીએ આ પ્રકારની ભાષાનો ઉપયોગ ના કરવો જોઇએ. બાદમાં સુપ્રીમના મુખ્ય ન્યાયાધીશની બેંચમાં સામેલ ન્યાયાધીશ જોયમાલ્યા બાગચીએ કહ્યું હતું કે તમે ભલે કોઇને નક્સલી કહી દો પરંતુ તેના બંધારણીય અધિકારીનો ખતમ ના કરી શકો. આ સમગ્ર મામલે અંતે સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકાર પાસેથી જવાબ માગ્યો છે.

# ખાનગી યુનિવર્સિટીઓને સુપ્રીમની કડક ટકોર, નફો કમાવતી સંસ્થા તરીકે ચલાવી શકાય નહીં

### દેશભરની ખાનગી યુનિ.ઓને છેલ્લા પાંચ વર્ષના હિસાબના ચકાસણી કરાયેલા નાણાકીય રેકોર્ડ જાહેર કરવા સુપ્રિમકોર્ટનો નિર્દેશ

નવીદિલ્હી,

ખાનગી યુનિવર્સિટીઓને લઈને સુપ્રીમ કોર્ટે મહત્વપૂર્ણ ટિપ્પણી કરી છે. કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે ખાનગી યુનિવર્સિટીઓને નફો કમાવતી સંસ્થા તરીકે ચલાવી શકાય નહી. સુપ્રીમ કોર્ટે દેશભરની ખાનગી યુનિવર્સિટીઓને છેલ્લા પાંચ વર્ષના હિસાબના ચકાસણી કરાયેલા નાણાકીય રેકોર્ડ, ફીનું માળખું, નાણાંનો ઉપયોગ, વધારાની રકમના રોકાણ અને શિક્ષણ સાથે સીધી રીતે સંકળાયેલા ન હોય તેવા લોકોને કરવામાં આવેલી ચૂકવણી સહિતની વિવિધ માહિતી જાહેર કરવાનો નિર્દેશ આપ્યો છે.

ન્યાયમૂર્તિ અહસાનુદ્દીન અમાનુલ્લાહ અને ન્યાયમૂર્તિ એન.વી. અંજરિયાની ખંડપીઠે કહ્યું કે ખાનગી યુનિવર્સિટીઓ સંસ્થાના સરળ સંચાલન અને સંસાધનોના જવાબદાર વ્યવસ્થાપન માટે યોગ્ય નાણાકીય ભંડાર રાખી શકે છે.

#### દેશભરની ખાનગી યુનિવર્સિટીઓ પાસેથી રેકોર્ડ માંગ્યા

આ મામલો નોઈડા સ્થિત એમિટી યુનિવર્સિટી સાથે જોડાયેલી એક વિદ્યાર્થીની ફરિયાદથી શરૂ થયો હતો. જોકે, સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે આ મામલાનો વ્યાપ વધારીને દેશભરની ખાનગી યુનિવર્સિટીઓને તેમાં સામેલ કરી છે. કોર્ટે કહ્યું કે વ્યાપક જાહેર હિતને ધ્યાનમાં રાખીને ખાનગી યુનિવર્સિટીઓની સ્થાપના, નિયમન અને તેમને મળતા વિવિધ લાભોની તપાસ કરવી જરૂરી છે. કોર્ટે ખાનગી યુનિવર્સિટીઓ પાસેથી છેલ્લા પાંચ વર્ષના ચકાસણી કરાયેલા નાણાકીય રેકોર્ડ માંગ્યા છે.

તેમાં સંસ્થાએ કેટલી રકમ મેળવી અને કેટલી ખર્ચી, શિક્ષણ સાથે સીધી રીતે સંકળાયેલા ન હોય તેવા લોકોને કરવામાં આવેલી ચૂકવણી, બચેલી રકમ અને તેના રોકાણની વિગતોનો સમાવેશ થાય છે. સુપ્રીમ કોર્ટે ખાનગી યુનિવર્સિટીઓને કેન્દ્ર અથવા રાજ્ય સરકાર પાસેથી મળેલા લાભોની વિગતો આપવા પણ કહ્યું છે. તેમાં જમીનની ફાળવણી, કાયદાકીય છૂટછાટ અથવા અન્ય કોઈ વિશેષ સુવિધાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત દરેક અભ્યાસક્રમમાં વિદ્યાર્થીઓના પ્રવેશ માટે કઈ પ્રક્રિયા અપનાવવામાં આવે છે, પ્રવેશની જવાબદારી કયા અધિકારી પાસે છે, પ્રશ્નપત્ર કેવી રીતે તૈયાર થાય છે, પરીક્ષા કેવી રીતે લેવામાં આવે છે અને ઉત્તરવહીઓનું મૂલ્યાંકન કેવી રીતે થાય છે તેની માહિતી પણ આપવી પડશે.

## ગુજરાત શિક્ષણ બોર્ડની ખાસ પરીક્ષાની જાહેરાત

ગાંધીનગર,

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૦ અને ૧૨ના સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓ માટે એક મહત્વપૂર્ણ અને રાહતરૂપ નિર્ણય લેવામાં આવ્યો છે, જેના અંતર્ગત આગામી નવેમ્બર-ડિસેમ્બરમાં પ્રથમવાર ખાસ પૂરક પરીક્ષાનું આયોજન કરવામાં આવશે. આ વિશેષ પરીક્ષા થકી નાપાસ થયેલા કે અગાઉ પરીક્ષા ન આપી શકેલા વિદ્યાર્થીઓને પોતાનું વર્ષ બગાડ્યા વગર આગળ અભ્યાસ ચાલુ રાખવાની ઉત્તમ તક સાંપડશે. રસ ધરાવતા વિદ્યાર્થીઓ આગામી ૪ ઓક્ટોબર સુધીમાં પોતાની નજીકની માન્ય શાળા મારફતે આ પરીક્ષા માટેના ફોર્મ ભરી શકશે.

## વિકસિત ભારત- ૨૦૪૭ પર મંથન સત્ર યોજાશે

### સાંજે ૪.૩૦ વાગ્યે સેવાતીર્થ ખાતે બેઠકનો પ્રારંભ થશે

નવીદિલ્હી,

કેબિનેટમાં સંભવિત ફેરબદલની અટકળો વચ્ચે આજથી કેન્દ્રીય મંત્રીપરિષદનું બે દિવસીય ચિંતન શિબિર શરૂ થઈ રહ્યું છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળનું આ મહામંથન ‘વિકસિ ભારતજ૨૦૪૭’ થીમ પર કેન્દ્રિત છે.આજે સાંજે ૪.૩૦ વાગ્યે સેવાતીર્થ ખાતે બેઠકનો પ્રારંભ થશે.જેમાં મોદી સરકારના તમામ મંત્રીઓ જોડાશે.

આવતીકાલે સવારે ૧૦ વાગ્યે બેઠક ફરીથી શરૂ થશે.આ દરમિયાન સરકારી નિયમોના સરલીકરણ અને ભવિષ્યના સુધારાઓ પર ગહન ચર્ચા કરવામાં આવશે.વર્ષ ૨૦૨૧માં પણ આ જ પ્રકારનું ચિંતન શિબિર યોજાયું હતું.

જેમાં રાષ્ટ્રપતિ ભવનમાં અનેક સત્રો યોજાયા હતા અને તેમાં કાર્યદક્ષતા, સમય સંચાલન, શાસન સુધારણા તેમજ સાદગી પર ભાર મૂકવામાં આવ્યો હતો. તે સમયે પણ આ શિબિર કેબિનેટ ફેરબદલ બાદ જ યોજાયું હતું.

## અમેરિકામાં અગ્નિશામક હેલિકોપ્ટર ક્રેશ, બંને પાઈલટના મોત; પાણી નાખતા થયો અકસ્માત

### બંને પાઈલટ કોન્ટ્રાક્ટ એરક્રાફ્ટ કંપની પ્રિસિઝન માટે કામ કરતા હતા

વોશિંગ્ટન,

અમેરિકાના યોસેમાઈટ નેશનલ પાર્કમાં જંગલમાં અગ્નિશામક કામગીરી દરમિયાન એક અગ્નિશામક હેલિકોપ્ટર ક્રેશ થયું.

આ અકસ્માતમાં બંને પાઈલટના મોત થયા. અધિકારીઓના જણાવ્યા અનુસાર, રવિવારે બપોરે હેલિકોપ્ટર પાણી છોડવાની કામગીરીમાં રોકાયેલું હતું ત્યારે આ અકસ્માત થયો. પાઈલટ સિવાય હેલિકોપ્ટરમાં બીજું કોઈ સવાર નહોતું. બંને પાઈલટ કોન્ટ્રાક્ટ એરક્રાફ્ટ કંપની પ્રિસિઝન માટે કામ કરતા હતા.

અકસ્માતમાં માર્યા ગયેલા એક પાઈલટની ઓળખ ગ્રેગ કિંગ તરીકે થઈ છે. તે અગાઉ અલાસ્કા ડિવિઝન ઓફ ફોરેસ્ટ્રી એન્ડ ફાયર પ્રોટેક્શન સાથે કામ કરતો હતો અને અલાસ્કામાં અનેક વન અગ્નિશામક મિશનમાં ભાગ લીધો હતો. બાદમાં તે પ્રિસિઝનમાં જોડાયો. અલાસ્કા એજન્સીના પ્રવક્તા એમરી જોહ્નસને જણાવ્યું હતું કે કિંગના નજીકના સંબંધીઓ હજુ પણ એજન્સી માટે કામ કરે છે. પરિવાર તરફથી પરવાનગી મળ્યા પછી જ તેમનું નામ જાહેર કરવામાં આવ્યું છે. અન્ય પાઈલટની ઓળખ હાલમાં જાહેર કરવામાં આવી નથી.ફેડરલ કોમ્પ્લેક્સ ઈન્સિડેન્ટ મેનેજમેન્ટ ટીમના પ્રવક્તા બેન્જામિન કોસેલના જણાવ્યા અનુસાર, સુપર પુમા હેલિકોપ્ટર આગ ઓલવવા માટે પાણીની ડોલનો ઉપયોગ કરી રહ્યું હતું ત્યારે તે તળાવ નજીક ક્રેશ થયું. અકસ્માતની પરિસ્થિતિઓ અંગે તાત્કાલિક કોઈ વિગતો ઉપલબ્ધ નથી. ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશન અને નેશનલ ટ્રાન્સપોર્ટેશન સેફ્ટી બોર્ડ આ અકસ્માતની તપાસ કરશે. અધિકારીઓએ હજુ સુધી હેલિકોપ્ટર ક્રેશનું ચોક્કસ કારણ જાહેર કર્યું નથી.

# ટ્રમ્પની ફરી એકવાર ઈરાનને તબાહ કરવાની ધમકી

### અમેરિકા પાસે બે રસ્તા, ઈરાન સાથે સમજૂતી કરવી અથવા તેને ખતમ કરી નાખવુંઃ UNમાં પોતાના ભાષણમાં નિવેદન



ન્યૂયોર્ક,

ટ્રમ્પ ૨૨ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ ન્યૂયોર્ક સ્થિત UN મુખ્યાલયમાં ૮૧મી સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં ભાગ લેવા પહોંચ્યા. આ દરમિયાન તેમણે કહ્યું- સંયુક્ત રાષ્ટ્રમાં આવવું મારા માટે સન્માનની વાત છે. અમે આગળ વધી રહ્યા છીએ અને આપણો દેશ ખૂબ સારું કરી રહ્યો છે. તેમને પોતાના ભાષણમાં અનેક વાતો કહી જેમાં ઈરાનને તબાહ કરવાની ધમકી પણ આપી હતી

અમેરિકા-ઈરાન યુદ્ધ શરૂ થયા બાદથી ટ્રમ્પ છેલ્લા ૭ મહિનામાં ૧૦થી વધુ વખત ઈરાનને તબાહ કરવાની ધમકી આપી ચૂક્યા છે, પરંતુ દર વખતે તેમને પીછેહઠ કરીને વાતચીતનો માર્ગ અપનાવવો પડ્યો.સર્વે મુજબ, ઈરાન પર હુમલો કરવાને લઈને ૬૬% અમેરિકનો ટ્રમ્પથી નારાજ છે. માત્ર ૩૪% લોકો જ ટ્રમ્પના સમર્થનમાં છે. ૩ નવેમ્બરે અમેરિકામાં ચૂંટણીઓ યોજાવાની છે. ટ્રમ્પ ઈચ્છતા નથી કે તેમની પાર્ટીને નુકસાન થાય. આ જ કારણસર તેઓ ઈરાન યુદ્ધને હવે અંજામ સુધી પહોંચાડવા માંગે છે.

મધ્યસત્ર ચૂંટણી પહેલાં કેટલાક રિપબ્લિકન ઉમેદવારો હવે ઈરાન યુદ્ધને વહેલી તકે સમાપ્ત કરવાની વાત કરી રહ્યા છે. તેનું કારણ ઈંધણના વધતા ભાવ અને યુદ્ધને લઈને મતદારોમાં રહેલી નારાજગી છે. આવી સ્થિતિમાં ટ્રમ્પની કડક ચેતવણી તેમની પાર્ટીના નેતાઓ અને સમર્થકોને પણ એકજૂથ રાખવાનો સંદેશ હોઈ શકે છે.

ઈરાનના સમર્થનવાળા હૂતી લડવૈયાઓ સતત સાઉદી અરેબિયા પર મિસાઈલ અને ડ્રોન હુમલા કરી રહ્યા છે. હૂતી લાલ સમુદ્ર અને બાબ-અલ-મંદેબની આસપાસ પણ સક્રિય છે. એશિયા અને યુરોપ વચ્ચે તેલ અને માલસામાન પહોંચાડવા માટે આ માર્ગ અત્યંત મહત્ત્વપૂર્ણ છે. ઈરાન પર અમેરિકાનું દબાણ વધ્યું તો હૂતીના હુમલા પણ વધી શકે છે. તેના કારણે જહાજોને લાંબો માર્ગ લેવો પડશે અને ઓઈલ-સામાન મોંઘો થઈ શકે છે. ટ્રમ્પ નથી ઈચ્છતા કે હૂતી અરબ દેશો અને અમેરિકાના સહયોગીઓ પરના હુમલા વધારે.

#### ઈરાનને સંપૂર્ણ નષ્ટ કરવાની ધમકી બાદ બેઠક

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે તાજેતરમાં જ ઈરાનને કોઈ સમજૂતી ન થવા પર સંપૂર્ણ તબાહીની ધમકી આપી હતી, પરંતુ આ નિવેદનના થોડા જ કલાકો બાદ બંને દેશો વચ્ચે આ હાઈ-લેવલ બેઠક યોજાઈ હોવાના અહેવાલ સામે આવ્યા હતા. ટ્રમ્પે ખુદ મંગળવારે માહિતી આપી હતી કે આ બેઠક ખૂબ જ સકારાત્મક રહી હતી અને લગભગ ૩ કલાક સુધી ચાલી હતી. ઈરાની સરકારી મીડિયાના દાવા મુજબ, આ બેઠક અમેરિકી પ્રતિનિધિ સ્ટીવ વિટકૉફની વિનંતી પર યોજાઈ હતી. બેઠકમાં ઈરાન તરફથી નૌસૈનિક નાકાબંધી તરત જ હટાવવા, ફ્રિઝ કરેલા ઈરાની ફંડને તુરંત જારી કરવા અને તમામ મોરચે યુદ્ધ ખતમ કરવા જેવી કડક શરતો રાખવામાં આવી હતી.

# ગુજરાતમાં નેશનલ હાઈવે અને સિંચાઈ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ માટે હવે મંજૂરી માળખુ સુગમ બનશે

## ગુજરાત રાજ્યમાં નેશનલ હાઈવે, કેનાલ અને પાઈપલાઈન ક્રોસિંગ માટે મંજૂરીઓ આપવા માટે એક સરળીકૃત અને સમયબદ્ધ માળખું સ્થાપિત કરવા માટે એક સમજૂતી કરાર

અમદાવાદ,

આંતર-એજન્સી સમન્વયને મજબૂત કરવા અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસને ઝડપી બનાવવા માટે, નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI) અને સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ (SSNNL) એ સમગ્ર ગુજરાત રાજ્યમાં નેશનલ હાઈવે, કેનાલ અને પાઈપલાઈન ક્રોસિંગ માટે મંજૂરીઓ આપવા માટે એક સરળીકૃત અને સમયબદ્ધ માળખું સ્થાપિત કરવા માટે એક સમજૂતી કરાર (રૈં) પર હસ્તાક્ષર કર્યા. રૈંનો ઉદ્દેશ્ય આંતર-વિભાગીય સમન્વયને મજબૂત કરવાનો, ઝડપી મંજૂરીઓને સરળ બનાવવાનો અને નેશનલ હાઈવે તથા સિંચાઈ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સનું નિર્બાધ અમલીકરણ સુનિશ્ચિત કરવાનો છે. રૈં પર પ્રાદેશિક અધિકારી-ગાંધીનગર, NHAI અને મુખ્ય ઈજનેર (QC, Tech. & CPC), SSNNL દ્વારા ગાંધીનગર, ગુજરાત ખાતે SSNNL ના નિયામકો અને અન્ય અધિકારીઓની ઉપસ્થિતિમાં હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

આ રૈંની એક મુખ્ય વિશેષતા એ કરાર હેઠળ આવરી લેવાયેલા તમામ નેશનલ હાઈવે, કેનાલ અને પાઈપલાઈન ક્રોસિંગ માટે NHAI અને SSNNL દ્વારા વિવિધ ફી, શુલ્ક (charges) અને અન્ય લેવીસ (levies) ની પરસ્પર માફી છે. આ જોગવાઈ પ્રોજેક્ટ ખર્ચ ઘટાડવામાં, નિવારી શકાય તેવી વ્યવહારિક આડચણોને દૂર કરવામાં અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસની ગતિને ઝડપી બનાવવા માટે સરકારી ભંડોળના ઉપયોગને શ્રેષ્ઠ બનાવવામાં મદદ કરશે.

આ રૈં પ્રોજેક્ટ માહિતીનું વહેલું આદાન-પ્રદાન, પ્રમાણભૂત ઈજનેરી પદ્ધતિઓનો સ્વીકાર તેમજ ક્રોસિંગ સ્ટ્રક્ચર્સના નિર્માણ અને જાળવણી માટે સ્પષ્ટપણે વ્યાખ્યાયિત જવાબદારીઓ માટેનું એક માળખું પણ રજૂ કરે છે. આ પગલાં વધુ સારા પ્રોજેક્ટ આયોજનને સરળ બનાવશે અને ગુણવત્તા અને કામગીરીની ક્ષમતાના ઉચ્ચ ધોરણોનું પાલન સુનિશ્ચિત કરશે.

આ MoU NHAI અને SSNNL વચ્ચે વધુ ગાઢ સમન્વયને પ્રોત્સાહન આપીને ગુજરાતમાં સંકલિત ઈન્ફ્રાસ્ટ્રક્ચર આયોજનને પ્રોત્સાહિત કરવામાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન દર્શાવે છે. આ સહયોગી માળખું ગુજરાતમાં નેશનલ હાઈવે અને સિંચાઈ ઈન્ફ્રાસ્ટ્રક્ચર બંને પ્રોજેક્ટ્સના અમલીકરણને ઝડપી બનાવશે, જ્યારે કાર્યક્ષમતા, અમલીકરણની સમયમર્યાદામાં સુધારો કરશે અને પ્રોજેક્ટ અમલીકરણ સાથે સંકળાયેલા એકંદર નાણાકીય બોજને ઘટાડશે.

# વલસાડના પારડી સ્થિત ઉમરસાડી નજીક બોટ પલટી જતાં ૭ લોકો દરિયામાં ડૂબ્યા

વલસાડ,

વલસાડ જિલ્લાના પારડી તાલુકાના ઉમરસાડી કિનારે એક મોટો અકસ્માત સર્જાયો હતો, જેમાં બોટ અચાનક પલટી મારી જતાં ૭ લોકો ડૂબ્યા હતા. આ હૃદયકંપાવનારી ઘટનાના લાઈવ વિડીયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા છે.

આ દૂરઘટના સમયે કાંઠે ઉપસ્થિત સ્થાનિક માછીમારોએ અદભુત સાહસ અને સમયસૂચકતા દાખવી તાત્કાલિક પોતાની હોડીઓ લઈને દરિયામાં ઝંપલાવ્યું હતું. માછીમારોએ જીવના જોખમે દિલધડક રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરીને ૬ લોકોને સહીસલામત બહાર કાઢી લીધા હતા, જ્યારે ૧ માસૂમ બાળક પાણીના પ્રવાહમાં લાપતા બનતાં તેની શોધખોળ યુદ્ધના ધોરણે ચાલી રહી છે. સ્થાનિકો દ્વારા કરવામાં આવેલા આ રોમાંચક રેસ્ક્યુનો લાઈવ વીડિયો (ન્દ્રી ઈીજર્ષ્ઠી ફૈર્દ્વી) પણ સોશિયલ મીડિયા પર ભારે વાયરલ થઈ રહ્યો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, પારડીના ઉમરસાડી કાંઠે મુસાફરો ભરેલી એક બોટ દરિયાના પાણીમાંથી પસાર થઈ રહી હતી. અચાનક મોજાંના થપેડા કે ટેકનિકલ અસંતુલનના કારણે બોટ ઊંધી વળી ગઈ હતી. ક્ષણવારમાં બોટમાં સવાર તમામ ૭ મુસાફરો ઊંડા પાણીમાં પટકાઈને ડૂબવા લાગ્યા હતા અને બચાવો-બચાવોની કારમી ચિચિયારીઓથી દરિયાકાંઠો ગુંજી ઉઠ્યો હતો. કાંઠે હાજર રહેલા સ્થાનિક માછીમારોની નજર પલટી ગયેલી બોટ અને ડૂબતા લોકો પર પડતાં જ તેઓ ક્ષણનોય વિલંબ કર્યા વગર પોતાની નાની હોડીઓ લઈને દરિયામાં ધસી ગયા હતા. માછીમારોએ ભારે મોજાં વચ્ચે પાણીમાં કૂદીને એક પછી એક એમ ૬ મુસાફરોને પકડીને હોડીમાં ખેંચી લીધા હતા અને હેમખેમ કાંઠે પહોંચાડ્યા હતા. માછીમારોની ત્વરિત કામગીરીને કારણે ૬ લોકોનો જીવ બચી ગયો હતો. આ સમગ્ર રેસ્ક્યુની ક્ષણો કેમેરામાં કેદ થઈ ગઈ હતી અને લોકો માછીમારોના સાહસને સલામ કરી રહ્યા છે.હ્વપણ કમનસીબે, પાણીના તેજ પ્રવાહમાં તણાઈ જવાથી ૧ માસૂમ બાળક હજુ સુધી લાપતા છે.

# NFSU ખાતે "ઈમર્જિંગ સિન્થેટિક ડ્રગ એનાલિસિસ" પર ક્ષમતા-નિર્માણ કાર્યક્રમ

ગાંધીનગર,

નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી (NFS), ગાંધીનગર ખાતે દેશભરના ફોરેન્સિક વૈજ્ઞાનિકો માટે "ઈમર્જિંગ સિન્થેટિક ડ્રગ એનાલિસિસ" પર પાંચ દિવસીય ક્ષમતા-નિર્માણ કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ કાર્યક્રમ તા.૨૧થી ૨૫ સપ્ટેમ્બર, ૨૦૨૬ દરમિયાન યોજાઈ રહ્યો છે, જેનો મુખ્ય ઉદ્દેશ્ય સિન્થેટિક ડ્રગ્સ (માદક દ્રવ્યો)ના વધતા જતા અને બદલાતા જતા પડકારોનો સામનો કરવા માટે વૈજ્ઞાનિક ક્ષમતાઓને વધુ મજબૂત કરવાનો છે. પ્રથમ દિવસે NFSUના કુલપતિ, 'પદ્મશ્રી'થી સન્માનિત, ડૉ. જે.એમ. વ્યાસ દ્વારા અધ્યક્ષીય પ્રવચન કરાયું હતું.

આ કાર્યક્રમનું આયોજન ભારત સરકારના 'નશામુક્ત ભારત'ના સંકલ્પને સાકાર કરવા માટે માનનીય કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહ દ્વારા તૈયાર કરવામાં આવેલા રોડમેપને આગળ વધારવાના ભાગરૂપે કરાયું છે.

આ વ્યાપક પહેલના ભાગરૂપે, NFSU સપ્ટેમ્બર-૨૦૨૬ થી માર્ચ-૨૦૨૭ સુધી છ વિશેષ ક્ષમતા-નિર્માણ કાર્યક્રમોની શ્રેણીનું આયોજન કરી રહ્યું છે. જેમાં, નાર્કોટિક અને સાયકોટ્રોપિક પદાર્થોના ફોરેન્સિક પરીક્ષણ અને વિશ્લેષણને લગતા સમકાલીન ક્ષેત્રોને આવરી લેવામાં આવ્યા છે. આ કાર્યક્રમો માટે દેશના વિવિધ ભાગોમાંથી રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશોના ફોરેન્સિક સાયન્સ સંસ્થાઓના ડાયરેક્ટર જનરલ અને અન્ય સક્ષમ અધિકારીઓ દ્વારા પ્રતિનિધિઓને નિયુક્ત કરાયા છે.

# પનામામા યોજાયેલી ICA ની ચૂંટણીમાં ઈફકોના અધ્યક્ષ દિલીપભાઈ સંઘાણી ICA ગ્લોબલ બોર્ડમાં ડિરેક્ટર તરીકે ચૂંટાયા

અમદાવાદ,

આંતરરાષ્ટ્રીય સહકારી આંદોલન ક્ષેત્રે એક મહત્વપૂર્ણ સિદ્ધિ રૂપે ઈફકો ના અધ્યક્ષ શ્રી દિલીપભાઈ સંઘાણીની ઈન્ટરનેશનલ કો ઓપરેટિવ એલાયન્સ ના ગ્લોબલ બોર્ડ ઓફ ડિરેક્ટર્સ માં ડિરેક્ટર તરીકે પસંદગી થઈ છે. શ્રી દિલીપભાઈ સંઘાણીને વિજેતા જાહેર કરવામાં આવતા પનામાં ઉપસ્થિત ભારતીય સહકારી પ્રતિનિધિ મંડળના સભ્યોમાં ઉમંગ અને લાગણી છવાઈ ગઈ. તમામ સભ્યોએ ભારત માતાકી જય અને વંદે માતરમ ના નારાઓથી સમગ્ર સભાખંડને ગુંજાવી દીધો. પનામાં સિટીમાં યોજાયેલી ica ની મહાસભામાં દિલીપભાઈ ની




જીતને આંતરરાષ્ટ્રીય સહકારી ક્ષેત્રે ખૂબ મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. આ સિદ્ધિ આંતરરાષ્ટ્રીય સહકારી ક્ષેત્રે ભારતના વધતા પ્રભાવ અને નેતૃત્વ ને વધુ મજબૂત બનાવે છે.

દિલીપભાઈ સંઘાણી છેલ્લા અનેક દાયકાઓ થી સહકારી ક્ષેત્ર સાથે જોડાયેલા છે. ખેડૂતો, ગ્રામ્ય અર્થવ્યવસ્થા અને સહકારી ક્ષેત્ર અને વિકાસ માટે સતત કાર્ય કરતા આવ્યા છે. હાલમાં દિલીપભાઈ iffco અને ગુજકોમાસોલ ના અધ્યક્ષ તરીકે જવાબદારી નિભાવે છે. તેઓ અનેક સહકારી સંસ્થામાં મહત્વપૂર્ણ જવાબદારી નિભાવી ચૂક્યા છે. દિલીપભાઈ નું ષ્ઠટ્ઠ ના ગ્લોબલ બોર્ડ ઓફ ડિરેક્ટર્સ માં ડિરેક્ટર તરીકે ચુંટાવવું તે ભારત માટે ગૌરવ, સન્માન અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ભારતના વધતા પ્રભાવ નું મહત્વપૂર્ણ પ્રતિક માનવામાં આવી રહ્યું છે.

# કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે સરદાર પટેલને હૃદયાંજલિ અર્પણ કરી

એકતાનગર,

સરદાર વલ્લભભાઈ પટેલના સાનિધ્યમાં આયોજિત રાષ્ટ્રીય ફિલ્મ પુરષ્કારમાં ભાગ લેવા એકતા નગર પહોંચેલા કેન્દ્રીય માહિતી અને પ્રસારણ અને રેલવે મંત્રીએ વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લીધી હતી.

મુલાકાત દરમિયાન શ્રી વૈષ્ણવે લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. ત્યારબાદ તેમણે સ્ટેચ્યુ ઓફ યુનિટીની વ્યૂઈંગ ગેલેરીની મુલાકાત લઈ ત્યાંથી નર્મદા નદી, સાતપુડા અને વિંધ્યાચલની ગિરિમાળાઓ તેમજ સરદાર સરોવર નર્મદા ડેમના મનોરમ્ય દ્રશ્યો નિહાળ્યા હતા. આ દરમિયાન તેમણે સ્ટેચ્યુ ઓફ યુનિટી તથા એકતા નગરના વિવિધ પ્રવાસન સ્થળોના વ્યવસ્થાપન અને સુવિધાઓ અંગે પણ માહિતી મેળવી હતી.

સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત અંગે નોંધપોથીમાં પોતાના પ્રતિભાવમાં શ્રી વૈષ્ણવે જણાવ્યું હતું કે, આજે ભારતનું જે રાજનીતિક સ્વરૂપ છે, તે સરદાર સાહેબના પ્રયાસોના કારણે છે, લોખંડી પુરુષ ના અથાક પરિશ્રમ, દૂરંદેશી વિચાર અને નિર્ણાયક નિતીઓથી ૧૯૪૭માં તમામ અંતરાયોને પાર થયા, હજારો વર્ષોની આપણી સભ્યતામાં જે વિકાર આવ્યો હતો તેને દૂર કરીને એક નવું સમૃદ્ધ ભારત, સશકત ભારત બનાવવાનું સ્વપ્ન સરદાર સાહેબે આપણને આપ્યું. આજની પેઢીનું દાયિત્વ છે કે આપણે ભારતને વિકસિત ભારત બનાવીયે, આ જવાબદારીની શિખ સાથે સરદાર સાહેબને શત શત વંદન.

# અરવલ્લીમાં પોષડોડા ભરેલી સ્કોર્પિયો પર પોલીસનું ફાયરિંગ : બે આરોપી ફરાર

## કારમાં સવાર શખ્સોએ પોલીસ સામે પિસ્તોલ તાકવાનો પ્રયાસ કર્યો હોવાનો પોલીસનો આક્ષેપ

અરવલ્લી,

અરવલ્લી જિલ્લામાં પોષડોડાના જથ્થા સાથે પસાર થતી હોવાની શંકા ધરાવતી સ્કોર્પિયો કારને રોકવાનો પ્રયાસ કરતી વખતે પોલીસ અને કારમાં સવાર શખ્સો વચ્ચે ઘર્ષણ થયું હોવાની ઘટના સામે આવી છે. ધનસુરાના શીણોલ નજીક બનેલી આ ઘટનામાં એસઓજીની ટીમે સ્કોર્પિયો કાર પર ફાયરિંગ કર્યું હોવાની માહિતી સામે આવી છે.

પ્રાથમિક માહિતી મુજબ, સ્કોર્પિયો કારમાં પોષડોડાનો જથ્થો હોવાની બાતમીના આધારે પોલીસની ટીમે કાર્યવાહી કરી હતી. કારને અટકાવવાનો પ્રયાસ કરવામાં આવતા કારમાં સવાર શખ્સોએ પોલીસ સામે પિસ્તોલ તાકવાનો પ્રયાસ કર્યો હોવાનો પોલીસનો આક્ષેપ છે. ત્યારબાદ પોલીસે વળતા જવાબમાં બે રાઉન્ડ ફાયરિંગ

મળતી માહિતી પ્રમાણે, ધનસુરા તાલુકાના શીણોલ વિસ્તારમાં પોલીસની એસઓજી ટીમ કાર્યવાહી માટે પહોંચી હતી. આ દરમિયાન શંકાસ્પદ સ્કોર્પિયો કારને રોકવામાં આવી હતી. પોલીસના જણાવ્યા મુજબ, કારમાં રહેલા શખ્સોએ હથિયાર બહાર કાઢવાનો પ્રયાસ કર્યો હતો. પોલીસ પર જીવલેણ હુમલો કરવાની કોશિશ થઈ હોવાના આક્ષેપ વચ્ચે એસઓજીના જવાનોએ બચાવમાં ફાયરિંગ કર્યું હતું. આ ઘટનાને પગલે વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. પોલીસની પ્રાથમિક માહિતી મુજબ, આરોપીઓ તરફથી હથિયારનો ઉપયોગ કરવાનો પ્રયાસ થતાં પોલીસે સ્વબચાવમાં બે રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. ફાયરિંગ દરમિયાન આરોપીઓએ સ્થળ પરથી ભાગવાનો પ્રયાસ કર્યો હતો. આ દરમિયાન બે શખ્સો પોલીસને ચકમો આપીને ફરાર થઈ ગયા હોવાનું સામે આવ્યું છે. હાલ પોલીસ દ્વારા ફરાર આરોપીઓની શોધખોળ શરૂ કરવામાં આવી છે.

સમગ્ર કાર્યવાહી દરમિયાન જે સ્કોર્પિયો કારને રોકવામાં આવી હતી તેમાં પોષડોડાનો જથ્થો હોવાની માહિતી સામે આવી છે. પોલીસે કાર અને તેમાં રહેલા મુદ્દામાલ અંગે વધુ તપાસ હાથ ધરી છે. પોષડોડાનો જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો અને તેને ક્યાં પહોંચાડવાનો હતો તે સહિતના સવાલોના જવાબ પોલીસ તપાસ બાદ સામે આવી શકે છે.

# ગણેશ વિસર્જન દરમિયાન નાચતી વખતે પગનો અંગૂઠો દબાતાં મિત્રએ જ કરી મિત્રની ગળું દબાવી હત્યા

તાપી,

તાપી જિલ્લામાં ગણેશ વિસર્જનની ભક્તિમય અને ઉત્સાહભરી માહોલ વચ્ચે એક હિંસક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે...કુકરમુંડા તાલુકાના મોદલા ગામે બાપ્પાની વિસર્જન યાત્રા ચાલી રહી હતી.,,ડીજેના તાલે યુવકો ઝૂમી રહ્યા હતા, ભક્તિનો માહોલ હતો...પરંતુ આ જ ઉત્સાહ પળવારમાં માતમમાં ફેરવાઈ ગયો. ડાન્સ કરતી વખતે રાજપુર ગામના શંકર વળવીનો પગ આરોપી વિશાલ પાડવીના અંગૂઠા પર આવી ગયો. પગનો અંગૂઠો દબાઈ જવાની નજીવી બાબતમાં બંને યુવકો વચ્ચે ઉગ્ર બોલાચાલી શરૂ થઈ ગઈ...સંગીતના ઘોંઘાટ વચ્ચે ગુસ્સો સાતમા આસમાને પહોંચ્યો અને આરોપી વિશાલ પાડવી હિંસક બન્યો...વિશાલે જાહેરમાં જ શંકર વળવીનું ગળું દબાવી દીધું અને તેને બેરહેમીથી માર માર્યો...ગંભીર ઈજાઓ થવાના કારણે શંકર વળવીએ ઘટનાસ્થળે જ દમ તોડી દીધો અને વિસર્જન યાત્રામાં અફરાતફરી મચી ગઈ હતી.

હત્યાની ઘટનાને અંજામ આપીને હત્યારો વિશાલ પાડવી નાસી છૂટ્યો હતો.પરંતુ કુકરમુંડા પોલીસ તાત્કાલિક એક્શનમાં આવી અને ટીમ બનાવી શોધખોળ શરૂ કરી...આખરે લોકેશન ટ્રેસ કરીને પોલીસે ગુજરાત અને મહારાષ્ટ્રની સરહદ પર આવેલા મૌવલીપાડા ગામેથી હત્યારા વિશાલ પાડવીને કોર્ડન કરીને દબોચી લીધો છે..પોલીસે હાલ હત્યાનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે, તો બીજી તરફ ગણેશ વિસર્જનને ધ્યાનમાં રાખીને જિલ્લામાં પોલીસ બંદોબસ્ત પણ સખત કરી દેવામાં આવ્યો છે.

# અમદાવાદમાં ઈન્સ્ટાગ્રામ પર પ્રેમજાળ પાથરી પરિણીતા સાથે રૂ. ૧૧.૬૯ લાખની છેતરપિંડી

## સસ્તામાં મકાન અપાવવાના નામે શખ્સે રૂપિયા પડાવી લીધા

અમદાવાદ,

અમદાવાદના સરદારનગર વિસ્તારમાં સોશિયલ મીડિયા ઈન્સ્ટાગ્રામના માધ્યમથી પરિચય કેળવીને પ્રેમસંબંધ બાંધ્યા બાદ સસ્તામાં મકાન અપાવવાના નામે ૧૧.૬૯ લાખ રૂપિયા પડાવી લીધા હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. રાજકોટના યુવક સામે સરદારનગર પોલીસ સ્ટેશનમાં સત્તાવાર ફરિયાદ નોંધાવવામાં આવી છે. સરદારનગર કોતરપુર વોટર વર્ક્સ પાસે બાજપાઈનગરમાં રહેતી અને સિલાઈ કામ કરતી ૪૨ વર્ષીય મહિલા ઓક્ટોબર ૨૦૨૩માં ઈન્સ્ટાગ્રામના માધ્યમથી રાજકોટના વિંછિયા તાલુકાના સનાળી ગામના વનરાજસિંહ ગંભીરભાઈ સોલંકીના સંપર્કમાં આવી હતી. બંને વચ્ચે વાતચીત વધતા પ્રેમસંબંધ બંધાયો હતો. વર્ષ ૨૦૨૪માં નવરાત્રી દરમિયાન યુવક મહિલાને જૂનાગઢ, મોગલધામ, સતાધાર અને વીરપુર ફરવા લઈ ગયો હતો, જ્યાં તેણે મકાનના ફોર્મ બહાર પડવાના હોવાનું જણાવી સેટિંગમાં સસ્તામાં મકાન અપાવવાની લાલચ આપી હતી. આરોપી



વનરાજસિંહે મકાનના નામે અવારનવાર નાણાંની માંગણી કરતાં મહિલાએ પોતાના પરિચિતો તથા પુત્ર નિખિલના બેંક ખાતામાંથી ટુકડે-ટુકડે કુલ ૨.૦૩ લાખ રૂપિયા ઓનલાઈન ટ્રાન્સફર કર્યા હતા. બાદમાં વધુ રકમની જરૂર હોવાથી મહિલાએ પોતાના સોનાના દાગીના વેચી દીધા અને અન્ય લોકો પાસેથી નાણાં મેળવીને કુલ ૧૧.૬૯ લાખ રૂપિયા આપ્યા હતા.

આરોપીએ નાના ચિલોડા વેદ બંગ્લોઝમાં મકાન નોંધાવ્યાનું કહીને ૩૦૦ રૂપિયાના સ્ટેમ્પ પેપર પર લખાણ આપ્યું હતું અને બાદમાં નામ સુધારવાના બહાને તે સ્ટેમ્પ પાછો પણ મેળવી લીધો હતો.

# રાજ્યભરમાં ૧૮ હજાર વાહનચાલકો સામે કેસ દાખલ કરી રૂા. ૫૮ લાખથી વધુનો દંડ ફટકારવામાં આવ્યો

## નંબર પ્લેટ વગરના, ચેડાં કરેલી અથવા અયોગ્ય નંબર પ્લેટવાળા વાહનો સામે એક વિશેષ રાજ્યવ્યાપી ઝુંબેશ

અમદાવાદ,

રાજ્યમાં ટ્રાફિક નિયમોનો ભંગ કરતા લોકો સામે પોલીસે કડક કાર્યવાહી હાથ ધરી છે. રાજ્યમાં માર્ગ સલામતી સુનિશ્ચિત કરવા અને ટ્રાફિક નિયમોનું કડક પાલન કરાવવાના ઉદ્દેશ્ય સાથે રાજ્યના પોલીસ વડા જ્ઞાનેન્દ્રસિંહ મલિકના માર્ગદર્શન હેઠળ તા. ૧લી સપ્ટેમ્બરથી તા. ૧૪ ઓક્ટોબર ૨૦૨૬ સુધી નંબર પ્લેટ વગરના, ચેડાં કરેલી અથવા અયોગ્ય નંબર પ્લેટવાળા વાહનો સામે એક વિશેષ રાજ્યવ્યાપી ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આ વિશેષ ટ્રાફિક ડ્રાઈવ હેઠળ તા. ૧ થી ૨૦ સપ્ટેમ્બર



દરમિયાન રાજ્યભરમાં કુલ ૧૮,૦૧૪ કેસ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત, વાહનોની નંબર પ્લેટ સાથે ચેડાં કરવાના કિસ્સાઓમાં કુલ ૪,૧૮૭ વાહનો ડિટેઈન કરવામાં આવ્યા છે. ટ્રાફિક નિયમોના ભંગ બદલ આ સઘન ઝુંબેશ દરમિયાન કુલ રૂ. ૫૮.૫૬ લાખ જેટલો દંડ વસુલવામાં આવ્યો છે.

આ ઝુંબેશ અંતર્ગત વાહન વ્યવહાર સુરક્ષિત બનાવવા અને નિયમ વિરુદ્ધ વાહનો ચલાવતા તત્વો પર કાનૂની કાર્યવાહી કરવા માટે પોલીસ તંત્ર દ્વારા સઘન કામગીરી કરવામાં આવી રહી છે.

આ ઝુંબેશ અંતર્ગત સુરત શહેરમાં ૧,૭૮૬, વડોદરા શહેરમાં ૧,૯૫૯ અને બનાસકાંઠામાં ૧,૩૬૩ કેસ કરવામાં આવ્યા છે. રાજ્યના પોલીસ વડાશ્રીની કડક સૂચના બાદ તમામ જિલ્લાઓ અને શહેરોમાં ટ્રાફિક પોલીસ દ્વારા સતત ચેકિંગ હાથ ધરવામાં આવી રહ્યું છે.

# રાજ્યમાં અંદાજે ૨૧.૬૮ લાખથી વધુ વીમાધારક અને ૮૪ લાખ લાભાર્થીઓને ESIC હેઠળ આવરી લેવાયા

## ગાંધીનગર ખાતે શ્રમ-રોજગાર મંત્રી કુંવરજી બાવળીયાના અધ્યક્ષસ્થાને કર્મચારી રાજ્ય વીમા નિગમની ૯૪મી પ્રાદેશિક બોર્ડ બેઠક યોજાઈ

ગાંધીનગર,

ગાંધીનગર સચિવાલય ખાતે શ્રમ-રોજગાર મંત્રી અને ESIC પ્રાદેશિક બોર્ડના ચેરમેન શ્રી કુંવરજીભાઈ બાવળીયાના અધ્યક્ષસ્થાને 'કર્મચારી રાજ્ય વીમા નિગમ' (ESIC)ની ૯૪મી પ્રાદેશિક બોર્ડ બેઠક યોજાઈ હતી. આ પ્રસંગે રાજ્ય મંત્રી શ્રી કાંતિલાલ અમૃતિયા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

શ્રમ-રોજગાર મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયાએ જણાવ્યું હતું કે, તા. ૩૧ માર્ચ, ૨૦૨૬ની સ્થિતિએ રાજ્યમાં ESIC યોજના હેઠળ આશરે ૨૧.૬૮ લાખથી વધુ વીમાધારકો તથા અંદાજે ૮૪ લાખ લાભાર્થીઓને આવરી લેવામાં આવ્યા છે. રાજ્યમાં ઔદ્યોગિક વિકાસની સાથે રોજગારીની તકોમાં સતત વધારો થઈ રહ્યો છે. જેને ધ્યાને લઈ આગામી ટૂંક સમયમાં ગુજરાતના વધુ ૮ લાખ જેટલા કામદારોને ESICના સામાજિક સુરક્ષા કવચ હેઠળ આવરી લેવામાં આવશે.

મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, શ્રમિકો અને તેમના પરિવારજનોને ઝડપી, ગુણવત્તાયુક્ત અને કેશલેસ સારવાર મળી રહે તે હેતુથી છેલ્લા બે મહિનામાં રાજ્યની ૬૮થી વધુ ખાનગી હોસ્પિટલોને ESICના પેનલમાં સામેલ કરવામાં આવી છે. જેના પરિણામે લાભાર્થીઓને આરોગ્ય સેવાઓ વધુ સરળતાથી અને અસરકારક રીતે ઉપલબ્ધ બનશે. રાજ્યના શ્રમિકો અને તેમના પરિવારોને વધુ સુદ્રઢ આરોગ્ય સેવાઓ, સામાજિક સુરક્ષા અને કલ્યાણકારી યોજનાઓનો લાભ મળી રહે તે માટે સરકાર દ્વારા સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

તેમણે ઉમેર્યું હતું કે, બોર્ડ દ્વારા દર ત્રણ મહિને બેઠક યોજીને શ્રમિક કલ્યાણ, આરોગ્ય સેવાઓ અને સામાજિક સુરક્ષાને લગતી વિવિધ બાબતોની સમીક્ષા કરવામાં આવશે. તદુપરાંત, બેઠકો વચ્ચે શ્રમિકો તરફથી રજૂ થતી માંગણીઓ અને પ્રશ્નોના પણ સમયબદ્ધ અને ત્વરિત નિરાકરણ માટે જરૂરી કાર્યવાહી કરવામાં આવશે.

# પત્ની તથા પુત્રને માસીક રૂ. ૨૦,૦૦૦ ભરણપોષણ ચુકવવા પતિને આદેશ કરતી રાજકોટ ફેમીલી કોર્ટ



રાજકોટ: જામનગર રહેતા પતિ વિરુદ્ધ રાજકોટ રહેતા પત્નીએ પોતાના તથા સગીર પુત્રના ભરણપોષણ માટે રાજકોટ ફેમીલી કોર્ટમાં અરજી કરતા, પતિએ પત્ની તથા પુત્રને ભરણપોષણના દર મહીને રૂ. ૨૦,૦૦૦/- ચુકવવાનો આખરી હુકમ ફરમાવવામાં આવેલ છે.

આ કેસની હકીકત એવી છે કે, મૂળ રાજકોટના રહેવાસી પત્નીના સને ૨૦૦૨ માં જામનગર મુકામે રહેતા પતિ સાથે લગ્ન થયેલ અને દંપતી વચ્ચે તકરારો થતાં પત્નીએ પોતાનું તથા સગીર પુત્રનું ભરણપોષણ મેળવવા નામદાર ફેમીલી કોર્ટ, રાજકોટમાં અરજી કરેલ અને સદરહુ અરજીમાં સહલગ્નજીવન દરમિયાન પતિ દ્વારા આપવામાં આવેલ અસહ્ય દુ:ખ ત્રાસ સહિતની તમામ હકીકતો જણાવેલ જે અંતર્ગત ફેમીલી કોર્ટ દ્વારા પતિને નોટીસ કરતા પતિ નામદાર ફેમીલી કોર્ટ સમક્ષ હાજર થયેલ અને ત્યારબાદ નામદાર કોર્ટમાં કેસ ચાલી જતાં પત્નીના એડવોકેટશ્રી દ્વારા પતિની ઉલટ તપાસ દરમિયાન પતિ દ્વારા આપવામાં આવેલ દુઃખ ત્રાસ તથા તેમની આવક અંગેની સત્ય હકીકતો ઉજાગર કરેલ અને સમગ્ર કેસ ચાલી જતાં, રજુ થયેલ રેકર્ડ પરના દસ્તાવેજી પુરાવાઓ તથા બન્ને પક્ષકારોના એડવોકેટશ્રીએ કરેલ લેખીત, મૌખિક દલીલો તેમજ પત્ની તરફે રજુ થયેલ નામદાર ઉચ્ચ અદાલતના ચુકાદાઓને ધ્યાને લઈ નામદાર ફેમીલી કોર્ટ, રાજકોટએ અરજદાર પત્નીને માસીક રૂ. ૧૧,૦૦૦/- તથા સગીર પુત્ર પુખ્ત વયનો થાય ત્યાં સુધી પુત્રને માસીક રૂ. ૯,૦૦૦/- એમ મળી અરજી તારીખથી કુલ ભરણપોષણ રૂ. ૨૦,૦૦૦/- પતિએ દર મહીને ચડ્યે ચડ્યા ચૂકવી આપવાનો પતિને આદેશ ફરમાવેલ છે.

# ફૂડ શાખા દ્વારા ચેકીંગ:હોસ્ટેલ, કોલેજ, ઈન્સ્ટીટયુટના રસોડા ગંદા - ગોબરા : ૬૫ કિલો અખાદ્ય ફુડનો નાશ

## લેઉવા પટેલ ગર્લ્સ હોસ્ટેલ, ફિનોલ, વિવાન્તા, ગોવાણી કનયા છાત્રાલય, મહિલા કોલેજ, ગરાસીયા બોર્ડિંગ, કુમાર છાત્રાલયોમાં ફુડ વિભાગના દરોડા : દંડ અને નોટીસની કાર્યવાહી



રાજકોટ:મ્યુનિ. કોર્પોરેશનની આરોગ્ય અને ફૂડ શાખા દ્વારા શહેરના જુદા જુદા વિસ્તારમાં આવેલી હોસ્ટેલ, ઈન્સ્ટીટયુટ સહિતના સ્થળોએ આરોગ્યલક્ષી ચેકીંગ ચાલુ રાખવામાં આવ્યુંછે. ખાદ્ય પદાર્થોમાં થતી ભેળસેળ અને ગંદકી સામે કડક કાર્યવાહી અર્થે સર્વેલન્સ ચેકિંગ દરમિયાન ૫૩ પેઢી, રેસ્ટોરન્ટમાં તપાસ કરી ૬૫ કિલો અખાદ્ય, વાસી જથ્થાનો નાશ કરી ૧૮ સ્થળે સ્ટોરેજ, લાઈસન્સ, હાઈજેનિક કન્ડિશન બાબતે નોટિસ આપી કૂલ રૂ.૧૭,૦૦૦નો વહીવટી ચાર્જ વસૂલવામાં આવ્યો હતો.ફૂડ વિભાગે જાહેર કરેલી માહિતી મુજબ આત્મીય કોલેજ પાસે રામપાર્કમાં આવેલ લેઉવા પટેલ ગર્લ્સ હોસ્ટેલમાંથી ૨૦ કિલો પડતર અખાદ્ય ઘઉં મળતા લાયસન્સ તથા સ્ટોરેજ બાબતે નોટીસ આપી રૂ.એક હજારનો દંડ લેવાયો હતો.

ક્રિસ્ટલ મોલ બાજુમાં જયોતિનગર મેઈન રોડ પર આવેલ ફિનોલ ઈન્સ્ટીટયુટમાંથી ૨૦ કિલો એકસપાયર થઇ ગયેલા પોપકોર્નના પેકેટ મળતા નોટીસ અને રૂ.એક હજારનો દંડ, રામપાર્કમાં વિવાન્તા ગર્લ્સ હોસ્ટેલમાંથી પાંચ કિલો સડેલા બટેટાનો નાશ કરી રૂ. એક હજારનો દંડ, સત્યસાંઇ મેઈન રોડ પર કૃષ્ણમ પીજી હોસ્ટેલને રૂ. એક હજારનો દંડ, આત્મીય કોલેજ સામે શિવમ હોસ્ટેલ, નાના મવા રોડ પર માધવ બોયઝ હોસ્ટેલ, પંચવટી અતિથિ ચોક પાસે ફોર્ચ્યુન ગર્લ્સ હોસ્ટેલ, પ્રાઇમ હોસ્પિટલ બાજુમાં અમૃત કનયા છાત્રાલય, બેડી ચોકડી પાસે આરસીપી હોસ્ટેલ, કાલાવડ રોડ સર્વોદય સોસાયટીની જય રેસીડેન્સી બોયસ હોસ્ટેલ, રજપુતપરા ૫-૬માં આવેલ હરભમજીરાજ ગરાસીયા બોર્ડિંગને નોટીસ આપી રૂ.૫૦૦થી ૧૦૦૦નો દંડ કરાયો હતો.

કાલાવડ રોડ મહિલા કોલેજની કેન્ટીન પ્રેમ કેટરર્સમાંથી ૨૦ કિલો વાસી અખાદ્ય ચીઝનો નાશ કરી રૂ. ૩૦૦૦નો દંડ લેવાયો હતો. કાલાવડ રોડ લીબુડીવાડી મેઈન રોડ પર આવેલ શ્રી પટેલ સૌરાષ્ટ્ર સમાજ સંચાલિત ફિલ્ડમાર્શલ એન્ડ ગોવાણી કનયા છાત્રાલયને પણ રૂ.૧૦૦૦નો દંડ લાયસન્સ બાબતે કરાયો હતો.

આ સિવાય બેડી ચોકડી પાસે રાઇકા એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટની હોસ્ટેલ, ગોંડલ રોડના સ્વીગી ઈન્સ્ટા માર્ટ, યુનિ. રોડ પારિજાત સોસાયટીમાં શ્રીજી બોયઝ હોસ્ટેલ, અતિથિ ચોક પાસે સુર્યનગર-૨માં સોરઠીયા પ્રજાપતિ જ્ઞાતિમંડળ કુમાર છાત્રાલય તથા ત્રિકોણબાગ રજપુતપરા નજીક વનીતા વિશ્રામ છાત્રાલય, મવડી ઓમનગરમાં ઓમ બોયસ હોસ્ટેલ એન્ડ પીજીમાં ચેકીંગ કરી નોટીસ અને સૂચનાની કાર્યવાહી હાઈજેનિક કંડીશન માટે કરવામાં આવી હતી.

ચેકીંગ:આ સિવાય વિભાગ દ્વારા યુનિ. રોડના કુમાર હાઉસ, સોરઠીયાવાડી પાસે પટેલ ગ્રુપ વસ્તુ ભંડાર, અશોક વિજય ડેરી, જલારામ ખમણ, અતુલ આઇસ્ક્રીમ, સપના સોડા, સ્વાદ અમૃતમ ચાય, નવીન એન્ટરપ્રાઇઝ, સદગુરૂ કોલ્ડ્રીંકસ, રંગોલી આઇસ્ક્રીમ, ઝેપોલી બેકર્સ, શિવશકિત ફાસ્ટ ફૂડ, નિર્મલા રોડ પર આવેલ ગનીભાઈ મદ્રાસ કાફે, તિરૂપતિ મદ્રાસ કાફે, શ્રી હરિ નમકીન, રાજભા સોડા, વિનોદ બેકરી, રઘુવંશી ફાસ્ટ ફૂડ, કેશ એન્ડ કેવ, સોનાલી પાઉંભાજી, નસીબ દાળ પકવાન, શ્રી ગણેશ નમકીન, જે.કે.ફૂડ, શિવાજી આઇસ્ક્રીમ, પટેલ મેડીકલ, રામેશ્વર બેકર્સ, આર.બી.ફાસ્ટ ફૂડ, કિશન પ્રોવિઝન, જય ભવાની સીંગ, દિપક ખમણ, ગોકુલ ડેરી અને શ્રી રામ ગાંઠીયામાં ચકાસણી કરવામાં આવી હતી.

શહેરના ગ્રીનલેન્ડ ચોકડી પાસે આવેલા મેકડોનાલ્ડ રેસ્ટોરન્ટમાં ઉંદરોના આંટાફેરાનો વિડીયો વાયરલ થતા જ મહાપાલિકાની ફૂડ વિભાગની ટીમ સ્થળ પર દોડી હતી અને નમુના લઈ દંડ ફટકાર્યો છે. કુવાડવા રોડ ગ્રીનલેન્ડ ચોક પાસે આવેલ ગ્રીનલેન્ડ ગ્લોરી નામના બિલ્ડીગમાં ગ્રાઉન્ડ ફલોર પર હાર્ડ કેસ્ટલ રેસ્ટોરન્ટ પ્રા.લી. (મેક ડોનાલ્ડસ) આવેલ છે. અહી ટેબલ પર અને ઉંદરોના આંટાફેરા થતા હોવાનો વિડીયો વાયરલ થયો હતો અને આરોગ્ય વિભાગ સુધી પહોંચ્યો હતો.

આથી આવી ગંભીર બેદરકારી બદલ ફૂડ વિભાગની ટીમ તપાસમાં પહોંચી હતી અને રૂ. ત્રણ હજારનો વહીવટી ચાર્જ વસુલ્યો હતો. આ સિવાય કીચનમાંથી એક લીટરના પાઉચમાંથી જસ્ટ મિલ્ક ટોન્ડ મિલ્ક તથા એક લીટર પાઉચમાંથી ડોહ્લ્ર સ્ટ્રોબરી ફ્રુટ ક્રશનો નમુનો લીધો હતો. આ સિવાય કાલાવડ રોડ, ક્રિસ્ટલ મોલમાં આવેલ રેસ્ટોરન્ટ બ્રાન્ડસ એશીયા લીમીટેડ (બર્ગર કિંગ)માંથી પણ યુઝ્ડ ફ્રાઇંગ પામોલીન ઓઇલનો નમુનો લઇ નોટીસ આપવામાં આવી હતી.

# મહાત્મા ગાંધી હોસ્ટેલના વિદ્યાર્થીઓની ભૂખ હડતાલનો ૨૪ કલાક બાદ અંત

## આશાપુરા કેટરર્સનો કોન્ટ્રાકટ ૨૧ દિવસમાં રદ કરવા તેમજ લાઈટ, પાણી, પંખાની ફરિયાદોનું બે દિવસમાં નિરાકરણ કરવા ખાત્રી



રાજકોટઃ શહેરના કાલાવડ રોડ પર આવેલ મહાત્મા ગાંધી કુમાર છાત્રાલયના વિદ્યાર્થીઓને અપાતા ભોજનમાં વધુ એક વખત જીવડા નિકળતા ગઈકાલ સાંજથી આ છાત્રાલયના વિદ્યાર્થીઓ છાત્રાલયમાં ભૂખ હડતાલ પર ઉતરી ગયા હતા. જેમાં છાત્રાલયના વિદ્યાર્થીઓને શુધ્ધ ભોજન પુરૂ પાડવા તેમજ લાઈટ, પંખા અને વીજળીના પ્રશ્નો તત્કાલ હલ કરવાની માંગણી દોહરાવી આ ભૂખ હડતાલ એનએસયુઆઈની આગેવાની હેઠળ છોડવામાં આવી હતી. ૨૪ કલાક બાદ વિદ્યાર્થીઓની તમામ માંગણીઓ સંતોષી લેવાતા ૨૪ કલાકની આ ભૂખ હડતાલનો આજે સુખદ અંત આવેલ છે.

આ અંગે એનએસયુઆઈના ગુજરાત પ્રદેશ પ્રમુખ નરેન્દ્ર સોલંકીએ જણાવ્યું હતું કે મહાત્મા ગાંધી કુમાર છાત્રાલયમાં છેલ્લા ૧૫ દિવસથી ભોજન અંગેની ફરિયાદો હતો બે ત્રણ દિવસ પૂર્વે પણ છાત્રાલયના વિદ્યાર્થીઓને અપાતા ભોજનમાં જીવડા નિકળ્યા હતા. આ ઉપરાંત આ સરકારી છાત્રાલયના લાઈટ, પાણી અને વીજળીના પ્રશ્નો જેમના તેમ અધ્ધરતાલ લટકી રહ્યા છે. આ બાબતે અગાઉ પણ રેકટર, નાયબ નિયામક સહિતના અધિકારીઓને રજૂઆત કરવામાં આવેલ હતી.

પરંતુ કોઈપણ જાતના પગલા લેવાયા ન હતા. આ દરમિયાન ગઈકાલે ભોજનમાં વધુ એકવાર જીવડા નિકળતા છાત્રાલયના ૩૦૦ જેટલા વિદ્યાર્થીઓ છાત્રાલયના પટાંગણમાં જ ભૂખ હડતાલ પર ઉતરી ગયા હતા. આ દરમિયાન આજે સવારના નાયબ નિયામક આનંદબા ખાચરે છાત્રાલય પર દોડી આવી વિદ્યાર્થીઓની તમામ માગણીઓ સંતોષી લેવા ખાત્રી આપતા વિદ્યાર્થીઓએ આજે સવારના ભૂખ હડતાલ સમેટી લીધી છે. જેમાં છાત્રાલયમાં ભોજનનો કોન્ટ્રાકટ હાલ આશાપુરા કેટરર્સને આપવામાં આવેલ છે. જેને ૨૧ દિવસમાં રદ કરી નવો કોન્ટ્રાકટ આપવા તેમજ છાત્રાલયના પાણી, વીજળી અને પંખાની ફરિયાદોનું નિરાકરણ લાવવા ખાત્રી આપવામાં આવી હતી.

# ડેમોમાં માત્ર એક માસનું પાણી : 'વોટર કન્ટીજન્સી' પ્લાન બનાવતી મહાપાલિકા

## સરકાર માંગણી મુજબનો પુરતો જળજથ્થો આપે તો જ વિતરણ વ્યવસ્થા ટકશે : આજી-ન્યારીમાં વરસાદી પાણીનું ટીપુ પણ ન આવ્યું



રાજકોટ:રાજકોટ મહાનગરમાં પણ ચોમાસાની વિદાયની ઘડીઓ ગણાય રહી છે. આ વર્ષે શહેરમાં સંતોષકારક વરસાદ ન પડતા શહેરની જીવાદોરી જેવા આજી-૧ અને ન્યારી-૧ ડેમમાં પાણીનો પુરતો સંગ્રહ થઇ શકયો નથી. થોડા દિવસો પહેલા સરકારે આજી ડેમમાં સૌની યોજનાનું પાણી ઠલવવાનું શરૂ કર્યુ છે ત્યારે હવેના સંજોગોમાં જો સરકાર માંગણી મુજબનો જથ્થો ન આપે તો સમયને ધ્યાનમાં રાખીને નિર્ણય લેવો પડશે અને વોટર કન્ટીજન્સી પ્લાન (તાકીદનું આયોજન) બનાવાયાનો જવાબ વોટર મેનેજમેન્ટ વિભાગ દ્વારા જાહેર કરવામાં આવ્યો છ.

તાજેતરમાં મળેલા જનરલ બોર્ડમાં કોર્પોરેટરે એવો પ્રશ્ન પુછયો હતો કે પાણીની સ્થિતિ ધ્યાનમાં રાખીને રાજકોટ કોર્પો. માત્ર નર્મદા યોજના આધારીત છે ત્યારે આગામી સમયમાં પુરો વરસાદ ન પડે તો પાણીનો પ્રશ્ન વિકટ બનવાનો છે. આથી જળસંગ્રહને ધ્યાનમાં રાખીને આયોજન, તળાવો, બોર રીચાર્જ, રીવરફ્રન્ટ સહિતની માહિતી માંગતા મનપાએ પાણીનું આયોજન જાહેર કર્યુ છે.

સામાન્ય સભામાં ભાજપના કોર્પોરેટરે વરસાદ વગર આગામી દિવસોમાં પાણી માટેનું શું આયોજન છે તે માહિતી માંગી હતી. જવાબમાં અધિકારીઓએ કહ્યું હતું કે, શહેરમાં દૈનિક ૨૦ મીનીટ પાણી વિતરણ કરવામાં આવે છે. જેના માટે આજી-૧. ન્યારી-૧ તથા ભાદર-૧ ડેમમાંથી તેમજ નર્મદા પાઈપલાઈન મારફત પાણી મેળવીને ૪૪૫ એમએલડી દૈનિક પાણી વિતરણ કરવામાં આવે છે.

હાલમાં ભાદર-૧માં ૧૩૪૫ એમસીએફટી, આજી-૧માં ૩૪૯ એમસીએફટી અને ન્યારી-૧માં ૪૯૦ એમસીએફટી જથ્થા અનુસાર દૈનિક પાણી વિતરણ કરવામાં આવે તો આગામી તા.૨૫ ઓક્ટોબર ૨૦૨૬ સુધી ચાલે તેમ છે. ચાલુ વર્ષે ચોમાસાની સીઝનમાં આજી-૧ તથા ન્યારી-૧ જળાશયમાં વરસાદી પાણીની કોઈ આવક થયેલ નથી તેમજ ભાદર-૧ જળાશયમાં પણ વરસાદી પાણીની નહીવત આવક થયેલ છે.

કોર્પો. દ્વારા સૌની યોજનામાંથી આજી-૧માં તબક્કાવાર ૨૧૦૦ અને ન્યારી-૧માં તબક્કાવાર ૧૯૦૦ એમસીએફટી મળી કુલ ૪૦૦૦ એમસીએફટી માંગણી કરવામાં આવી છે. જેથી તા.૩૧ ઓગસ્ટથી સૌની યોજનાનું પાણી ચાલુ કરવામાં આવેલ છે અને ૧૭૪ એમસીએફટી પાણી આપવામાં આવેલ છે. જયારે આજી-૧માં તા.૧૪ સપ્ટેમ્બરથી સૌની યોજનાનું પાણી ચાલુ કરવામાં આવેલ છે અને હાલ સુધીમાં ૪૫ એમસીએફટી પાણી આપેલ છે.

હવે સૌની યોજનામાંથી માંગણી મુજબનો જથ્થો ફાળવવામાં આવે તો શહેરની પાણી વિતરણ વ્યવસ્થા સુચારૂ રૂપે જળવાઈ રહે તેમ છે. પરંતુ જો માંગણી કરવામાં આવેલ જથ્થો પુરતા પ્રમાણમાં આપવમાં ન આવે તો તેને અનુરૂપ નિર્ણય કરવાનો થશે. ઉપરાંત વોટર કન્ટીજન્સી પ્લાન પણ બનાવવામાં આવેલ છે તેને અનુરૂપ પગલા લેવાના થશે તેમ અધિકારીએ લેખિતમાં જણાવ્યું છે.

આ વર્ષે રાજકોટમાં ડેમોમાં પાણી આવે એટલો તો ઠીક, તળ સાજા થાય અને બોર રીચાર્જ થાય એટલો પણ વરસાદ પડયો નથી. હવે ચોમાસાના વિદાયની ઘડીઓ ગણાઇ રહી છે. રાજકોટમાં સેન્ટ્રલ ઝોનમાં ૨૫ ઇંચ (૫૧૦ એમએમ), ઈસ્ટ ઝોનમાં ૧૭ ઇંચ (૪૧૯ મીમી) તથા વેસ્ટ ઝોનમાં ૨૭ ઇંચ (૫૪૨ મીમી) વરસાદ પડયો છે. આ વરસાદથી જળાશયોમાં નોંધપાત્ર આવક થઇ નથી.

હાલ રાજય સરકારે તો મહાનગરને જોઇએ તેટલું પાણી આપવા ખાતરી આપી છે. સૌની યોજનાના સહારે હવે રાજકોટમાં પાણી પ્રશ્ન ભુતકાળ બની ગયો છે તે હકીકત છે. પરંતુ આ વર્ષે ડેમોમાં વરસાદી પાણી જરા પણ ન આવતા નવી ચિંતા ઉમેરાઇ છે. મેયર અને કમિશનર પાણી માટે સરકાર સાથે સતત સંકલનમાં રહે છે. ૨૦૧૭થી આજી અને ન્યારી ડેમમાં સૌની યોજનાનું નર્મદાનીર ઠાલવવામાં આવતા પાણી પ્રશ્ન ભૂતકાળ બની ગયો હતો. પરંતુ કોર્પો.એ આવા સંજોગોમાં ઇમરજન્સી પ્લાન ઘડવા પડે છે અને તેના પ્લાનિંગ અપડેટ પણ કરવા પડે છે.

જવાબમાં વધુમાં એવી માહિતી પણ અપાઇ હતી કે શહેરમાં કુલ ૭ તળાવ છે. જેમાં લાલપરી, રાંદરડા, રામવન-૧-૨, અટલ સરોવર ૧-૨-૩ સામેલ છે. કોર્પો. દ્વારા ૨૪.૬૪ લાખના ખર્ચે ૨૯૪ બોર રીચાર્જ કરવામાં આવેલ છે. જોકે મુખ્ય ત્રણ ડેમ અને નર્મદા નીર સિવાય પીવા માટે કોઇ સ્તોત્ર કામનો નથી.

# "વિકસિત ભારત ૨૦૪૭" ના વિષય પર વકૃત્વ સ્પર્ધાને પ્રોત્સાહિત પૂર્વ સાંસદ મોકરીયા



રાજકોટ: માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી સાહેબના ગુજરાત રાજયના મુખ્યમંત્રીશ્રી તરીકે તથા વડાપ્રધાનશ્રી તરીકે એમ કુલ ૨૫ વર્ષના પૂર્ણ છતાં સુશાસન નિમિત્તે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ રાજકોટ સંચાલિત શ્રી જે.જે.પાઠક પ્રાથમિક શાળા નંબર ૧૯ ખાતે "વિકસિત ભારત ૨૦૪૭" વિષય ઉપર આજરોજ વકૃત્વ સ્પર્ધા યોજવામાં આવેલી હતી. આ સીઆરસી નીચે કુલ ૨૫ સ્કૂલો (સરકારી અને ખાનગી બંને) આવેલી છે.આ વકૃત્વ સ્પર્ધા માટે દરેક સ્કૂલમાંથી બે-બે વિદ્યાર્થીઓની આંતરિક સ્પર્ધામાં સિલેક્શન કર્યા પછી કુલ ૫૦ વિદ્યાર્થીઓએ "વિકસિત ભારત ૨૦૪૭" વિષય ઉપર ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાના વિચારો સુંદર અને અસરકારક રીતે રજૂ કરેલા હતા. આજના આ વિદ્યાર્થીઓમાં આ વકૃત્વ સ્પર્ધા દ્વારા પોતાનું કૌશલ્ય આત્મવિશ્વાસ અને આંતરિક શક્તિનો વિકાસ થાય તેમ જ ભવિષ્યના ભારત ઉપર પોતાના વિચારો આત્મવિશ્વાસ સાથે સ્પષ્ટ રજૂ કરી શકે તેમજ ભવિષ્યના ભારતનો વિકાસ થાય, વિશ્વમાં ભારતનો વિકાસના ક્ષેત્રે ડંકો વાગે તેવા શુભ આશયથી આ વિષય ઉપર આયોજન કરવામાં આવેલું હતું. વકૃત્વ સ્પર્ધામાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર પ્રથમ ,દ્વિતીય ,અને તૃતીય વિદ્યાર્થીને પ્રમાણપત્ર આપવામાં આવ્યા અને કાર્યક્રમ પૂર્ણ થાય બાદ પૂર્વ સંસદ સભ્ય રામભાઈ મોકરીયા દ્વારા હોસ્ટેલની બાળાઓ તથા સ્કૂલના તમામ ૨૫૦ બાળકોને મિષ્ટાન સાથે ભોજન કરાવેલ તેમજ હોસ્ટેલની બાળાઓને સ્વામી વિવેકાનંદની નારી ઉત્કર્ષની પુસ્તિકા ભેટ સ્વરૂપે આપવામાં આવી સમાજને નવો રાહ ચીંધેલ છે. શાળાના આચાર્યશ્રીએ આ કાર્યક્રમમાં બાળકોને ભોજન કરાવવા બદલ તથા બાળકોને પ્રોત્સાહિત કરવા બદલ પૂર્વ સંસદસભ્ય રામભાઇ મોકરિયાનો આભાર માનેલ હતો.

# અંતે રાજકોટનો ચાન્સ લાગ્યો : ભાજપ બક્ષીપંચ મોરચામાં શહેરના બે અગ્રણીઓનો સમાવેશ



રાજકોટ: લાંબા સમયથી ગુજરાત ભાજપ સરકાર તથા સંગઠનમાં રાજકોટ ભાજપની ઉપેક્ષા થઈ રહી છે તે વચ્ચે બક્ષીપંચ મોરચાના માળખામાં રાજકોટ ભાજપના સિનીયર નેતા ગૌતમભાઈ ગૌસ્વામીની મંત્રીપદે વરણી થઈ છે. શ્રી ગોસ્વામી રાજકોટ શહેર ભાજપ યુવા મોરચા અને બાદમાં રાજયકક્ષાએ પ્રભારીની મહત્વની જવાબદારી સંભાળી ચુકયા છે અને તેઓ હવે પ્રદેશ માળખામાં મંત્રી બન્યા છે.

તેમના પત્ની અનિતાબેન ગૌસ્વામી રાજકોટ મહાપાલિકામાં કોર્પોરેટ પણ રહી ચુકયા છે. આ ઉપરાંત અન્ય સંગઠનાત્મક નિમણુંકમાં યુવા ભાજપમાં જવાબદારી બજાવી ચૂકેલા પૃથ્વીરાજસિંહ વાળાને પ્રદેશ પ્રવાસ બેઠક તથા મન કી બાતમાં સૌરાષ્ટ્ર-ઝોન-૧ના પ્રદેશ સહ સંયોજક તરીકે નિયુક્ત કરાયા છે.

આમ પ્રદેશમાં રાજકોટના બે યુવા અગ્રણીઓને સ્થાન મળે છે. આ ઉપરાંત બક્ષીપંચ મોરચાના કોષાધ્યક્ષ વિ.ની પણ નિયુક્તિ થઈ છે. સૌથી મહત્વનું પ્રદેશ પ્રમુખ શ્રી જગદીશ વિશ્વકર્માએ ત્રણ નવા જીલ્લા પ્રમુખની નિયુક્તિ કરી છે.જેમાં નર્મદા જીલ્લા ભાજપ પ્રમુખ નિલકુમાર રાવ સામે રાજયના મંત્રી દક્ષાબેન વાઘેલાની પણ સતત ફરિયાદ હતી તેથી રાવને હવે બક્ષીપંચ મોરચાના ઉપાધ્યક્ષ બનાવ્યા છે

# ઝીરો કા દમ – ખામી મળી તો રિફિલ ફ્રી' સાથે ભારતગેસ દ્વારા ગુણવત્તાની ખાતરી

રાજકોટ: ફોર્ચ્યુન ગ્લોબલ ૫૦૦ કંપની અને મહારત્ન પીએસયુ, ભારત




પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ એ ઓપરેશનલ એક્સેલન્સને મજબૂત બનાવવાના તેના વ્યાપક પ્રયાસોના ભાગરૂપે બીપીસીએલ ના સમગ્ર એલપીજી નેટવર્કમાં અમલમાં મૂકવામાં આવેલા 'ઝીરો કા દમ' કાર્યક્રમ દ્વારા LPG સિલિન્ડરની ગુણવત્તા અને ગ્રાહક સુરક્ષા પર પોતાનું ધ્યાન વધુ મજબૂત બનાવ્યું છે. 'ખામી મળી તો રિફિલ ફ્રી'' પહેલ રાજકોટ શહેરમાં ગ્રાહકોની નજીક ગુણવત્તાની ખાતરી પહોંચાડે છે, જેમાં સ્પષ્ટ ખાતરી આપવામાં આવે છે કે જો ભારત ગેસ સિલિન્ડરની ડિલિવરીના સમયે તેમાં વાસ્તવિક ખામી જોવા મળે, તો ગ્રાહકોને મફત રિફિલ મળી શકે છે, જે લાગુ પડતા નિયમો અને શરતોને આધીન રહેશે.

'ઝીરો કા દમ' કાર્યક્રમ એ સુનિશ્ચિત કરવા માટે તૈયાર કરવામાં આવ્યો છે કે સિલિન્ડર ગ્રાહકના ઘર સુધી પહોંચે તે પહેલાં જ દરેક તબક્કે ગુણવત્તા જાળવવામાં આવે. આ કાર્યક્રમ અંતર્ગત, બીપીસીએલ ના ન્ટ બોટલિંગ પ્લાન્ટ્સમાં નેશનલ એક્રિડિટેશન બોર્ડ ફોર સિર્ટીફીકેશન બોડીસ (દ્વછમ્ઝમ્) દ્વારા માન્યતા પ્રાપ્ત સ્વતંત્ર એજન્સીઓ દ્વારા કડક તૃતીય-પક્ષ પ્રમાણપત્ર ઓડિટ કરવામાં આવે છે. આ પહેલ વિશે વાત કરતાં, શ્રી ટીવી પાંડિયન, બિઝનેસ હેડ (એલપીજી), બીપીસીએલ, એ જણાવ્યું હતું કે, "'ઝીરો કા દમ' કાર્યક્રમ ગુણવત્તા, ઓપરેશનલ એક્સેલન્સ અને ગ્રાહક સુરક્ષા પ્રત્યે બીપીસીએલ ની અડગ પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. કડક ગુણવત્તા તપાસ, જાળવણીની પદ્ધતિઓ, સુરક્ષા ચેકપોઇન્ટ્સ અને સ્વતંત્ર પ્રમાણપત્ર દ્વારા, અમે એલપીજી બોટલિંગ પ્લાન્ટથી લઈને ગ્રાહકના ઘર સુધી દરેક તબક્કે ગુણવત્તાને વધુ મજબૂત બનાવી રહ્યા છીએ. 'ખામી મળી તો રિફિલ ફ્રી''ની ખાતરી અમારા સિલિન્ડરની ગુણવત્તામાંના વિશ્વાસને વધુ દર્શાવે છે


# ઓલ ગુજરાત સેલ્ફ ફાઈનાન્સ નર્સીંગ કોન્સોર્ટીયમ

**પ્રથમ વર્ષ નર્સીંગ G.N.M. (૩ વર્ષ) અને A.N.M. (૨ વર્ષ) કોર્ષ ૨૦૨૬–૨૭માં મેનેજમેન્ટ કવોટા સીટમાં પ્રવેશ**

એડમીશન કમિટી ફોર ગુજરાત પ્રોફેશનલ નર્સીંગ એન્ડ એલાઈડ મેડીકલ એજ્યુકેશનલ કોર્ષીસ ગાંધીનગર, ગર્વમેન્ટ ઓફ ગુજરાતની માર્ગદર્શીકા પ્રમાણે શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭માં પ્રથમ વર્ષ G.N.M. તથા પ્રથમ વર્ષ A.N.M. મેનેજમેન્ટ કવોટા (૨૫%) સીટોમાં પ્રવેશ માટે ઓનલાઈન પ્રક્રિયા માટેની જાહેરાત

**પ્રવેશ ઈચ્છુક ઉમેદવારોનું એડમીશન કમીટી દ્વારા પ્રસિધ્ધ થયેલ મેરીટ લીસ્ટમાં નામ હોવું જરૂરી છે**

| ક્રમ | વિગત | તારીખ અને સમય | |
|---|---|---|---|
| | | થી | સુધી |
| ૧ | મેનેજમેન્ટ કવોટાના પ્રવેશની ઓનલાઈન રજીસ્ટ્રેશન માટેની તારીખ | ૨૩-૦૯-૨૦૨૬ સવારના ૧૦.૦૦ થી | ૨૫-૦૯-૨૦૨૬ બપોરના ૪.૦૦ સુધી |
| ૨ | મેનેજમેન્ટ કવોટા મેરીટ વેબસાઈટ પર જોવા માટેની તારીખ | ૨૬-૦૯-૨૦૨૬ સવારે ૧૧.૦૦ કલાકે | |
| ૩ | ઓનલાઈન ચોઈસ ફીલીંગ માટેની તારીખ | ૨૬-૦૯-૨૦૨૬ બપોરના ૦૧.૦૦ થી | ૨૮-૦૯-૨૦૨૬ સવારના ૧૧.૦૦ સુધી |
| ૪ | મેનેજમેન્ટ રાઉન્ડ સીટ ફાળવણીની જાહેરાતની તારીખ | ૨૮-૦૯-૨૦૨૬ બપોરે ૦૧.૦૦ કલાકે | |
| ૫ | મળેલ પ્રવેશ સંસ્થામા રીપોર્ટીંગ અને અસલ પ્રમાણપત્રો જમા કરવા અને પ્રવેશ કન્ફર્મ કરાવવાની તારીખ | ૨૮-૦૯-૨૦૨૬ બપોરના ૪.૦૦ થી | 30-૦૯-૨૦૨૬ બપોરના ૪.૦૦ સુધી |

- ✦ એડમીશન કમીટી માર્ગદર્શિકા મુજબ જે સંસ્થા મેનેજમેન્ટ કવોટા સીટ ધરાવે છે તે સંસ્થાની વિગત છે તે www.nursingconsortium.in વેબસાઈટ ઉપર મુકેલ છે.
- ✦ પ્રવેશ પ્રક્રિયામાં ભાગ લેવા માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન ફરજીયાત છે. કોન્સોર્ટિયમ વેબસાઈટમાં દર્શાવેલ ANM/GNM ની સંસ્થામાં રજીસ્ટ્રેશન સ્લીપ લઈને રૂ.૫૦૦૦/- રજીસ્ટ્રેશન ફી આપીને રજીસ્ટ્રેશન કન્ફર્મ કરાવવાનું રહેશે.
- ✦ એડમીશન કમિટી C/o. જીએમઆરઈએસ મેડીકલ કોલેજ, ગાંધીનગર થી પણ રજીસ્ટ્રેશન ફી ભરીને રજીસ્ટ્રેશન કરી શકાશે.
- ✦ પ્રવેશ ઈચ્છુક ઉમેદવારે પ્રવેશ પ્રક્રિયા અંગે રોજબરોજની માહિતી ઉપર જણાવેલ કોન્સોર્ટિયમની વેબસાઈટ જોતા રહેવા વિનંતી.
- ✦ પ્રવેશ પ્રક્રિયામાં એડમીશન કમીટી દ્વારા સમાવેશ થયેલ સંસ્થાઓમાં જ મેનેજમેન્ટ કવોટાની સીટો ફાળવવામાં આવશે.

www.nursingconsortium.in


સૌરાષ્ટ્ર આસપાસ

Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma , on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at 7th Floor Pramukh Swami Arcade, Malaviya Chowk, Rajkot. Editor: Rajesh Kiritbhai Dave (Responsible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

## ન્યૂઝીલેન્ડ સાથેનો કરાર અને નવી આર્થિક શક્યતાઓ

ભારતના વેપાર ક્ષેત્રમાં આજે એક મહત્વપૂર્ણ વિકાસ થયો છે. ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચેનો મુક્ત વેપાર કરાર બંને દેશોની મંજૂરી બાદ ૨૦ ઓક્ટોબરથી અમલમાં આવશે. આ કરારનો હેતુ બંને દેશો વચ્ચે વેપાર અને રોકાણને આગળ વધારવાનો છે.વિશ્વની અર્થવ્યવસ્થા ઝડપથી બદલાઈ રહી છે. વેપારના જૂના માર્ગો સાથે નવા બજારોનું મહત્વ પણ વધી રહ્યું છે. આવી સ્થિતિમાં ભારત માટે નવા દેશો સાથે આર્થિક સંબંધો મજબૂત કરવાનું મહત્વ વધે છે. ન્યૂઝીલેન્ડ સાથેનો કરાર આ બદલાતી પરિસ્થિતિમાં એક મહત્વપૂર્ણ ઘટના છે.ભારત પાસે વિશાળ ઉત્પાદન ક્ષમતા છે. કૃષિથી લઈને ઉદ્યોગ અને સેવાઓ સુધી અનેક ક્ષેત્રોમાં ભારત પોતાની ઓળખ બનાવી રહ્યું છે. હવે પડકાર એ છે કે આ ક્ષમતાને વધુ મોટા આંતરરાષ્ટ્રીય બજાર સાથે કેવી રીતે જોડવી.ન્યૂઝીલેન્ડ સાથેનો કરાર ભારતીય નિકાસકારોને આ દિશામાં નવી તક આપી શકે છે. વેપારની પ્રક્રિયા સરળ બને અને બજાર સુધી પહોંચ વધે તો ભારતીય કંપનીઓ માટે નવા ગ્રાહકો શોધવાની શક્યતા ઊભી થાય છે. પરંતુ તક સાથે જવાબદારી પણ આવે છે.વિશ્વ બજારમાં સ્પર્ધા કઠિન હોય છે. ત્યાં ગ્રાહક ઉત્પાદનની ગુણવત્તા, ભાવ અને વિશ્વસનીયતા જુએ છે. માત્ર દેશનું નામ પૂરતું નથી. ભારતીય કંપનીઓએ આંતરરાષ્ટ્રીય માપદંડો જાળવવા પડશે.આ બાબતમાં નાના અને મધ્યમ ઉદ્યોગોની ભૂમિકા વિશેષ છે. ભારતના અનેક નાના ઉદ્યોગો સારા ઉત્પાદનો બનાવે છે. પરંતુ તેમને વિદેશી બજાર સુધી પહોંચવા માટે માહિતી અને માર્ગદર્શનની જરૂર પડે છે. નિકાસની પ્રક્રિયા, જરૂરી દસ્તાવેજો, ગુણવત્તાના ધોરણો અને બજારની માંગ વિશે સરળ માહિતી ઉપલબ્ધ કરાવવી જરૂરી છે.

જો આવા ઉદ્યોગો ન્યૂઝીલેન્ડના બજારમાં પ્રવેશ કરી શકે તો તેનો લાભ માત્ર વેપારીને નહીં, પરંતુ ઉત્પાદન સાથે જોડાયેલા અનેક લોકોને મળી શકે છે. ઉત્પાદન વધે તો કાચા માલની માંગ વધે. પરિવહન અને પેકિંગ જેવી સેવાઓને કામ મળે. રોજગારની તકો પણ ઊભી થઈ શકે.પરંતુ બીજી બાજુ ભારતીય બજારમાં ન્યૂઝીલેન્ડના ઉત્પાદનો માટે પણ નવી શક્યતાઓ ઊભી થશે. તેથી ભારતીય ઉત્પાદકો માટે સ્પર્ધાનું ક્ષેત્ર પણ વધશે. આ સ્પર્ધાને પડકાર તરીકે જોવાને બદલે ગુણવત્તા સુધારવાની તક તરીકે જોવી જરૂરી છે. જે કંપની ગ્રાહકને સારું ઉત્પાદન આપશે તે બજારમાં ટકી શકશે.

આ કરારના લાંબા ગાળાના પરિણામો પણ મહત્વના રહેશે. બે દેશો વચ્ચે વેપાર વધે ત્યારે વ્યવસાયિક સંબંધો વધુ મજબૂત બની શકે છે. કંપનીઓ નવી ભાગીદારી શોધી શકે છે. રોકાણની શક્યતાઓ વધી શકે છે. જ્ઞાન અને વ્યવસાયિક પદ્ધતિઓનું પણ આદાનપ્રદાન થઈ શકે છે.પરંતુ આ બધું આપમેળે થશે નહીં. સરકાર અને ઉદ્યોગ વચ્ચે સતત સંકલન જરૂરી છે. નિકાસકારોને માહિતી સરળ ભાષામાં મળે તે જરૂરી છે. પ્રક્રિયાઓમાં અનાવશ્યક મુશ્કેલીઓ ન રહે તે જોવું પડશે. નાના ઉદ્યોગોને પણ આંતરરાષ્ટ્રીય વેપાર માટે તૈયાર કરવા પડશે.ભારત માટે સૌથી મોટી તક એ છે કે વિશ્વ બજારમાં ભારતીય ઉત્પાદનોની પહોંચ વધારી શકાય. ભારતનું ઉત્પાદન માત્ર દેશની જરૂરિયાત પૂરી કરવા માટે નહીં, પરંતુ વિશ્વના ગ્રાહકો સુધી પહોંચે તે દિશામાં વિચારવાની જરૂર છે.

## ખેડૂતોનો મિત્ર અને પાકનો રખેવાળ ચાડીયો



**ક્લિક કોર્નર**

-અમૂલ પરમાર

**વાડી- ખેતરમાં માણસ જેવું દેખાય, પવનથી હલ્યા કરે એટલે પક્ષીઓ ઊભેલા પાકને ઓછું નુકસાન કરે.અને ઊડી જાય.પણ આ વાડીના માલિક ચિથરભાઈનું કહેવું છે કે આવી સારી મોલાત ઊભી છે કોઈની નજર ના પડેને એટલે આ બાવલા રાખ્યા છે. માં પણ એમના બાળકને કોઈની નઝર ન લાગે માટે કપાળના ઊપરના ખૂણે મેશનુ કાળુ ટપકુ કરે છે.ખેડૂત માટે તો આજ એમના મા- બાપ ગણો કે, બાળ-ગોપાલ ગણો. એ પણ એમના પાકને જીવની જેમ સાચવે છે.**

## ગણેશજીનું વાહન ઉંદર જ કેમ?

**વિશેષ**

હિંદુ ધર્મમાં લગભગ દરેક દેવ-દેવતાઓનાં વાહનો હોય છે. જેમ કે વિષ્ણુ ભગવાનનું ગરૂડ, શંકર ભગવાનનું નંદી, તેમજ સરસ્વતી માતાનું હંસ, બહુચર માતાજીનું કુકડો તેમ ગણપતિનું વાહન ઉંદર છે. આપણને ઘડીવાર તો વિચાર થઈ આવે કે ગણપતિનું આટલું વિરાટ સ્વરૂપ અને એનું વાહન આટલો નાનો ઉંદર કેમ હોઈ શકે? આ એક વિચારવા જેવો વિષય છે.

ગણપતિ બુધ્ધિનાં દાતા છે બુધ્ધિનાં દેવતા છે ધાર્મિક કથાઓમાં એક પ્રસંગે પૃથ્વીની પ્રદક્ષિણા કરવાનું કહેવામાં આવતાં ગણપતિએ પૃથ્વીની પ્રદક્ષિણાને બદલે તેમના માતા-પિતાની અર્થાત શંકર-પાર્વતીની પ્રદક્ષિણા કરી તેમની તીક્ષ્ણ બુધ્ધિની પ્રચિતી કરાવી હતી. આવા બુધ્ધિનાં દાતા ગણપતિએ આવા નાનકડા ઉંદરને વાહન શા માટે બનાવ્યું હશે? શું તેમને પ્રાણીઓમાં ઉંદર કરતાં બીજું કોઈ સારૂ પ્રાણી મળ્યું નહિ હોય કે જેથી ઉંદરની પસંદગી કરવી પડી.ગણપતિ બુધ્ધિનાં દેવતા છે. તેમણે આ ઉંદરની પસંદગી પણ બુધ્ધિ ચાતુરીથી કરી હશે. ઉંદર બધા પ્રાણીઓમાં નીચલી કક્ષાનું પ્રાણી ગણાય. તેની સમાજમાં કાંઈ કિંમત નહિ. આજની ભાષામાં કહીએ તો બેક-વર્ડ ક્લાસમાં એની ગણના થાય. તેથી ગણપતિએ વિચાર્યું કે આવા નીચલી કક્ષાના પ્રાણીની સમાજમાં આબરૂ વધે એવું કાંઈક કરવું જોઈએ તેથી ગણપતિએ ઉંદરને વાહન બનાવ્યું તેમજ તેમણે ઉંદરની અવળી બાજુ ન જોતાં તેમાનાં ગુણોને નિરખ્યાં હશે. ઉંદરનો સૌથી મોટો ગુણ એટલે તે ઉદ્યમી છે આળસુ નથી તેને સ્વસ્થ બેસી રહેવું ગમતું નથી. તે સતત ઉદ્યોગી રહે છે. પોતાનાં ભરણપોષણ માટે ખોરાક શોધવાની દોડમ દોડ કરતો હોય છે. ઉંદરની દ્રષ્ટિ તીક્ષ્ણ હોય છે. તે બીજાનું એઠું ખાતો નથી પોતાનો લાવેલ ખોરાક જ ખાય છે બીજા લાવી દેશેને હું ખાઈશ એવી એની વૃત્તિ નથી આમ તે સ્વાવલંબી છે.

ગણપતિ એટલે ગણનાં પતિ. ગણ એટલે એક સમુહ અને સમુહ એટલે કુટુંબનો સમુહ, સમાજનો સમુહ કે રાષ્ટ્રનો સમુહ. આ કુટુંબ સમાજ કે રાષ્ટ્રનો પ્રમુખ કેવો હોવો જોઈએ તેનું મૂર્તિમંત સ્વરૂપ દ્રષ્ટાંત એટલે ગણપતિ.ગણપતિનું સંપૂર્ણ સ્વરૂપ એક આદર્શરૂપ છે. તેમનું દરેક અંગ એક વિશિષ્ટ સંદેશ આપે છે. તેમની ઝીણી આંખો કુટુંબમાં, સમાજમાં કે રાષ્ટ્રમાં બનતી દરેક ઘટનાઓ અથવા પ્રસંગોનું ઝીણવટભરી તીક્ષ્ણ દ્રષ્ટિથી નિરિક્ષણ કરવું જોઈએ. તેમનાં લાંબા કાન સમાજ કે રાષ્ટ્રનાં દરેકનું સાંભળવું જોઈએ. તેમની લાંબી (સૂંઢ એ સુગંધ લેવાનું કામ કરે છે). સમાજમાં કે રાષ્ટ્રમાં થતાં દરેક સારા નરસા કામોની ગંધ રાખવી જોઈએ. તેમનું મોટું પેટ સમજાનો, કુટુંબનાં દરેકનાં ગુણ-અવગુણ, પચાવવા જોઈએ આમ દરેક અંગ એક વિશિષ્ટ શિખામણનો ભંડાર છે. અને તે પ્રમાણે તેમનું વાહન પણ એક આદર્શરૂપ છે.સમાજમાં સૌથી નાના અર્થાત નબળા, ગરીબ કે દુબળાઓને માન આપી ઉંચે લઈ જવામાં જ માનવીની મોટાઈ છે. આજ વાત ગણપતિ એ ઉંદરને વાહન બનાવી સમજાવેલ છે. તેજ પ્રમાણે ગણપતિને ''દુર્વા'' ચઢાવવામાં આવે છે. આ ''દુર્વા'' શું છે? એ એક પ્રકારનું ઘાંસ જ છે. જેની કાંઈ કિંમત નથી. જેને નકામું ગણવામાં આવે છે. તે જ દુર્વા ગણપતિને પ્રિય છે. તેજ પ્રમાણે જાસવંતીનું ફુલ (જે લાલ રંગનું છે) જેને રૂપ રંગ ગંધ હોતી નથી આવું નકામું ફૂલ ગણપતિને ચઢાવવામાં આવે છે. તેજ પ્રમાણે ગણપતિને નૈવેદ્યમાં ગોળ અને ખોપરું ધરાવવામાં આવે છે. અન્નનાં ક્ષેત્રમાં ગોળની કાંઈજ કિંમત નથી. તે ગળ્યો હોવા છતાં તેની મિષ્ટાંન્નમાં ગણનાં થતી નથી. તેવો ગોળ પણ ગણપતિને પ્રિય છે.આમ ગણપતિએ સમાજમાં જે નકામી વસ્તુઓ અથવા સમાજમાં જેની કાંઈ કિંમત નથી એવી વસ્તુઓને પ્રિય બનાવી તેમને મોટી બનાવી. તેમનું ગૌરવ વધાર્યું છે. આવી ગણપતિની શ્રેષ્ઠ બુધ્ધિ થકી તેઓ બુધ્ધિનાં દાતા કહેવાય છે.



## ઇલેક્ટ્રિક કાર : ભવિષ્યની સવારી તરફ ભારતનું પગલું

**આસપાસ ચોપાસ**

સુરેશ ભટ્ટ

**આજના સમયમાં કાર માત્ર એક વાહન નથી. તે માણસના રોજિંદા જીવનનો મહત્વનો ભાગ બની ગઈ છે. ઘરથી કામના સ્થળે જવું હોય, બાળકોને શાળાએ મૂકવા હોય કે લાંબી મુસાફરી કરવી હોય, કાર ઉપયોગી સાથી બની છે. પરંતુ કારની વધતી સંખ્યા સાથે કેટલીક ગંભીર સમસ્યાઓ પણ ઊભી થઈ છે. પેટ્રોલ અને ડીઝલના વધતા ઉપયોગથી હવામાં પ્રદૂષણ વધે છે. ખનિજ તેલ મર્યાદિત છે. ઇંધણ માટે દેશને મોટી રકમ બહારથી ખર્ચવી પડે છે. આ પરિસ્થિતિમાં ઇલેક્ટ્રિક કાર એક મહત્વપૂર્ણ વિકલ્પ બનીને સામે આવી છે.**

ઈલેક્ટ્રિક કાર એટલે વીજળીથી ચાલતી કાર સામાન્ય પેટ્રોલ કારમાં પેટ્રોલ બળે છે. તેમાંથી ઊર્જા મળે છે અને એ ઊર્જા એન્જિનને ચલાવે છે. ઈલેક્ટ્રિક કારમાં પેટ્રોલ બાળવાની જરૂર પડતી નથી. તેમાં મોટી બેટરી હોય છે. આ બેટરીમાં વીજળી સંગ્રહિત થાય છે. બેટરીમાંથી મળતી વીજળી ઈલેક્ટ્રિક મોટરને ચલાવે છે. મોટર પૈડાંને ફેરવે છે અને કાર આગળ વધે છે.

ઈલેક્ટ્રિક કારની જરૂરિયાત પાછળ અનેક કારણો છે. તેમાં સૌથી મહત્વનું કારણ પ્રદૂષણ છે. પેટ્રોલ અને ડીઝલથી ચાલતા વાહનોમાંથી ધુમાડો બહાર આવે છે. આ ધુમાડામાં હાનિકારક વાયુઓ હોય છે. શહેરોમાં વાહનોની સંખ્યા વધવાથી હવાની ગુણવત્તા પર અસર પડે છે.

બીજું કારણ ઈંધણની મર્યાદિત ઉપલબ્ધતા છે. પેટ્રોલ અને ડીઝલ જમીનની અંદરથી મળતા ખનિજ ઈંધણ છે. તે અનંત નથી. એક દિવસ તેના ભંડાર ઘટશે. તેથી ભવિષ્ય માટે વિકલ્પ શોધવો જરૂરી છે.

ત્રીજું કારણ ઈંધણનો ખર્ચ છે. પેટ્રોલના ભાવમાં ફેરફાર થતો રહે છે. રોજ કાર ચલાવનાર વ્યક્તિ માટે ઈંધણનો ખર્ચ મોટો બની શકે છે. ઈલેક્ટ્રિક કારમાં વીજળીનો ઉપયોગ થાય છે. ઘણા સંજોગોમાં પ્રતિ કિલોમીટર ચાલવાનો ખર્ચ પેટ્રોલ કાર કરતાં ઓછો થઈ શકે છે.

ચોથું કારણ ઊર્જાની સુરક્ષા છે. ભારતને મોટી માત્રામાં ખનિજ તેલની જરૂર પડે છે. દેશમાં જ વીજળી ઉત્પન્ન કરીને અને તેના સ્ત્રોતોમાં વિવિધતા લાવીને વાહન વ્યવહારમાં પેટ્રોલ પરની નિર્ભરતા ઘટાડી શકાય છે.

ઈલેક્ટ્રિક કાર બહારથી સામાન્ય કાર જેવી જ દેખાય છે. તેમાં ચાર પૈડાં, બેઠકો, સ્ટિયરિંગ, બ્રેક અને અન્ય જરૂરી સાધનો હોય છે. પરંતુ કારની અંદરની રચના પેટ્રોલ કારથી અલગ હોય છે.

ઈલેક્ટ્રિક કારના મુખ્ય ભાગોમાં બેટરી, ઈલેક્ટ્રિક મોટર, નિયંત્રણ એકમ, ચાર્જર અને બેટરી વ્યવસ્થાપન તંત્રનો સમાવેશ થાય છે.

કારની બેટરીને તેનો ઊર્જા ભંડાર કહી શકાય. જેમ પેટ્રોલ કારમાં પેટ્રોલની ટાંકી હોય છે તેમ ઈલેક્ટ્રિક કારમાં બેટરી હોય છે. પરંતુ બેટરી માત્ર ઊર્જા રાખતી નથી. તે મોટરને વીજળી પણ પૂરી પાડે છે.

ઈલેક્ટ્રિક મોટર વીજળીને ગતિમાં ફેરવે છે. મોટર ફરતાં પૈડાં પણ ફરે છે. પેટ્રોલ એન્જિનમાં અનેક યાંત્રિક ભાગો ઝડપથી હલનચલન કરે છે. ઈલેક્ટ્રિક મોટરની રચના પ્રમાણમાં સરળ હોય છે.

બેટરીમાંથી મોટરને કેટલી વીજળી આપવી તે કામ નિયંત્રણ એકમ કરે છે. ડ્રાઈવર પ્રવેગક દબાવે ત્યારે આ વ્યવસ્થા મોટરને જરૂરી પ્રમાણમાં વીજળી આપે છે.

કારમાં બેટરીને સુરક્ષિત રાખવા માટે ખાસ વ્યવસ્થા હોય છે. બેટરીનું તાપમાન, વીજપ્રવાહ અને ચાર્જનું પ્રમાણ નિયંત્રિત કરવામાં આવે છે. આ માટે બેટરી વ્યવસ્થાપન તંત્ર કામ કરે છે.

ઈલેક્ટ્રિક કારને ચલાવવા પહેલાં તેની બેટરીમાં વીજળી ભરવી પડે છે. આ પ્રક્રિયાને ચાર્જિંગ કહેવામાં આવે છે.

ઘરે સામાન્ય ચાર્જિંગ વ્યવસ્થાથી કાર ચાર્જ કરી શકાય છે. કેટલીક કારને ઝડપી ચાર્જિંગ કેન્દ્રો પર પણ ચાર્જ કરી શકાય છે. ઝડપી ચાર્જરમાં ઓછા સમયમાં વધારે વીજળી બેટરીમાં ભરી શકાય છે.

ચાર્જિંગનો સમય કારની બેટરી, ચાર્જરની ક્ષમતા અને બેટરીમાં બાકી રહેલી વીજળી પર આધાર રાખે છે. એટલે દરેક ઈલેક્ટ્રિક કારને સમાન સમય લાગતો નથી.

આ પ્રશ્ન ઈલેક્ટ્રિક કાર ખરીદનાર માટે મહત્વનો છે. એક ચાર્જમાં કાર કેટલું અંતર કાપશે તેને સામાન્ય રીતે કારની ચાલવાની ક્ષમતા તરીકે જોવામાં આવે છે.

તે બેટરીના કદ, કારના વજન, ઝડપ, રસ્તાની સ્થિતિ, વાતાવરણ અને ચલાવવાની રીત પર આધાર રાખે છે. ઝડપ વધારે હોય તો વીજળીનો વપરાશ વધે છે. વારંવાર ઝડપ વધારવી અને બ્રેક લગાવવાથી પણ ઊર્જાનો વપરાશ બદલાય છે.

આથી કંપની દ્વારા જણાવવામાં આવતું અંતર અને વાસ્તવિક રસ્તા પર મળતું અંતર થોડું અલગ હોઈ શકે છે.

ઈલેક્ટ્રિક કારમાં બ્રેક લગાવવાથી વીજળી કેવી રીતે પાછી મળે?

ઈલેક્ટ્રિક કારની એક રસપ્રદ ટેકનોલોજી છે ઊર્જા પુનઃપ્રાપ્તિ. સામાન્ય ભાષામાં કહીએ તો કાર ધીમી થાય ત્યારે તેની ગતિમાંથી થોડી ઊર્જા ફરી વીજળીમાં ફેરવી શકાય છે.

આ પ્રક્રિયામાં મોટર ચોક્કસ સ્થિતિમાં જનરેટર જેવી કામગીરી કરે છે. કારની ગતિમાંથી મળતી ઊર્જાનો એક ભાગ બેટરીમાં પાછો મોકલાય છે. આથી ઊર્જાનો થોડો બચાવ થાય છે.

ઈલેક્ટ્રિક કારનો સૌથી મોટો ફાયદો એ છે કે તેમાં પેટ્રોલ કે ડીઝલ બળતું નથી. તેથી કારમાંથી સીધો ધુમાડો નીકળતો નથી.

બીજો ફાયદો ઓછો અવાજ છે. ઈલેક્ટ્રિક મોટર સામાન્ય રીતે ખૂબ શાંતિથી કામ કરે છે.

ત્રીજો ફાયદો જાળવણીમાં હોઈ શકે છે. પેટ્રોલ એન્જિનમાં તેલ, ફિલ્ટર અને અનેક યાંત્રિક ભાગો હોય છે. ઈલેક્ટ્રિક કારમાં આવા કેટલાક ભાગો હોતા નથી. તેથી કેટલીક પ્રકારની નિયમિત જાળવણી ઘટી શકે છે.

ચોથો ફાયદો ઝડપી પ્રતિભાવ છે. ઈલેક્ટ્રિક મોટર વીજળી મળતાં જ ગતિ આપવા સક્ષમ હોય છે. તેથી ઘણી ઈલેક્ટ્રિક કાર શરૂઆતમાં સારી ઝડપ પકડી શકે છે.

ઈલેક્ટ્રિક કારમાં ફાયદા સાથે પડકારો પણ છે. સૌથી મોટો પ્રશ્ન બેટરીની કિંમત છે. કારની કુલ કિંમતમાં બેટરીનો મોટો હિસ્સો હોઈ શકે છે.

બીજો પ્રશ્ન ચાર્જિંગની સુવિધાનો છે. દરેક જગ્યાએ ઝડપી ચાર્જિંગ કેન્દ્ર ઉપલબ્ધ નથી. લાંબી મુસાફરી માટે માર્ગમાં ચાર્જિંગની યોજના કરવી પડે છે.

ત્રીજો પ્રશ્ન ચાર્જિંગનો સમય છે. પેટ્રોલ ભરવામાં થોડો સમય લાગે છે, જ્યારે બેટરી ચાર્જ કરવામાં વધુ સમય લાગી શકે છે.

ચોથો મુદ્દો બેટરીનું આયુષ્ય છે. સમય જતાં બેટરીની ક્ષમતા ઘટી શકે છે. તેથી લાંબા સમયના ઉપયોગમાં બેટરીની સ્થિતિ મહત્વની બને છે.

ભારતમાં ઈલેક્ટ્રિક કારનું બજાર હવે શરૂઆતના તબક્કાથી આગળ વધી રહ્યું છે. નાણાકીય વર્ષ ૨૦૨૬માં પેસેન્જર ઈલેક્ટ્રિક કારના લગભગ ૧,૯૯,૯૨૩ નોંધાયેલા વેચાણ થયા હતા. અગાઉના નાણાકીય વર્ષ કરતાં આ આશરે ૮૪ ટકાનો વધારો હતો.

૨૦૨૬ના પ્રથમ છ મહિનામાં ઈલેક્ટ્રિક કારનું વેચાણ ૧,૪૮,૦૨૩ સુધી પહોંચ્યું હતું અને વાર્ષિક ધોરણે લગભગ ૭૯ ટકાની વૃદ્ધિ નોંધાઈ હતી. તે સમયગાળામાં ટાટા મોટર્સનો હિસ્સો ૩૯ ટકા હતો, જ્યારે મહિન્દ્રા અને જેએસડબલ્યુ એમજી મોટર પણ મોટા ખેલાડીઓ તરીકે આગળ આવ્યા હતા.

આ આંકડા દર્શાવે છે કે ભારતીય ગ્રાહકોમાં ઈલેક્ટ્રિક કાર પ્રત્યે રસ વધી રહ્યો છે. જોકે સમગ્ર કાર બજારમાં ઈલેક્ટ્રિક કારનો હિસ્સો હજુ પેટ્રોલ કાર જેટલો મોટો નથી. એટલે તેને સંપૂર્ણ પરિવર્તન કહેવું વહેલું છે.

ભારતમાં ટાટા મોટર્સ, જેએસડબલ્યુ એમજી મોટર, મહિન્દ્રા, હ્યુન્ડાઈ, મારુતિ સુઝુકી, કિયા અને અન્ય કંપનીઓ ઈલેક્ટ્રિક કારના ક્ષેત્રમાં કાર્યરત છે. બિવાયડી, વિનફાસ્ટ અને કેટલીક વૈશ્વિક પ્રીમિયમ કંપનીઓ પણ ભારતીય બજારમાં ઈલેક્ટ્રિક કાર રજૂ કરી રહી છે.

ટાટા મોટર્સ પાસે ઈલેક્ટ્રિક કારનું મોટું સ્થાનિક ઉત્પાદન અને મોડલનું વિસ્તૃત કુટુંબ છે. કંપનીના ઈલેક્ટ્રિક વાહનોમાં પંચ ઈવી અને નેક્સોન ઈવી સહિતના મોડલ સામેલ છે.

જેએસડબલ્યુ એમજી મોટર પાસે વિન્ડસર ઈવી, કોમેટ ઈવી અને ઝેડએસ ઈવી જેવા મોડલ છે.

મહિન્દ્રાએ ઈલેક્ટ્રિક એસયુવી ક્ષેત્રમાં એક્સઈવી ૯ઈ અને બીઇ૬ જેવા મોડલ રજૂ કર્યા છે.

હ્યુન્ડાઈ પાસે ક્રેટા ઈલેક્ટ્રિક અને આયોનિક ૫ જેવા મોડલ છે.

આ પ્રશ્નનો જવાબ સીધો હા કે ના આપી શકાય તેમ નથી. આગામી વર્ષોમાં બંને પ્રકારની કાર સાથે રહી શકે છે. ઈલેક્ટ્રિક કાર શહેરમાં રોજિંદી મુસાફરી માટે ખૂબ ઉપયોગી બની શકે છે. પરંતુ લાંબી મુસાફરી, ચાર્જિંગની ઉપલબ્ધતા, ખરીદી કિંમત અને દરેક ગ્રાહકની જરૂરિયાત અલગ હોય છે.



ઈલેક્ટ્રિક કારનું વેચાણ ઝડપથી વધી રહ્યું છે. છતાં પેટ્રોલ કારનું મોટું સ્થાપિત બજાર છે. દેશમાં હજારો પેટ્રોલ પંપ છે અને પેટ્રોલ ભરવાની પ્રક્રિયા ઝડપી છે. ઈલેક્ટ્રિક કાર માટે ચાર્જિંગ માળખું હજુ વધુ મજબૂત બનાવવું પડશે.

આ ઉપરાંત વીજળી ક્યાંથી આવે છે તે પણ મહત્વનું છે. જો વીજળી મોટા પ્રમાણમાં સ્વચ્છ ઊર્જામાંથી ઉત્પન્ન થાય તો ઈલેક્ટ્રિક વાહનનો પર્યાવરણીય લાભ વધારે થઈ શકે છે.

આથી ઈલેક્ટ્રિક કાર પેટ્રોલ કારને એક જ દિવસમાં બદલી દેશે એવું કહેવું યોગ્ય નથી. પરંતુ તે વાહન વ્યવસ્થામાં પોતાનું સ્થાન સતત મોટું કરી રહી છે. ભવિષ્યમાં ઈલેક્ટ્રિક, સંકર અને અન્ય વિકલ્પો સાથે મળીને વાહન વ્યવસ્થામાં મોટો ફેરફાર લાવી શકે છે.

ઈલેક્ટ્રિક કાર માત્ર નવી પ્રકારની કાર નથી. તે ઊર્જા વપરાશમાં બદલાવનું પ્રતીક છે. આજે તેની સામે કિંમત, ચાર્જિંગ અને બેટરી જેવા પડકારો છે. પરંતુ ટેકનોલોજી આગળ વધે તેમ આ સમસ્યાઓમાં ઘટાડો થઈ શકે છે.

ભારતમાં ઈલેક્ટ્રિક કારની સ્વીકાર્યતા ઝડપથી વધી રહી છે. હવે પ્રશ્ન માત્ર ઈલેક્ટ્રિક કાર આવશે કે નહીં તેનો નથી. પ્રશ્ન એ છે કે ભારત તેને કેટલું ઝડપી, સસ્તું, વિશ્વસનીય અને વ્યાપક બનાવી શકે છે.

# કાર્તિક આર્યન બેસ્ટ એક્ટર, યામી ગૌતમ બેસ્ટ એક્ટ્રેસ અને અનંત નાગને દાદાસાહેબ ફાળકે એવોર્ડ




## ભારતીય સિનેમામાં ૨૦૨૪ના ઉત્કૃષ્ટ પ્રદાન બદલ ૭૨મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારો ગુજરાતના એકતાનગર ખાતે એનાયત કરાયા

એકતાનગર,

ભારતીય સિનેમાના સૌથી પ્રતિષ્ઠિત નેશનલ ફિલ્મ એવોર્ડ્સ (રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર, વર્ષ ૨૦૨૪ માટે)નું આયોજન આ વખતે નવી દિલ્હીના વિજ્ઞાન ભવનને બદલે ગુજરાતના નર્મદા જિલ્લા સ્થિત એકતા નગર (કેવડિયા)માં સ્ટેચ્યુ ઓફ યુનિટીની છત્રછાયામાં કરાયું હતું. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના હસ્તે ભારતીય સિનેમામાં ઉત્કૃષ્ટ પ્રદાન આપનારા કલાકારો અને ટેકનિશિયનોને સન્માનિત કરાઈ રહ્યા છે. આ દરમિયાન ચંદુ ચેમ્પિયન માટે કાર્તિક આર્યનને બેસ્ટ એક્ટર અને આર્ટિકલ ૩૭૦ ફિલ્મ માટે યામી ગૌતમને બેસ્ટ એક્ટ્રેસ તેમજ દિગ્ગજ અભિનેતા અનંત નાગને દાદાસાહેબ ફાળકે એવોર્ડથી સન્માનિત કરાયા છે. આ પુરસ્કારોમાં ગુજરાતી ફિલ્મ 'મારણ'ને શ્રેષ્ઠ ગુજરાતી ફિલ્મનો એવોર્ડ મળ્યો છે.

આ વર્ષનો રાષ્ટ્રીય પુરસ્કાર સમારોહ બોલિવૂડ કલાકારો કાર્તિક આર્યન અને યામી ગૌતમ માટે ખાસ રહ્યો છે. કાર્તિક આર્યનને ફિલ્મ 'ચંદુ ચેમ્પિયન'માં કરેલા શાનદાર અભિનય માટે તેમને કારકિર્દીનો પ્રથમ નેશનલ એવોર્ડ મળ્યો છે. જયારે યામી ગૌતમને ફિલ્મ આર્ટિકલ ૩૭૦ માં તેમની શક્તિશાળી એક્ટિંગ માટે પ્રથમવાર રાષ્ટ્રીય પુરસ્કારથી સન્માનિત કરાયા છે. આ ઉપરાંત, દક્ષિણ ભારતીય સિનેમાના સુપરસ્ટાર મમ્મુટીને પણ તેમની શ્રેષ્ઠ ભૂમિકા માટે પુરસ્કૃત કરવામાં આવ્યા છે. દિગ્ગજ અભિનેતા અનંત નાગને ભારતીય સિનેમામાં તેમના અતુટ અને અદ્ભુત યોગદાન બદલ વર્ષ ૨૦૨૪ના સર્વોચ્ચ 'દાદાસાહેબ ફાળકે એવોર્ડ'થી નવાજવામાં આવ્યા છે. દાયકાઓ લાંબી કારકિર્દીમાં તેમણે અનેક યાદગાર ભૂમિકાઓ ભજવીને સિનેપ્રેમીઓના દિલ જીત્યા છે. આ વખતે હિન્દી ફિલ્મ 'આર્ટિકલ ૩૭૦'ને 'બેસ્ટ ફિચર ફિલ્મ' તરીકે પસંદ કરવામાં આવી છે. આ ફિલ્મ માટે સંગીતકાર શાશ્વત સચદેવને બેકગ્રાઉન્ડ મ્યુઝિક શ્રેણીમાં એવોર્ડ મળ્યો છે. બીજી તરફ, તેલુગુ બ્લોકબસ્ટર ફિલ્મો 'પુષ્પા ૨: ધ રૂલ' અને 'કાલ્કી ૨૮૯૮ છ્હ' એ પણ બે-બે એવોર્ડ પોતાના નામે કર્યા છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના હસ્તે આ ઉપરાંત બેસ્ટ ફિલ્મ: શ્રીકાંત, બેસ્ટ ડાયરેક્શન - આનંદ એલ. રાય (એકતા કા પ્રતિક), બેસ્ટ ફીચર ફિલ્મ - આર્ટિકલ ૩૭૦, સ્પેશિયલ મેન્શન - ચોલા ડોરા અને સુઈ (હિન્દી), ભદ્ર કાલી નાટકમ (મલયાલમ), બેસ્ટ શોર્ટ ફિલ્મ - હમસફર (મરાઠી), બેસ્ટ રીજનલ ફિલ્મ (શ્રેષ્ઠ પ્રાદેશિક ફિલ્મ), બેસ્ટ ગુજરાતી ફિલ્મ - મારણ (ધ હન્ટ), બેસ્ટ તેલુગુ ફિલ્મ - કમિટી કુલ્લુ, બેસ્ટ તમિલ ફિલ્મ - રાયન, બેસ્ટ મરાઠી ફિલ્મ - મુક્કામ પોસ્ટ બોમ્બિલવાડી, બેસ્ટ ઓડિયા ફિલ્મ - લહરી, બેસ્ટ મલયાલમ ફિલ્મ - ફેમિનિચી ફાતિમા, બેસ્ટ કન્નડ ફિલ્મ - મિથિયા, બેસ્ટ હિન્દી ફીચર ફિલ્મ - શ્રીકાંત, બેસ્ટ ગઢવાલી ફિલ્મ - ઢોલી, બેસ્ટ બંગાળી ફિલ્મ - ચલચિત્ર એખોન, બેસ્ટ આસામી ફિલ્મ - જુઈફૂલ, બેસ્ટ મણિપુરી ફિલ્મને એવોર્ડ આપવામાં આવ્યા છે

જયારે સુનિતા, સ્ટન્ટ કોરિયોગ્રાફી, બેસ્ટ કોરિયોગ્રાફી - સ્ત્રી ૨ (આજ કી રાત) વિજય ગાંગુલી, બેસ્ટ લિરિક્સ - જાને દો (મનોજ મુન્તશીર), બેસ્ટ મ્યુઝિક ડાયરેક્શન - શાશ્વત સચદેવ (આર્ટિકલ ૩૭૦), બેસ્ટ બેકગ્રાઉન્ડ સ્કોર, બેસ્ટ મેકઅપ - પી. રવિ કુમાર (કમિટી કુલ્લુ), બેસ્ટ કોસ્ટ્યુમ - પુષ્પા ૨ (દીપાલી નૂર), બેસ્ટ પ્રોડક્શન ડિઝાઈન - કલ્કિ ૨૮૯૮ છ્હ (નિતિન ચૌધરી), બેસ્ટ એડિટિંગ - માનવીર જસરોઈતિયા, બેસ્ટ સાઉન્ડ ડિઝાઈન -ૂલ ભુલૈયા ૩ને એવોર્ડ મળ્યા છે જયારે બેસ્ટ સ્ક્રીનપ્લે બેસ્ટ ડાયલોગ રાઈટર - લકી ભાસ્કર (વેંકી), બેસ્ટ સિનેમેટોગ્રાફી - એડમોડ (લાઈફ ઈન લૂમ), બેસ્ટ ફીમેલ પ્લેબેક - વૈકોમ વિજયલક્ષ્મી (મલયાલમ), બેસ્ટ મેલ પ્લેબેક, બેસ્ટ સપોર્ટિંગ એક્ટર - સંજય મિશ્રા, બેસ્ટ ડોક્યુમેન્ટરી - રામ-નામી (હિન્દી), બેસ્ટ આર્ટ કલ્ચર ફિલ્મ - મૈં નિદા (હિન્દી), બેસ્ટ ઐતિહાસિક ફિલ્મ - કાકોરી (હિન્દી), બેસ્ટ ડેબ્યૂ ડાયરેક્ટર - રવિ રાજ મુર્મુ, બેસ્ટ નોન ફીચર ફિલ્મ - ભંગાર (મરાઠી-ઈંગ્લિશ) ને એવોર્ડ આપવામાં આવ્યા છે. એવોર્ડ સમારંભમાં બોલતા ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે એકતા નગરમાં પહેલીવાર નેશનલ એવોર્ડ સમારોહનું આયોજન થયું તે ગર્વની વાત છે. તેમણે કહ્યું કે સિનેમા ફકત મનોરંજન નથી, પરંતુ સમાજનું પ્રતિબિંબ છે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારતની દુનિયાભરમાં ઓળખ બની છે જયારે કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે હંમેશા રાષ્ટ્ર પ્રથમ હોવું જોઈએ. તેમણે કહ્યું કે હું તમને વિનંતી કરવા માંગુ છું કે આપણે વેબસાની શરૂઆત કરી નવી પ્રતિભાઓની ઓખવા માટે એવી પ્રતિભા જેમને તક મળતી ન હતી યુવા પ્રતિભાને ઓળખવા માટે પ્રસૂન જોશી ટીમની રચના કરીશું જે લાકો હિસ્સો નથી તે પણ તેમાં સમર્થન આપી શકે છે. જે પ્રતિભાની પાસે અવસર નથી તેને પણ એક

## ચેન્નાઈ સુપર કિંગ્સે ટીમના નવા મુખ્ય કોચ ઝહીર ખાનને કોચિંગ સ્ટાફ પસંદ કરવાની છૂટ આપી



ચેન્નાઈ,

ચેન્નાઈ સુપર કિંગ્સ (સીએસકે) એ આઈપીએલ ૨૦૨૭ માટે ભૂતપૂર્વ ભારતીય ફાસ્ટ બોલર ઝહીર ખાનને ટીમના નવા મુખ્ય કોચ તરીકે નિયુક્ત કર્યા છે. સ્ટીફન ફલેમિંગે તેમના પદ પરથી રાજીનામું આપ્યા પછી આ પદ ખાલી હતું. ઝહીરને આઈપીએલમાં કોચિંગનો ઘણો અનુભવ છે, અને ટીમ મેનેજમેન્ટે તેમના પર વિશ્વાસ વ્યક્ત કર્યો છે અને તેમને તેમની પસંદગીના નવા કોચિંગ સ્ટાફ પસંદ કરવાની સંપૂર્ણ સ્વતંત્રતા આપી છે. સ્ટીફન ફલેમિંગ જુલાઈ ૨૦૨૬ માં મુખ્ય કોચ પદ છોડશે, ૨૦૦૮ થી ખેલાડી અને કોચ તરીકે સેવા આપી ચૂક્યા છે. ચેન્નાઈ સુપર કિંગ્સે ઝહીર ખાનને ફક્ત એક વર્ષ માટે મુખ્ય કોચ તરીકે નિયુક્ત કર્યા છે, છતાં તેમને તેમના કોચિંગ સ્ટાફ પસંદ કરવાની સંપૂર્ણ સ્વતંત્રતા આપી છે. હવે તે ઝહીર પર નિર્ભર છે કે તે હાલની સપોર્ટ ટીમ સાથે ચાલુ રાખવા માંગે છે, કેટલાક ફેરફારો કરવા માંગે છે, અથવા સંપૂર્ણપણે નવી કોચિંગ ટીમ બનાવવા માંગે છે. છેલ્લા કેટલાક વર્ષો આઈપીએલમાં સીએસકે માટે સારા રહ્યા નથી. ધોનીએ ત્રણ વર્ષ પહેલા કેપ્ટન પદ છોડી દીધું અને ટાઇટલ જીત્યું ત્યારથી, ટીમ એક પણ વખત પ્લેઓફમાં પહોંચી શકી નથી.

ઈએસપીએન ક્રિકઈન્ફો દ્વારા ટાંકવામાં આવેલા સીએસકે સીઈઓ કાસી વિશ્વનાથને કહ્યું કે ઝહીર ખાનને કોઈપણ ઈન્ટરવ્યુ વિના પસંદ કરવામાં આવ્યો હતો અને તે તરત જ જવાબદારી લેવા માટે સંમત થયા હતા. જોકે ફ્રેન્ચાઈઝે હજુ સુધી એરિક સિમોન્સ અને માઈકલ હસી સહિતના ભૂતપૂર્વ કોચિંગ સ્ટાફના ભવિષ્ય અંગે કોઈ ટિપ્પણી કરી નથી, વિશ્વનાથને સ્પષ્ટ કર્યું છે કે ઝહીર ખાનને તેમની પસંદગીની આખી કોચિંગ ટીમ પસંદ કરવાનો અધિકાર આપવામાં આવ્યો છે. સ્ટીફન ફલેમિંગે ૧૨ વર્ષથી વધુ સમય સુધી ચેન્નાઈ સુપર કિંગ્સ અને તેમની બહેન ટીમોના મુખ્ય કોચ તરીકે સેવા આપી હતી.

## શાહરૂખ ખાને પત્ની ગૌરી ખાન અને પુત્રી સુહાના સાથે લાલબાગચા રાજાના દરબારમાં દર્શન કર્યા

મુંબઈ,

ગણેશ ઉત્સવ દરમિયાન, પ્રખ્યાત લાલબાગચા રાજાનો દરબાર, જેને મુંબઈના રાજા તરીકે પણ ઓળખવામાં આવે છે, તે ભક્તો અને મોટા સ્ટાર્સ માટે એક મેળાવડો સ્થળ છે. તાજેતરમાં, અંબાણી પરિવારે લાલબાગચા રાજાના દર્શન કર્યા હતા, અને રણવીર સિંહ, જેનેલિયા ડિસોઝા, રિતેશ દેશમુખ અને જેકી ભગનાની સહિત અનેક બોલિવૂડ સ્ટાર્સે પણ મંદિરની મુલાકાત લીધી હતી. હવે, બોલિવૂડ સુપરસ્ટાર શાહરૂખ ખાનનો એક વીડિયો સામે આવ્યો છે, જેમાં તે મંદિરમાં દેખાય છે. શાહરૂખ ખાન બાપ્પાના આશીર્વાદ લેવા મંદિરમાં પહોંચ્યા હતા, તેમની સાથે તેમની પત્ની ગૌરી ખાન, પુત્રી સુહાના ખાન અને મેનેજર પૂજા દદલાની પણ હતા.

શાહરૂખ ખાન પરંપરાગત વાદળી કુર્તામાં લાલબાગચા રાજાના મંદિરમાં પહોંચ્યા. કપાળ પર તિલક લગાવીને, કિંગ ખાન બાપ્પાની ભક્તિમાં સંપૂર્ણપણે ડૂબેલા દેખાયા. બાપ્પાના મંદિરમાં પહોંચ્યા પછી, તેમણે બાપ્પા સમક્ષ હાથ જોડીને માથું નમાવ્યું અને તેમના આશીર્વાદ લીધા. ગૌરી ખાન પીળા સૂટમાં જોવા મળી હતી, જ્યારે સુહાના ખાન લીલા સૂટમાં જોવા મળી હતી. શાહરૂખ ખાન તેના પરિવાર સાથે લાલબાગચા રાજાના દર્શન કરવા પહોંચતાની સાથે જ ત્યાં ઉભેલા ભક્તોનું ધ્યાન ખેંચ્યું, જેના કારણે સુપરસ્ટારની આસપાસ ભીડ એકઠી થઈ ગઈ.

ભારે સુરક્ષાબળોએ શાહરૂખ ખાનને ઘેરી લીધો હતો, જેમણે તેને સુરક્ષિત રીતે પંડાલ સુધી પહોંચવામાં અને પછી બહાર નીકળવામાં મદદ કરી. આ દરમિયાન શાહરૂખ ખાન સારા મૂડમાં દેખાતા હતા. કિંગ ખાન, જે સામાન્ય રીતે કેમેરાને અવગણે છે, તેણે પાપારાઝી માટે પોઝ આપ્યો અને તેના ચાહકોને હાથ લહેરાવ્યો. લાલબાગચા રાજાના દર્શન કરવા આગળ વધતાં તેણે હસીને બધાનું સ્વાગત કર્યું. તે તેની પત્ની અને પુત્રીની સંભાળ રાખતો પણ જોવા મળ્યો.



ભીડમાંથી પસાર થઈને, તેણે સુહાના અને ગૌરીને કારમાં બેસાડવામાં મદદ કરી અને પછી તેમની સાથે ચાલ્યો ગયો.

શાહરૂખ ખાન આ દિવસોમાં તેની આગામી ફિલ્મ "કિંગ" માટે સમાચારમાં છે, જે આ વર્ષના અંતમાં સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે. શાહરૂખ ખાનની સાથે, તેની પુત્રી સુહાના ખાન, દીપિકા પાદુકોણ, રાની મુખર્જી, અભિષેક બચ્ચન અને અભય વર્મા જેવા કલાકારો પણ આ ફિલ્મમાં જોવા મળશે. દરમિયાન, શાહરૂખે તેના ચાહકો સાથે 'કિંગ' વિશે વાત કરી. સત્ર દરમિયાન, શાહરૂખ ખાને સ્પષ્ટ કર્યું કે 'એવેન્જર્સ ડૂમ્સડે' અને 'ડ્યુન ૩' ને કારણે તેમની ફિલ્મ મુલતવી રાખવામાં આવશે નહીં, ફિલ્મ નિર્ધારિત તારીખે રિલીઝ થશે. તેમણે તેમના ઘરે દર વર્ષે યોજાતા ગણપતિ ઉત્સવ વિશે પણ વાત કરી. તેમણે જણાવ્યું કે બાપ્પા દર વર્ષે તેમના ઘરે આવે છે, જ્યાં ગૌરી બાપ્પાની આરતી અને પૂજા કરે છે અને ઘરના અન્ય સભ્યો પણ પૂજામાં ભાગ લે છે.

## ભારતીય ટીમના મુખ્ય કોચ ગૌતમ ગંભીરે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની મુલાકાત લીધી

મુંબઈ,

ભારતીય ટીમના મુખ્ય કોચ ગૌતમ ગંભીરે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સાથે ખાસ મીટિંગ કરી હતી. ગંભીરે ગૃહમંત્રીને ભગવાન ગણેશની પ્રતિમા પણ અર્પણ કરી હતી. ગૌતમ ગંભીરના નેતૃત્વમાં, ભારતીય ટીમે તાજેતરની અફઘાનિસ્તાન સામેની ટી ૨૦ આંતરરાષ્ટ્રીય શ્રેણીમાં અસાધારણ રીતે સારું પ્રદર્શન કર્યું. ભારતે ટી ૨૦ શ્રેણી ૩-૦થી જીતી.



ગૌતમ ગંભીરે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એકસ પર લખ્યું, "ગૃહમંત્રી અમિત શાહ સાથે સૌહાર્દપૂર્ણ મુલાકાત. તેમના સમય અને માર્ગદર્શન માટે આભારી. તેમને સારા સ્વાસ્થ્ય અને ખુશીની શુભેચ્છા."


ભારતીય બેટ્સમેન અને બોલર બંનેએ અફઘાનિસ્તાન સામેની શ્રેણીમાં પ્રશંસનીય પ્રદર્શન કર્યું. ખાસ કરીને અભિષેક શર્માએ પોતાની વિસ્ફોટક બેટિંગથી હેડલાઈન્સમાં સ્થાન મેળવ્યું. દિલ્હીના અરુણ જેટલી ક્રિકેટ સ્ટેડિયમમાં રમાયેલી ત્રીજી ૨૦ૈંમાં, અભિષેકે માત્ર ૩૦ બોલમાં સદી ફટકારી, જે પૂર્ણ-સમયના દેશ માટે ૨૦ૈં માં સદી ફટકારનાર સૌથી ઝડપી બેટ્સમેન બન્યો. સંજુ સેમસન અને ઈશાન કિશનએ પણ સારું પ્રદર્શન કર્યું. ગૌતમ ગંભીરે મુખ્ય કોચ તરીકેનો કાર્યભાર સંભાળ્યો ત્યારથી, ભારતીય ટીમે આઈસીસી ટુર્નામેન્ટમાં સારું પ્રદર્શન કર્યું છે. ૨૦૨૫ માં, ટીમ ઈન્ડિયાએ ચેમ્પિયન્સ ટ્રોફી જીતી.

## મોહમ્મદ રિઝવાન સટ્ટાબાજીના કેસમાં ફસાયો હવે મીડિયા સાથે વાત કરવા ઉપર પ્રતિબંધ

ઈસ્લામાબાદ,

પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી) એ ભૂતપૂર્વ કેપ્ટન મોહમ્મદ રિઝવાન પર પોતાની પકડ મજબૂત કરી છે. તાજેતરમાં, રિઝવાન સહિત સાત ખેલાડીઓને ઈંગ્લેન્ડ પ્રવાસ દરમિયાન મધ્યમાં પાકિસ્તાન પાછા બોલાવવામાં આવ્યા હતા. આ પછી, સાયબર ક્રાઈમ અધિકારીઓ દ્વારા રિઝવાન અને ઈમામ-ઉલ-હકની પૂછપરછ કરવામાં આવી હતી. હવે, પીસીબીએ રિઝવાનને મીડિયા સાથે વાત કરવા પર પણ પ્રતિબંધ મૂક્યો છે. અહેવાલ મુજબ, મોહમ્મદ રિઝવાને ગયા અઠવાડિયે બે વાર પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી) ને મીડિયા સાથે વાત કરવાની પરવાનગી માંગી હતી, પરંતુ બોર્ડે બંને વખત ઈનકાર કર્યો હતો. રિઝવાન, વરિષ્ઠ ખેલાડીઓ ઈમામ-ઉલ-હક અને સલમાન અલી આગા સાથે, ઈંગ્લેન્ડ પ્રવાસ દરમિયાન મધ્યમાં પાછા બોલાવવામાં આવ્યા હતા, અને ત્યારથી તે સમાચારમાં છે.

તપાસ એજન્સીએ મોહમ્મદ રિઝવાનને ઓનલાઈન સટ્ટાબાજી, જુગાર અને તેના નાણાકીય વ્યવહારો અંગે પૂછપરછ કરી. ઈંગ્લેન્ડમાં લોર્ડ્સમાં રમાયેલી બીજી ટેસ્ટ મેચ દરમિયાન, રિઝવાન અને ઈમામ-ઉલ-હક બંનેના



મોબાઈલ ફોન જપ્ત કરવામાં આવ્યા હતા અને હવે તેમની ફોરેન્સિક તપાસ કરવામાં આવી રહી છે. કોર્ટમાં સુપરત કરાયેલા પાંચ પાનાના ફોર્મમાં, તપાસ એજન્સીએ રિઝવાન પાસેથી તેના અંગત જીવન અને નાણાકીય બાબતોનો સંપૂર્ણ હિસાબ માંગ્યો છે.

## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| રી | ળો | બિ | વિ | અ | ત | લ | ગુ | મા | ન | ળ | ચ |
| કા | કા | ર | કી | અં | કી | ગ | લા | ધ | ક | ધ | ક |
| મ | ધ | ળ | ળો | કા | ડ | પ્રા | મ | અ | આ | ન | ચા |
| સ | ભો | રા | ડ | ન | મ | બં | ળ | તી | ગ | ક્રો | ર |
| શિ | ચી | ગ | જ્ઞા | મ | રો | હા | આ | ત | જી | ધ | બ |
| ગ | બૂ | ન | ણ | ખ | રી | તા | પ | સ | ક | લ | મો |
| ક | ઝ | સા | ક | કા | બા | જ્ઞા | દ | ક | સ | જ | ગુ |
| ખ | અ | લ | ભો | જ | મા | ર | બ | ઈ | ક | કા | મ |
| અ | ક્રો | પ્રા | ન | ક્ષ | કી | ગી | રો | રા | દ | વા | ના |
| ચ | ળ | આ | સા | લી | આ | લ | પ્ર | બ | હા | બિ | મ |
| હા | મ | ક | ળ | બં | ળો | ર | ક્રો | હિ | સા | શ | કુ |
| વા | ન | ચી | આ | બા | ર | ચી | ક | દ | ણિ | ગી | સ |

શબ્દ શોધો: ગઝલ, ગુમનામ, ગુમાન, ગુલામ, ચકચાર, ચમચી, જ્ઞાન, ડમરી, ડમરો, તાપસ

## અભિનેત્રી મૌસમી ચેટર્જીએ પોતાની પુત્રી મેઘાને લગ્ન માટે ઉતાવળ ન કરવાની સલાહ આપી

મુંબઈ,

બોલીવુડની અનુભવી અભિનેત્રી મૌસમી ચેટર્જીએ પોતાના જીવન અને લગ્નના અનુભવો વિશે ખુલ્લેઆમ વાત કરી છે. અભિનેત્રીએ ખૂબ જ નાની ઉંમરે ફિલ્મ ઉદ્યોગમાં પ્રવેશ કર્યો અને ઝડપથી પોતાને સ્થાપિત કરી. બંગાળી સિનેમામાં શરૂઆત કર્યા પછી, તેણીએ હિન્દી ફિલ્મોમાં પણ સફળ કારકિર્દી બનાવી. મૌસમીએ પોતે નાની ઉંમરે લગ્ન કર્યા હતા, પરંતુ હવે તે તેની પુત્રી મેઘા મુખર્જીને લગ્નમાં ઉતાવળ ન કરવાની સલાહ આપે છે. તે કહે છે કે આજના સમયમાં, છોકરીઓએ તેમના જીવન અને પસંદગીઓને પ્રાથમિકતા આપવી જોઈએ. જાગરણ ફિલ્મ ફેસ્ટિવલ ૨૦૨૬ માં નયનદીપ રક્ષિત સાથેની વાતચીત દરમિયાન, મૌસમી ચેટર્જીએ તેની પુત્રી મેઘાને આપેલી સલાહ શેર કરી. તેણીએ કહ્યું કે તે તેની પુત્રીને સ્પષ્ટપણે કહે છે કે સંબંધમાં રહેવું અને તે વ્યક્તિ સાથે લગ્ન કરવું એ બે અલગ અલગ બાબતો છે. અભિનેત્રીના મતે, છોકરીઓએ લગ્નનો નિર્ણય વિચારપૂર્વક લેવો જોઈએ અને ફક્ત સામાજિક દબાણને વશ ન થવું જોઈએ. મૌસમીએ યુવતીઓને વધુ સ્વ-



જાગૃત રહેવાની અને પોતાના હિતોનો વિચાર કરવાની સલાહ પણ આપી. તેણીએ કહ્યું કે સમય બદલાઈ ગયો છે અને આજની પેઢી પહેલા કરતા અલગ પરિસ્થિતિઓનો સામનો કરે છે. તેણી માને છે કે છોકરીઓએ તેમના જીવનમાં એવા નિર્ણયો લેવા જોઈએ જે તેમને ખુશી અને સંતોષ આપે. મૌસમી ચેટર્જીએ વાતચીત દરમિયાન આજની યુવા પેઢી દ્વારા સામનો કરવામાં આવતા તણાવનો પણ ઉલ્લેખ કર્યો. તેણીએ કહ્યું કે બીજાઓને કંઈક સાબિત કરવાની સતત કોશિશમાં, તેઓ પોતાના જીવનનો આનંદ માણવાનું ભૂલી રહ્યા છે. તેણીના મતે, વ્યક્તિએ પોતાની પસંદગીઓ અનુસાર જીવવું જોઈએ અને દરેક નિર્ણય બીજાના વિચારના આધારે ન લેવો જોઈએ.

## ફિલ્મ "રાકા" એ રીઅલ ટાઈમમાં એકસાથે સૌથી વધુ સંખ્યામાં લોકોને કેદ કરવાનો ગિનિસ વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો

મુંબઈ,

સાઉથ સુપરસ્ટાર અલ્લુ અર્જુનની ફિલ્મ 'રાકા' એ રિલીઝ પહેલા જ ઈતિહાસ રચી દીધો છે. આ ફિલ્મ ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં નોંધાઈ ગઈ છે, અને અલ્લુ અર્જુને પોતે સોશિયલ મીડિયા પર એક પોસ્ટમાં આ માહિતી શેર કરી છે. તેમની ફિલ્મો દ્વારા, અલ્લુ અર્જુને માત્ર દક્ષિણ ભારતીય સિનેમા દર્શકો અને ભારતીય દર્શકોમાં જ નહીં, પરંતુ વિશ્વભરના દર્શકોમાં પણ એક ખાસ સ્થાન સ્થાપિત કર્યું છે. હવે, અલ્લુ અર્જુનની દુનિયાભરમાં ચાહક ફોલોઈંગ છે. "પુષ્પા" અને "પુષ્પા ૨" જેવી ફિલ્મોથી દર્શકોનું મનોરંજન કરનાર અલ્લુ અર્જુન આગામી ફિલ્મ "રાકા" માં જોવા મળશે, જેમાં દીપિકા પાદુકોણ મુખ્ય ભૂમિકામાં છે. અલ્લુ અર્જુનની આગામી ફિલ્મ "રાકા" માટે દર્શકો ઉત્સાહિત છે, જે એક અલગ કારણસર ચર્ચાનો વિષય બની છે. "રાકા" ફિલ્મ રિલીઝ થાય તે પહેલાં જ ઈતિહાસ રચી ચૂકી છે. "રાકા" ફિલ્મ રિલીઝ થયાને લગભગ એક વર્ષ થઈ ગયું છે, અને આ ફિલ્મ ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સમાં સ્થાન પામી છે. સન પિક્ચર્સ બેનર હેઠળ નિર્મિત "રાકા" ફિલ્મમાં અલ્લુ અર્જુન મુખ્ય ભૂમિકામાં છે અને તેનું દિગ્દર્શન એટલી કુમાર દ્વારા કરવામાં આવ્યું છે.

# અમેરિકાના સેવાભાવી ડો. નિતીનભાઈ દોશીએ જન્મદિવસની સેવા દિવસ તરીકે કરી ઉજવણી

## ક્લેફ્ટ, મેક્સિલોફેશિયલ અને ક્રેનિયોફેશિયલ સ્થિતિ સાથે જન્મેલા દરેક બાળક માટે નિઃશુલ્ક સર્જરી

ધર્મેન્દ્ર બાબરીયા ધોરાજી,

અમેરિકનના સેવાભાવી ડો.નીતિન દોશી, જેઓ આજે તેમનો જન્મદિવસ ઉજવી રહ્યા છે અને માથા તથા ચહેરાની જન્મજાત ખોડખાંપણ સાથે જન્મેલા બાળકો માટે મોટા પરોપકારી રહ્યા છે.

ત્યારે દોશી સ્માઈલ્સ આ પ્રસંગને એ મિશનની યાદમાં ઉજવી રહ્યું છે જે તેમણે અને તેમના પરિવારે વર્ષોથી નિભાવ્યું છેઃ ભારતભરમાં ક્લેફ્ટ લિપ, ક્લેફ્ટ પેલેટ અને સંબંધિત મેક્સિલોફેશિયલ તથા ક્રેનિયોફેશિયલ સ્થિતિ સાથે જન્મેલા દર્દીઓને સંપૂર્ણપણે નિઃશુલ્ક, વ્યાપક સર્જિકલ સંભાળ પૂરી પાડવાનું. ભારતમાં આ સમગ્ર પહેલ (ક્રેનિયોફેશિયલ સર્જિકલ સંભાળ) ફક્ત ડો. નિતીનભાઈ દોશી અને તેમના પરિવાર દ્વારા જ ભંડોળ પૂરું પાડવામાં આવે છે. તેમજ સારવાર કે રિકવરીના કોઈપણ તબક્કે દર્દીઓ પર કોઈ ખર્ચ નાખવામાં આવતો નથી. દોશી સ્માઈલ્સ ભારતમાં હાલમાં એકમાત્ર સંસ્થા છે જે નિઃશુલ્ક ક્રેનિયોફેશિયલ સર્જિકલ સંભાળ પૂરી પાડે છે, જે એક એવી શ્રેણી છે જેને તેની જટિલતા અને ખર્ચને કારણે અન્ય કોઈ કાર્યક્રમો દ્વારા મોટાભાગે સમર્થન મળતું



નથી.

'આ કામ મારા જીવનથી અલગ કંઈ નથી. આ મારા જીવનનો હેતુ છે," તેમ ડો.નિતીનભાઈ દોશીએ જણાવ્યું હતું. દોશી સ્માઈલ્સ ભારતના અનેક રાજ્યોમાં કેન્દ્રો ચલાવે છે, જેને નિષ્ણાત સર્જનો અને સંભાળ ટીમોનો ટેકો મળે છે.

દોશી સ્માઈલ્સ એક બિનનફાકારક સંસ્થા છે જે ભારતભરમાં ક્લેફ્ટ લિપ, ક્લેફ્ટ પેલેટ, મેક્સિલોફેશિયલ અને ક્રેનિયોફેશિયલ સ્થિતિઓ માટે નિઃશુલ્ક સર્જિકલ અને વ્યાપક સંભાળ પૂરી પાડે છે, જેને સંપૂર્ણપણે ડો. નીતિન દોશી અને તેમના પરિવાર દ્વારા પ્રાયોજિત કરવામાં આવે છે. ડો. નિતિન દોશીને જન્મ દિવસ નિમિત્તે શુભેચ્છાઓ આપવામાં આવી રહી છે.

ડો ક્રિષ્ના શમા રાવ (બેંગ્લોર), ડો ચેથના કે (બેંગ્લોર), ડો મુસ્તફા (મેંગલુરુ), ડો જયંત (કૃષ્ણગિરી, તમિલનાડુ) ડો શિવા રેડ્ડી (વિશાખાપટ્ટનમ) ડો શોભન મિશ્રા (ભુવનેશ્વર), ડો ઋષભ શાહ (અમદાવાદ), અને ધરતી રત્ન એવોર્ડથી સન્માનિત ડો, શ્યામ શેઠ સહિતનાઓએ સુભેક્ષાઓ પાઠવી હતી આતકે ધોરાજી માનવ સેવા યુવક મંડળના ધર્મેન્દ્ર બાબરીયા અને ભોલાભાઈ સોલંકીએ સેવા ભાવી ડોક્ટર નિતીનભાઈ દોશીને શુભેચ્છાઓ પાઠવી હતી અને ધોરાજી અને આજુબાજુના વિસ્તારમાં જન્મ જાત ફાટેલાં હોઠ અને તાળવા અને માથા અને ચહેરાની ખોડ ખાંપણ ધરાવતા બાળકોના વિનામૂલ્યે સારવાર માટે ૯૮૯૮૭૦૧૭૭૪ અને ૯૮૯૮૭૧૫૭૭૫ પર સંપર્ક કરવા જણાવાયું છે.

# ગાંધીગ્રામના 'ભારતીનગર કા રાજા' ગણેશોત્સવનું ૧૦મું વર્ષઃ ભવ્ય 'છપ્પન ભોગ' અને દાંડિયા રાસનું આયોજન



રાજકોટઃ ગાંધીગ્રામ વિસ્તારના ભારતીનગર શેરી નં-૪ ખાતે બિરાજમાન લોકલાડીલા "ભારતીનગર કા રાજા" ગણેશોત્સવ સમિતિ દ્વારા આ વર્ષે આ ઉત્સવના ૧૦મા વર્ષમાં ભવ્ય મંગળ પ્રવેશ કરવામાં આવ્યો છે, જે સમગ્ર વિસ્તારમાં ભારે ઉત્સાહ અને આનંદનો માહોલ સર્જી રહ્યો છે.આ દશમા વાર્ષિકોત્સવના ઉપલક્ષ્યમાં ગત તારીખ ૨૦ સપ્ટેમ્બર ૨૦૨૬, રવિવારના રોજ બાપાના ચરણોમાં ભવ્ય "છપ્પન ભોગ"નું આયોજન કરવામાં આવ્યું હતું. સોસાયટીના ભક્તો દ્વારા ગણપતિ બાપાને વિવિધ પ્રકારની અવનવી અને અર્પણ કરવા યોગ્ય પ્રસાદીઓ ધરીને ધન્યતા અનુભવી હતી.આ ઉત્સવની વિશેષતા અંગે માહિતી આપતા આયોજકોએ જણાવ્યું હતું કે, દશમા વર્ષના આ વિશેષ મંગળ પ્રવેશ પ્રસંગે દરરોજ રાત્રે ૮:૩૦ કલાકે બાપાની મહાઆરતી યોજાય છે. આરતી બાદ સોસાયટીના યુવાનો, મહિલાઓ અને ભક્તો દ્વારા ઉત્સાહભેર દાંડિયા રાસનું પણ આયોજન કરવામાં આવે છે, જેમાં મોટી સંખ્યામાં રહીશો જોડાઈને મહોત્સવની ઉજવણી કરી રહ્યા છે.૧૦ વર્ષની આ ગૌરવશાળી સફરને સફળ બનાવવા માટે ભારતીનગર શેરી નં-૪ ના તમામ યુવા મિત્રો અને સોસાયટીના રહીશો ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.

# ઉપલેટા, જસદણ સહિત ૧૦ તાલુકાની શાળાઓમાં માર્ગ સલામતી જનજાગૃતિ કાર્યક્રમ યોજાશે

રાજકોટ,સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત તા.૨૪ સપ્ટેમ્બરનાં રોજ રાજકોટ જિલ્લામાં ઉપલેટા, ગોંડલ, જસદણ સહિત ૧૦ તાલુકાની શાળાઓમાં માર્ગ સલામતી જનજાગૃતિ કાર્યક્રમ યોજાશે.

નાગરિકોને સરકારની કલ્યાણકારી યોજનાઓનો લાભ આપવા તથા જન કલ્યાણના અભિયાનોમાં લોકોને જોડવા રાજકોટ જિલ્લામાં 'સેવા સંકલ્પ અભિયાન' વેગવંતુ બન્યું છે. જેના ભાગરૂપે આર.ટી.ઓ. દ્વારા આગામી તા. ૨૪ સપ્ટેમ્બરના રોજ કુલ ૧૦ સ્થળોએ માર્ગ સલામતી જનજાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમ અંતર્ગત ઉપલેટા તાલુકામાં અરણી તાલુકા શાળા, ગોંડલ ખાતે કુંજ પ્રાથમિક શાળા, જસદણનાં શ્રી જુના પીપળીયા પ્રાથમિક શાળા, લોધિકામાં પી.એમ.શ્રી મેટોડા પ્રાથમિક શાળા, ધોરાજી પ્રાથમિક શાળા નંબર ૧૧ ખાતે, પડધરી પી.એમ.શ્રી તરઘડી તાલુકા શાળા, જામકંડોરણા ઈન્દિરા નગર પ્રાથમિક શાળા, જેતપુર શ્રી સોમબાઈ પીઠડીયા પ્રાથમિક શાળા, વિંછીયા જિનપરા તાલુકા શાળા, કોટડા સાંગાણી કોટડા કન્યા તાલુકા શાળા ખાતે સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત માર્ગ સલામતી જન જાગૃતિ કાર્યક્રમ યોજાશે.

# રાજકોટમાં જન્મ-મરણ નોંધણીની પડતર અરજીઓનો મામલતદાર કક્ષાએ જ નિકાલ કરવા બારની રજૂઆત

## નોટિફિકેશન પૂર્વે દાખલ થયેલી અને જાહેર નોટિસની પ્રક્રિયા પૂર્ણ થયેલી અરજીઓ પર હુકમ કરવા કલેક્ટરને આવેદન

રાજકોટ,

જન્મ-મરણની નોંધણી અંગેની પ્રક્રિયામાં થયેલા ફેરફારને કારણે અરજદારો અને વકીલોને પડી રહેલી મુશ્કેલીના નિવારણ માટે રાજકોટ બાર એસોસિએશન દ્વારા જિલ્લા કલેક્ટરને રજૂઆત કરવામાં આવી છે. બાર એસોસિએશને સરકારના નવા ટિફિકેશન પૂર્વે મામલતદાર કચેરીમાં દાખલ થયેલી અને જરૂરી પ્રક્રિયા પૂર્ણ થયેલી અરજીઓનો મામલતદાર કક્ષાએ જ નિકાલ કરવા માંગણી કરી છે.



રજૂઆતમાં જણાવાયું છે કે કાયદાકીય પ્રક્રિયાથી અજાણ નાગરિકો સહિત અનેક લોકોના પોતાના અથવા સંતાનોના જન્મ-મરણની નોંધણી કરાવવાની રહી ગઈ હોય છે. અગાઉ આવી નોંધણી માટેની અરજીઓ કોર્ટમાં કરવામાં આવતી હતી. ત્યારબાદ સરકારના આદેશ મુજબ ડેપ્યુટી કલેક્ટર સમક્ષ અને તેમના દ્વારા સત્તા સોંપવામાં આવતા સંબંધિત મામલતદાર સમક્ષ અરજીઓ દાખલ કરવામાં આવતી હતી.હાલમાં સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલા ગેઝેટ મુજબ બે વર્ષથી વધુ સમય વીતી ગયેલી જન્મ-મરણ નોંધણીની અરજીઓ કોર્ટમાં અને બે વર્ષથી ઓછા સમયની અરજીઓ મામલતદાર સમક્ષ કરવાની જોગવાઈ કરવામાં આવી છે. રાજકોટ બારના જણાવ્યા મુજબ, નવા નોટિફિકેશન પૂર્વે અનેક અરજીઓ મામલતદાર સમક્ષ દાખલ થઈ ચૂકી હતી. આવી અરજીઓમાં અખબારમાં જાહેર નોટિસ પ્રસિદ્ધ કરાવવા સહિતની જરૂરી કાર્યવાહી અને ખર્ચ પણ અરજદારો દ્વારા કરવામાં આવ્યો છે.તેમ છતાં કેટલીક અરજીઓ હવે કોર્ટમાં કરવાની રહેશે તેમ જણાવી પરત કરવામાં આવી રહી છે. આ સ્થિતિમાં અરજદારોને ફરીથી વકીલ ફી, કોર્ટ કાર્યવાહી તથા જાહેર નોટિસ સહિતનો ખર્ચ કરવો પડે તેમ છે.

ઉપરાંત અરજદારો અને વકીલો વચ્ચે પણ વિવાદની સ્થિતિ ઊભી થવાની શક્યતા દર્શાવવામાં આવી છે. તેથી નોટિફિકેશન પૂર્વે દાખલ થયેલી તથા જાહેર નોટિસ સહિતની પ્રક્રિયા પૂર્ણ થયેલી અને હુકમ ઉપર રહેલી અરજીઓનો સંબંધિત મામલતદાર દ્વારા જ નિકાલ કરવામાં આવે તે માટે રાજકોટ બાર એસોસિએશને કલેક્ટર સમક્ષ તાત્કાલિક જરૂરી આદેશ કરવાની માંગ કરી છે.

# રાજકોટમાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા ૨૭ સપ્ટેમ્બરે યોગ અને ધ્યાન મહાશિબિર યોજાશે

રાજકોટ,

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સફળ નેતૃત્વનાં ૨૫ વર્ષ પૂર્ણ થવાની ઉજવણી નિમિત્તે રાજયભરમાં 'સેવા સંકલ્પ અભિયાન' ચાલી રહ્યું છે. જેના ભાગરૂપે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા રાજકોટ ખાતે 'યોગ અને ધ્યાન મહાશિબિર'નું આયોજન કરવામાં આવ્યું છે. આ શિબિર યોગ સેવક શ્રી શિશપાલજીની અધ્યક્ષતામાં તા. ૨૭ સપ્ટેમ્બર, ૨૦૨૬ ને રવિવારના રોજ સવારે ૦૬.૦૦ કલાકથી સવારે ૦૮.૦૦ કલાક સુધી રેસકોર્સ સ્થિત માધવરાવ સિંધિયા ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે યોજાશે.

આ મહાયોગ શિબિરમાં જોડાવા ઈચ્છુક યોગપ્રેમીઓએ લિંક પર રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે. આ શિબિરના દરેક સહભાગીને ટી-શર્ટ તેમજ ડિજિટલ સર્ટિફિકેટ આપવામાં આવશે. વધુ માહિતી માટે મો. ૯૭૧૨૯ ૦૮૨૭૧, ૯૮૨૪૨ ૮૧૯૮૨ કે ૯૨૭૬૩ ૦૬૩૩૪ પર સંપર્ક કરી શકાશે.

ઉલ્લેખનીય છે કે, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ અંતર્ગત આયોજિત આ શિબિરનો હેતુ યોગ અને ધ્યાનના માધ્યમથી મેદસ્વિતા ઘટાડવા, તણાવમુક્ત જીવનશૈલી, ડાયાબીટીસને નિયંત્રણમાં રાખવા અને પ્રાકૃતિક આહાર અંગે વ્યાપક જાગૃતિ ફેલાવવાનો છે. આ શિબિર દરમિયાન યોગિક પ્રવૃત્તિઓ થકી શારીરિક તેમજ માનસિક સ્વાસ્થ્યને સુદઢ બનાવવાનો સંદેશ આપવામાં આવશે. આ શિબિરના સફળ આયોજન માટે કો-ઓર્ડીનેટર, કોચ, ટ્રેનર સહિતની યોગ ટીમ જહેમત ઉઠાવી રહી છે. ત્યારે આ શિબિરમાં શહેરીજનોએ જોડાવા ગુજરાત રાજ્ય યોગ બોર્ડની યાદીમાં અનુરોધ કરાયો છે.

# BHIM પેમેન્ટ્સ એપ દ્વારા MyUPI રજૂ કરવામાં આવ્યું

## યુઝર્સ માટે UPI સપોર્ટ, મેન્ડેટ મેનેજમેન્ટ અને સુરક્ષા નિયંત્રણોને સરળ બનાવશે

રાજકોટ,

NPCI BHIM Services Limited (NBSL), નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાની સંપૂર્ણ માલિકીની સહાયક કંપનીએ આજે BHIM Payments App પર વાતચીત આધારિત AI- સંચાલિત સહાયક MyUPI રજૂ કરવાની જાહેરાત કરી છે. MyUPI, BHIM યુઝર્સને તેમની UPI સંબંધિત જરૂરિયાતો માટે સરળ અને ૨૪/૭ બહુભાષી સપોર્ટ પૂરો પાડે છે, જેનાથી પેમેન્ટ્સ વધુ સુરક્ષિત, સુવિધાજનક અને સરળતાથી મેનેજ કરી શકાય છે. યુઝર્સ એક જ જગ્યાએ ટ્રાન્ઝેક્શન હિસ્ટ્રી જોઈ શકે છે, ફરિયાદ નોંધાવી અને તેનું સ્ટેટસ ટ્રેક કરી શકે છે, કોઈપણ UPI એપ દ્વારા સેટ કરાયેલા મેન્ડેટ્સ જોઈ અને મેનેજ કરી શકે છે, પોતાનો મોબાઈલ નંબર ડી-લિંક કરી શકે છે અને છેતરપિંડી અંગે જાગૃતિ માટેની સહાય મેળવી શકે છે. મેનેજિંગ ડિરેક્ટર અને CEO લલિથા નટરાજે જણાવ્યું હતું કે, "ડિજિટલ પેમેન્ટ્સ દૈનિક જીવનનો વધુ મહત્વપૂર્ણ હિસ્સો બની રહ્યા છે ત્યારે, દરેક વ્યવહારમાં વિશ્વાસ જળવાઈ રહેવું જરૂરી છે. MyUPI, BHIMPayments Appમાં એક સક્રિય ટ્રસ્ટ લેયર ઉમેરે છે, જે યુઝર્સને માહિતી મેળવવા, પોતાની સમસ્યાઓનું નિરાકરણ લાવવા અનેવધુ સ્પષ્ટતા તથા આત્મવિશ્વાસ સાથે સમયસર જરૂરી કાર્યવાહી કરવાની સુવિધા આપે છે. આ અનુભવને વાતચીત આધારિત,બહુભાષી અને સરળતાથી ઉપલબ્ધ બનાવીને, અમે દરેક ભારતીય માટે ડિજિટલ પેમેન્ટ્સને સરળ અને સર્વસમાવેશક બનાવવાના BHIMના ઉદ્દેશને વધુ આગળ વધારી રહ્યા છીએ."

# ધી કો-ઓપરેટીવ બેંક ઓફ રાજકોટ લી.ની અમદાવાદમાં બે શાખાનો શુભારંભ

## ખોડલધામ ટ્રસ્ટ કાગવડના ચેરમેન નરેશભાઈ પટેલના હસ્તે ઉદ્ઘાટન

રાજકોટ,

ઓપરેટીવ બેંક ઓફ રાજકોટલી.ની અમદાવાદ શહેરમાં નિકોલ કઠવાડા ખાતે શાખાઓના શુભારંભ કરવામા આવ્યો છે. શ્રીખોડલધામ ટ્રસ્ટ કાગવડ ચેરમેનશ્રી નરેશભાઈ પટેલના હસ્તે બંને શાખાઓનુ ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

માટે બેક્કના બોર્ડ ઓફ ડિરેક્ટર્સના માર્ગદર્શન હેઠળ ધી કો-ઓપરેટીવ બેંક ઓફ રાજકોટ લી.ના કર્મચારીઓ સતત પ્રયત્નશીલ છે.બેંકની કુલ ૨૭ શાખાઓ છે જે પૈકી હાલ ૧૫ શાખાઓ માલિકીના મકાનમાં કાર્યરત છે. બેંકના મેનેજમેન્ટની દીઘર્દ્રષ્ટિ થકી અમદાવાદ શહેરના નવા વિકાસ પામતા ઔદ્યોગિક વિસ્તાર એવા કઠવાડા વિસ્તારમાં તેમજ નિકોલ વિસ્તારમાં શાખાઓનો શુભારંભ કરવામાં આવેલ.

તા. ૧૩.૦૯.૨૦૨૬ ને રવિવારના રોજ શુભ મુહુર્તમાં બેંકના શુભચિંતક એવા ખોડલધામ ટ્રસ્ટના ચેરમેન નરેશભાઈ પટેલના હસ્તે આ શાખાનું ઉદ્ઘાટન કરવામાં આવેલ તેમજ બેંકના સીઈઓ એ મહિલા કર્મચારીઓની સાથે ભગવાન શ્રી ગણપતિજી તેમજ મહાલક્ષ્મી દેવીની પૂજા-અર્ચના કરી આ શાખાનો શુભારંભ કરવામાં આવેલ હતો.

આ શુભારંભ પ્રસંગે ક્રાફ્ટરુટ્સના ચેરપર્સન અનારબેન પટેલ, નર્મદા બાયો કેમ લીમીટેડના ચેરમેન દિનેશભાઈ કુંભાણી તથા વિશાલા ગ્રુપના અગ્રણી બિલ્ડરશ્રી પુરુષોતમભાઈ ગેવરીયા ખાસ ઉપસ્થિત રહ્યા હતાં.

# ગીર સોમનાથ જિલ્લામાં સેવા સેતુ ૨.૧ (ગ્રામ્ય) કક્ષાના બીજા તબક્કાનો શુભારંભ

## ધારાસભ્ય,જિલ્લા પંચાયતના સભ્યો સહિતના પદાધિકારીઓ આ સેવાસેતુ કાર્યક્રમમાં ઉપસ્થિતિ

મિતેશ પરમાર, વેરાવળ,

સમગ્ર રાજ્યની સાથે ગીર સોમનાથ જિલ્લામાં પણ સેવા સેતુ ૨.૧ (ગ્રામ્ય કક્ષા) ના બીજા તબક્કાનો શુભારંભ થયો છે.ગામ લોકોને ઘર આંગણે જ સરકારી સેવાનો લાભ મળી શકે તે માટે રાજ્ય સરકાર દ્વારા પ્રતિ વર્ષ સેવા સેતુ અભિયાન ચલાવવામાં આવે છે. આ અભિયાન અંતર્ગત લોકોને આવકના દાખલા, જમીન મહેસૂલની નોંધ, જાતિના પ્રમાણપત્ર સહિતના વિવિધ દાખલાઓ અને પ્રમાણપત્રો ત્વરિત એક જ સ્થળ પરથી ઉપલબ્ધ થાય છે.

ઉના તાલુકાના વાવરડા ગામે યોજાયેલા સેવા સેતુ કાર્યક્રમમાં ઉનાના ધારાસભ્ય શ્રી કાળુભાઇ રાઠોડ ઉપસ્થિત રહ્યા હતા. તે જ રીતે, કોડિનાર તાલુકાના મોરવડ ગામે યોજાયેલા સેવા સેતુ કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ શ્રી શારદાબેન બાંભણીયા ઉપસ્થિત રહ્યા હતા. તે જ રીતે, ગીરગઢડા તાલુકાના ધોકડવા ગામે પ્રાથમિક શાળા ખાતે યોજાયેલા સેવાસેતુ કાર્યક્રમમાં મામલતદારશ્રી, તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા પંચાયતના સભ્યો, સામાજિક અગ્રણીઓ, સરપંચશ્રી, અન્ય લાગુ વિભાગના અધિકારીઓ-કર્મચારીઓ તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# ક્રોમામાંરૂ.૧,૨૪,૯૦૦ની પ્રારંભિક કિંમત પર બ્લોકબસ્ટર ઓફરો સાથે iPhone 18 Pro ઉપલબ્ધ

## સંપૂર્ણપણે નવા iPhone 18 Prર્ની રેન્જ માટે એક્સક્લૂઝિવ લોંચ ઓફરો, સાથે સાથે એપલવોચ અને એરપોડ્સ પર બચતનો લાભ

રાજકોટઃ

ભારતની અગ્રણી ઓમ્નિ-ચેનલ ઈલેક્ટ્રોનિક્સ રિટેલર અને ટાટા ગ્રૂપની પ્રસિદ્ધ બ્રાન્ડ ક્રોમાએ આજે તમામ એપલ વોચ અને એરપોડ્સમાં બચત કરવાની સુવિધા સાથે iPhone 18 Prôeo રેન્જ પર વિવિધ પ્રકારની ઓફર રજૂ કરવાની જાહેરાત કરી હતી. દેશમાં ક્રોમાના તમામ સ્ટોર, croma.com, ટાટા ન્નૈ એપ અને બિગ બાસ્કેટમાં ઉપલબ્ધ આ મોબાઈલ ફોન ગ્રાહકો માટે એક્સચેન્જ બેનિફિટ અને HDFC તાતા Neu કાર્ડ પર ૧૦ ટકાની બચત સુધીના કોમ્બિનેશન મારફતે અર્થસભર રીતે બચત અનલોક કરી શકે છે. ઈન્ફિનિટી રિટેલ લિમિટેડના પ્રવક્તાએ કહ્યું હતું,iiPhone 18 Pro અને iPhone 18 Pro Max એપલના ઈનોવેશનમાં એક મોટી સફળતા છે. અમને ખુશી છે કે, અમે અમારા ગ્રાહકો માટે એક રોમાંચક અને લાભદાયક ઓફર પ્રસ્તુત કરી છે. એક્સચેન્જ બોનસ અને ટાટા ન્નૈ કોઈન્સ સાથે એપલવોચ અને એરપોડ્સ પર શાનદાર ઓફર રજૂ કરીને અમે લેટેસ્ટ ટેકનોલોજી પર અપગ્રેડ કરવાનું અગાઉથી વધારે સરળ બનાવી રહ્યાં છીએ. ક્રોમામાં અમે અમારા સ્ટોર અને ઓનલાઈન પ્લેટફોર્મ પર શ્રેષ્ઠ વેલ્યુ અને શાનદાર ઓમ્નિ-ચેનલ અનુભવ આપવા કટિબદ્ધ છીએ." તમામ કિંમતો મોડલ, સ્ટોર, શહેર અને ઉપલબ્ધતા પર અલગઅલગ હોઈ શકે છે અને આ ઓફર સ્ટોક હશે ત્યાં સુધી એટલે કે મર્યાદિત ગાળા માટે જ લાગુ છે

# રાજકોટ જિલ્લાની તમામ આંગણવાડીઓમાં ૨૫ સપ્ટેમ્બરથી ૩ ઑક્ટોબર દરમિયાન યોજાશે 'આંગણનો ઉત્સવ'

## આંગણવાડીઓમાં બાળકો, કિશોરીઓ અને વાલીઓ માટે યોજાશે વિવિધ પ્રવૃત્તિઓ

રાજકોટ,ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા રાજ્યની તમામ આંગણવાડીઓમાં ૨૫ સપ્ટેમ્બરથી ૩ ઑક્ટોબર, ૨૦૨૬ દરમિયાન 'આંગણનો ઉત્સવ' યોજાશે. જે અંતર્ગત રાજકોટ જિલ્લાની તમામ આંગણવાડીઓમાં પણ વિશેષ આયોજન કરાયું છે. બાળકોના સર્વાંગી વિકાસ, પોષણ અને પૂર્વ-પ્રાથમિક શિક્ષણને પ્રોત્સાહન આપવાના હેતુથી યોજાનારા આ ઉત્સવ અંતર્ગત આંગણવાડી કેન્દ્રો પર વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવશે. આ દરમિયાન બાળકો માટે બાળગીત, બાળ-વાર્તા, રમતો અને ચિત્રકામ સહિતના આયોજનો થશે, તેમજ બાળકો અને 'પૂર્ણા' યોજના હેઠળની કિશોરીઓ દ્વારા ચિત્રકામની પ્રવૃત્તિઓ પણ હાથ ધરાશે. ઉપરાંત, માતૃમંડળ, વાલીઓ અને કિશોરીઓ સાથે સંવાદ સભાનું આયોજન કરી બાળકના સ્વાસ્થ્યમાં સુધારણા લાવનાર અને નિયમિતતા દાખવનાર બાળકોને 'પોષણ ચેમ્પિયન એવોર્ડ' આપી પ્રોત્સાહિત કરાશે. સાથે જ, ઉત્કૃષ્ટ કામગીરી કરનાર આંગણવાડી અને આશા વર્કર બહેનોને સન્માન પત્ર એનાયત કરીને બહુમાન કરવામાં આવશે.

# રાજકોટ શહેર ભાજપ આયોજીત શ્રી ગણપતિ મંગલ મહોત્સવના સાતમા દિવસે મહાઆરતીમાં વિવિધ સમાજના આગેવાનો જોડાયા

રાજકોટ,

રાજકોટમાં રેસકોર્ષ ઓપન એર થીયેટર ખાતે સિધ્ધી વિનાયક ધામ ખાતે શહેર ભાજપ આયોજીત શ્રી ગણપતિ મંગલ મહોત્સવના સાતમા દિવસે મહાઆરતીમાં ક્ષત્રિય સમાજ, ગિરાસદાર ક્ષત્રિય સમાજ, રાજપુત સમાજ, કાઠી સમાજ, મરાઠા સમાજ, સંઘ આરએસએસ, વીએચપી, એબીવીપી, પૂર્વ પ્રમુખ, પૂર્વ સાંસદ, પૂર્વ ધારાસભ્ય, પૂર્વ શહેર કારોબારી, પૂર્વ પદાધીકારી રાજકોટ મહાનગરપાલીકા ના કર્મચારી, નાગરિક બેંક પરિવાર, આઈ.એસ.એ., આઈ.એસ.પી., ડોકટર સેલ, રાજપુત સમાજની બોર્ડીંગ, ગરાસીયા બોર્ડીંગના



વિધાર્થીઓ તેમજ વોર્ડ નં.૧૩ તથા ૧૪ ના કાર્યકર્તાઓ અને આગેવાનોએ મહાઆરતીનો લાભ લીધો. તેમજ રાજકોટ શહેર પોલીસ કમિશ્નર બ્રજેશ કુમાર ઝા ઉપસ્થિત રહ્યા હતા.

# જુનાગઢનાં વાડલા ફાટક પાસે રીક્ષા ચાલક યુવાનનો ગળાફાંસો ખાઈ આપઘાત

જુનાગઢ, જૂનાગઢના વાડલા ફાટક ખાતે મધુરમ રહેતા એક રિક્ષા ચાલકે રિક્ષામાં ગળે ફાંસો ખાઈ જિંદગી ટૂંકાવી હતી. જૂનાગઢ નજીકના વાડલા ફાટક પાસે વંથલી પોલીસ સ્ટેશન નીચેના રોડ ઉપર રિક્ષા નંબર જીજે ૧૧ યુ યુ ૫૪ ૫૧ સીએનજી રીક્ષામાં માનવ મૃતદેહ લટકતો જોવા મળતા વંથલી પોલીસને જાણ કરાતા વંથલી પોલીસે ઘટના સ્થળે દોડી આવી તપાસ કરતા દિલીપકુમાર સામતભાઈ પરમાર ઉમર ૫૨ રહેવાસી મધુરમ અદિતિ નગર ડી અન્નપૂર્ણા મંદિરની બાજુમાં જુનાગઢ રહેતા હોય તેવું ખુલ્યુ હતું. પોલીસે મુકેશભાઈ નાથાભાઈ પરમારનું નિવેદન લઈ આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# બહુપક્ષીય સહયોગનું વિશ્વ સામેના કેટલાક સૌથી મહત્વપૂર્ણ પડકારો સાથે સીધુ જોડાણ : એસ. જયશંકર

## ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકરે એક મજબૂત અને વધુ અસરકારક બહુપક્ષીય વ્યવસ્થા માટે હાંકલ કરી

ન્યુ યોર્ક,

ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકરે એક મજબૂત અને વધુ અસરકારક બહુપક્ષીય વ્યવસ્થા માટે હાકલ કરી છે, ચેતવણી આપી છે કે વૈશ્વિક વ્યવસ્થા ભૂ-રાજકીય સ્પર્ધા, તણાવ અને સંઘર્ષોના વધતા દબાણનો સામનો કરી રહી છે. ૮૧મી સંયુક્ત રાષ્ટ્ર મહાસભાની બાજુમાં પાર્ટનર્સ ફોર મલ્ટીલેટરલિઝમ સમિટના ઉદ્ઘાટનમાં બોલતા, જયશંકરે કહ્યું કે આંતરરાષ્ટ્રીય સમુદાય મોટા માળખાકીય પરિવર્તનના સમયગાળામાંથી પસાર થઈ રહ્યો છે જેમાં દેશોએ વિભાજનને વધુ ઊંડા થવા દેવાને બદલે સહયોગને મજબૂત બનાવવાની જરૂર છે. "આપણે એવા સમયે મળીએ છીએ જ્યારે વૈશ્વિક વ્યવસ્થા તણાવમાં છે. કેટલાક દાયકાઓથી વિશ્વમાં સતત પુનઃસંતુલન જોવા મળ્યું છે, જે લાંબા સમયથી અપેક્ષિત માળખાકીય ઉત્ક્રાંતિ હતી. જો કે, ભારે સ્પર્ધા, ભૂ-રાજકીય તણાવ અને વાસ્તવિક સંઘર્ષોએ આને સંપૂર્ણપણે અલગ પાત્ર આપ્યું છે," જયશંકરે કહ્યું.

વિદેશ મંત્રીએ કહ્યું કે ભૂ-રાજકીય સ્પર્ધાની વધતી જતી તીવ્રતાના પરિણામો વ્યક્તિગત દેશો વચ્ચેના સંબંધોથી ઘણા આગળ વધી શકે છે. તેમણે ચેતવણી આપી કે જો આ વલણોને અનિયંત્રિત રીતે ચાલુ રાખવા દેવામાં આવે, તો તે આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ દ્વારા સાથે મળીને કામ કરવાના દેશોના મૂળભૂત સિદ્ધાંતને નબળા પાડી શકે છે. "જો તેને નિયંત્રિત ન કરવામાં આવે તો, તે આંતરરાષ્ટ્રીય સહયોગની ભાવના પર જ પ્રશ્ન ઉઠાવશે. એટલા માટે આ તબક્કે બહુપક્ષીયતાનો મજબૂત રીતે દાવો કરવો ખૂબ જ જરૂરી છે," તેમણે કહ્યું. એસ. જયશંકરે દલીલ કરી હતી કે બહુપક્ષીય સહયોગ વિશ્વ સામેના કેટલાક સૌથી મહત્વપૂર્ણ પડકારો સાથે સીધો જોડાયેલો છે, જેમાં શાંતિ અને સુરક્ષા, આબોહવા કાર્યવાહી, વિકાસ નાણાં, ઉભરતી તકનીકો, આતંકવાદ, પુરવઠા-શૃંખલા સ્થિતિસ્થાપકતા અને ભવિષ્યના રોગચાળા માટે તૈયારીનો સમાવેશ થાય છે. "અહીં ખૂબ જ વાસ્તવિક મુદ્દાઓ દાવ પર છે, ફક્ત શબ્દો અને અભિવ્યક્તિઓ નહીં. શાંતિ અને આંતરરાષ્ટ્રીય સુરક્ષા, આબોહવા કાર્યવાહી અને આબોહવા ન્યાય, ઉભરતી તકનીકો અને વિકાસ નાણાં, આતંકવાદનો સામનો કરવા અને પુરવઠા શૃંખલાઓને મજબૂત બનાવવા, અને આપત્તિ સ્થિતિસ્થાપકતા સુનિશ્ચિત કરવા અને રોગચાળા માટે તૈયારી કરવાનું ભવિષ્ય. બધા સહકારની ઈચ્છાશક્તિ પર આધાર રાખે છે," જયશંકરે કહ્યું. વિદેશ મંત્રીએ ભાર મૂક્યો કે આંતરરાષ્ટ્રીય પ્રણાલીએ સામૂહિક કાર્યવાહી દ્વારા મહત્વપૂર્ણ લાભો પ્રાપ્ત કર્યા છે અને કહ્યું કે દેશો વધુ સુધારાઓ તરફ કામ કરતી વખતે તે સિદ્ધિઓને નબળી પાડવી જોઈએ નહીં.

# રસ્તાઓ પર મહિલાઓની સલામતી ન હોય તો મોટી યોજનાઓનો શું અર્થઃ પ્રિયંકા ગાંધી

## બિહારમાં મહિલાઓ પરના તાજેતરના હુમલાઓ અંગે ઊંડી ચિંતા વ્યક્ત કરી



તિરુવનંતપુરમ,

કોંગ્રેસ નેતા અને વાયનાડના લોકસભા સાંસદ, પ્રિયંકા ગાંધી વાડ્રાએ મંગળવારે દિલ્હી અને બિહારમાં મહિલાઓ પરના તાજેતરના હુમલાઓ અંગે ઊંડી ચિંતા વ્યક્ત કરી. તેમણે કહ્યું કે મહિલાઓ સામેના આવા ગુનાઓ માત્ર વધી રહ્યા નથી પરંતુ પહેલા કરતા વધુ હિંસક બની રહ્યા છે. તેમણે કેન્દ્ર અને રાજ્ય સરકારોને રસ્તાઓ પર મહિલાઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા અપીલ કરી.

વાયનાડમાં પત્રકારો સાથે વાત કરતા પ્રિયંકા ગાંધીએ કહ્યું કે પર્યાવરણ પહેલાથી જ મહિલાઓ માટે અસુરક્ષિત હતું અને હવે પરિસ્થિતિ વધુ ખરાબ થઈ રહી છે. તેમણે કહ્યું, "તે વધી રહ્યું છે. મહિલાઓ માટે હંમેશા અસુરક્ષિત વાતાવરણ રહ્યું છે, પરંતુ હવે મહિલાઓ સામે હિંસા વધુ ક્રૂર બની રહી છે. મારું માનવું છે કે જો આપણે રસ્તાઓ પર મહિલાઓની સુરક્ષા સુનિશ્ચિત ન કરી શકીએ, તો મોટી યોજનાઓ અને કાર્યક્રમો વિશે વાત કરવાનો કોઈ અર્થ નથી."

કેરળની મુલાકાતે આવેલા કોંગ્રેસ સાંસદે કહ્યું, "દરેક વ્યક્તિએ મહિલા સુરક્ષાના મુદ્દા પર ખૂબ ગંભીરતાથી વિચાર કરવાની જરૂર છે." તેમણે વધુમાં કહ્યું, "આ ખરેખર એક એવો વિષય છે જેના પર આપણે બધાએ વિચારવાની જરૂર છે. રાજ્ય સરકારો અને ખાસ કરીને કેન્દ્ર સરકારે મહિલાઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે કયા પગલાં લેવાના છે તે ધ્યાનમાં લેવું જોઈએ.

# મથુરા-વૃંદાવનમાં ૨૮૯ એકર જમીન પર એક નવું શહેર બનાવવામાં આવશે

મથુરા,

ઉત્તર પ્રદેશના મથુરા જિલ્લામાં એક નવું શહેર આકાર લઈ રહ્યું છે. મથુરા-વૃંદાવન વિકાસ સત્તામંડળ છટા વિસ્તારમાં એક મોટી ટાઉનશીપ વિકસાવી રહી છે. તે દિલ્હી-આગ્રા રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર છટા તહસીલ નજીક ૨૮૯ એકર જમીન પર બનાવવામાં આવશે. આ હાઇ-ટેક ટાઉનશીપને છત અને બરસાણા રસ્તાના આંતરછેદ નજીક મંજૂરી આપવામાં આવી છે. તે દિલ્હી-એનસીઆરથી આવતા પ્રવાસીઓ અને યાત્રાળુઓ માટે એક વરદાન બનશે. આ શહેર બરસાણા, નંદગાંવ, કોકિલાવનમાં શનિદેવ મંદિર અને ગોવર્ધન જેવા ધાર્મિક સ્થળોની નજીક છે.

આ ટાઉનશીપમાં ફક્ત રહેણાંક મકાનો જ નહીં, પરંતુ ગ્રુપ હાઉસિંગ ફ્લેટ અને એલઆઈજી એચઆઈજી પ્લોટ પણ શામેલ હશે. મોટા શોપિંગ મોલ, હોટલ, રેસ્ટોરન્ટ અને રિટેલ સેન્ટરો પણ અહીં સ્થિત હશે. નાના ઉદ્યોગો માટે શાળાઓ, હોસ્પિટલો અને વાણિજિયક કેન્દ્રો હશે. ટાઉનશીપમાં ઉદ્યાનો, ગ્રીન બેલ્ટ, પાણીના જળાશયો અને પહોળા રસ્તાઓવાળા લીલા વિસ્તારોનો પણ સમાવેશ થશે. તેમાં ભૂગર્ભ વીજળી લાઇનો અને ગટર શુદ્ધિકરણ પ્લાન્ટ સહિતની તમામ નાગરિક સુવિધાઓ પણ હશે. બરસાણા અને ગોવર્ધનની નજીક હોવાને કારણે, ગેસ્ટ હાઉસ, ધર્મશાળાઓ અને સસ્તી હોટલો માટે ખાસ ઝોન હશે. આ ટાઉનશીપમાં મથુરા અને ગોવર્ધન તાલુકા હેઠળના ૯૩ ગામોનો સમાવેશ થશે. ડિવિઝનલ કમિશનર નાગેન્દ્ર પ્રતાપની અધ્યક્ષતામાં મળેલી બોર્ડની ૧૧૦મી બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

# વંદે માતરમના છ શ્લોકોને ફરજિયાત બનાવવા અંગેના કેસમાં સુપ્રીમ કોર્ટે કેન્દ્ર પાસે બે અઠવાડિયામાં જવાબ માગ્યો

## વંદે માતરમ ન ગાવા બદલ કાનૂની કે ફોજદારી દંડની તપાસ કરવી જરૂરી : સુપ્રીમ



નવીદિલ્હી,

વંદે માતરમ અંગેની એક અરજી પર સુનાવણી થઈ. સોલિસિટર જનરલ તુષાર મહેતાએ સુપ્રીમ કોર્ટને નોટિસ ન જારી કરવા વિનંતી કરી, દલીલ કરી કે તે એક સનસનાટીભર્યું હશે. જસ્ટિસ બાગચીએ જણાવ્યું કે તેમાં કોઈ શંકા નથી કે તે આપણું રાષ્ટ્રીય ગીત છે. એસજીએ પૂછ્યું કે બે શ્લોક ગાવા જોઈએ કે છ શ્લોક. સરકાર સિવાય બીજું કોઈ આ નિર્ણય લઈ શકે નહીં.

અરજદારના વકીલે કહ્યું કે જાહેર અભિપ્રાય માંગવો જોઈતો હતો. જસ્ટિસ બાગચીએ કહ્યું કે આ સાચું છે. સુપ્રીમ કોર્ટે બે અઠવાડિયામાં સરકાર પાસેથી જવાબ માંગ્યો. સુપ્રીમ કોર્ટે કહ્યું કે વંદે માતરમ ન ગાવા બદલ કોઈ કાનૂની કે ફોજદારી દંડની શક્યતા તપાસવી જરૂરી છે. કોર્ટે બે અઠવાડિયામાં કેન્દ્ર સરકાર પાસેથી જવાબ માંગ્યો. આ કેસ વંદે માતરમને રાષ્ટ્રગીત જેટલું જ કાનૂની રક્ષણ આપનારા સુધારાને પડકારતી અરજી સાથે સંબંધિત છે.

અરજદારોનું પ્રતિનિધિત્વ કરતા ડૉ. એસ. મુરલીધરે જણાવ્યું હતું કે લગભગ ૮૦ વર્ષમાં પહેલી વાર, તે લોકો પર લાદવામાં આવી રહ્યું છે, અને તેને ન ગાવા બદલ સજા ફટકારવામાં આવી રહી છે. તેમણે કહ્યું કે તેને લાગુ કરતા પહેલા, દેશના લોકોમાં સર્વસંમતિ હોવી જોઈએ. જસ્ટિસ જોયમાલા બાગચીએ કહ્યું કે સજાની જોગવાઈની તપાસ કરવાની જરૂર છે. દરમિયાન, સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કહ્યું કે ધર્મનિરપેક્ષતા એટલી સંકુચિત ન હોઈ શકે. કોર્ટે કેન્દ્ર સરકારને અરજીની નકલ આપવા કહ્યું અને બે અઠવાડિયામાં જવાબ માંગ્યો.

કર્ણાટક સંગીતકાર ટીએમ કૃષ્ણાએ કેન્દ્ર સરકારના વંદે માતરમના છ શ્લોક ગાવાનું ફરજિયાત બનાવવાના પરિપત્રને પડકારતી અરજી દાખલ કરી છે. કૃષ્ણાએ વંદે માતરમને રાષ્ટ્રગીતની સમાન દરજ્જો આપવાના તાજેતરના સુધારાને પણ પડકાર્યો છે. અરજીમાં કહેવામાં આવ્યું છે કે વંદે માતરમના ચાર શ્લોક સ્પષ્ટપણે હિન્દુ દેવતાઓ પ્રત્યે ભક્તિ વ્યક્ત કરે છે. અરજદારનું કહેવું છે કે આ ભાગો ગાવાનું ફરજિયાત બનાવવું દેશના ધર્મનિરપેક્ષ સ્વભાવની વિરુદ્ધ છે.

## કંપની ન્યૂઝ

### એલિવેટ કેમ્પસીસ લિમિટેડનો આઈપીઓ બુધવાર, તારીખ. ૨૩ સપ્ટેમ્બરે ખુલશે




એલિવેટ કેમ્પસીસ લિમિટેડનો આઈપીઓ બુધવાર, ૨૩ સપ્ટેમ્બરે ખુલશે. શેરદીઠ રૂ. ૩૪૩થી રૂ. ૩૬૨નો પ્રાઇઝ બેન્ડ નક્કી કરાયો. બિડ/ઇશ્યૂ ખુલવાની તારીખ - બુધવાર, ૨૩ સપ્ટેમ્બર, ૨૦૨૬ અને બિડ/ઇશ્યૂ બંધ થવાની તારીખ - શુક્રવાર, ૨૫ સપ્ટેમ્બર, ૨૦૨૬ છે. એન્કર ઇન્વેસ્ટર્સ સિવાયના બિડર્સ ઓછામાં ઓછા ૪૧ શેર માટે અને ત્યાર બાદ ૪૧ના ગુણાંકમાં બિડ કરી શકશે.

### મનીવ્યૂ લિમિટેડનો આઈપીઓ ગુરુવાર, ૨૪ સપ્ટેમ્બરે ખુલશે




મનીવ્યૂ લિમિટેડનો આઈપીઓ ગુરુવાર, ૨૪ સપ્ટેમ્બરે ખુલશે. શેરદીઠ રૂ. ૩૨થી રૂ. ૩૪નો પ્રાઇઝ બેન્ડ નક્કી કરાયો. બિડ/ઇશ્યૂ ખુલવાની તારીખ - ગુરુવાર ૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૬ અને બિડ/ઇશ્યૂ બંધ થવાની તારીખ - સોમવાર, ૨૮ સપ્ટેમ્બર, ૨૦૨૬ છે. એન્કર ઇન્વેસ્ટર્સ સિવાયના બિડર્સ ઓછામાં ઓછા ૪૪૧ શેર માટે અને ત્યાર બાદ ૪૪૧ ના ગુણાંકમાં બિડ કરી શકશે.

# પંજાબ સરકાર પાણી માટે સુપ્રીમ કોર્ટમાં જશે, કરારમાંથી બાકાત રાખવાનો નિર્ણય સ્વીકાર્ય નથી

## યમુનાના પાણી પર પંજાબના અધિકારોને અવગણી શકાય નહીં

ચંદીગઢ,

કિશાઉ બહુહેતુક પ્રોજેક્ટને લગતો વિવાદ વધ્યો છે. પંજાબ સરકાર હવે કરાર સામે સુપ્રીમ કોર્ટમાં જવાની તૈયારી કરી રહી છે. છ રાજ્યો વચ્ચેના કરારમાંથી પંજાબને બાકાત રાખવામાં આવ્યું છે. આમ આદમી પાર્ટીના વરિષ્ઠ પ્રવક્તા નીલ ગર્ગે આ માહિતી આપી.

ગર્ગે જણાવ્યું હતું કે પંજાબ આ મામલે કાનૂની લડાઈ લડશે. તેમણે કહ્યું હતું કે યમુનાના પાણી પર પંજાબના અધિકારોને અવગણી શકાય નહીં. ૧૫ સપ્ટેમ્બરના રોજ નવી દિલ્હીમાં આ કરાર થયો હતો. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને કેન્દ્રીય જળશક્તિ મંત્રી સીઆર પાટીલ હાજર હતા. ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ, હરિયાણા, રાજસ્થાન અને દિલ્હીના મુખ્યમંત્રીઓએ તેના પર હસ્તાક્ષર કર્યા હતા. પંજાબ આ કરારનો ભાગ નહોતો. આ પ્રક્રિયામાંથી પંજાબને બાકાત રાખવું અસ્વીકાર્ય છે. યમુના અંગે પંજાબના અધિકારોને ૧૯૫૪માં માન્યતા આપવામાં આવી હતી. પંજાબના પુનર્ગઠન પછી પણ, આ અધિકારો ગુમાવેલા ગણી શકાય નહીં.

ગર્ગે જણાવ્યું હતું કે પંજાબના હિતોને અસર કરતો નિર્ણય તેની ગેરહાજરીમાં લઈ શકાય નહીં. પંજાબને યમુનાના પાણીનો તેનો હિસ્સો મળવો જોઈએ. ૧૯૫૪ના કરારને અવગણવાનો કોઈ કાનૂની આધાર નથી. પંજાબને વિશ્વાસમાં ન લેવું વાંધાજનક છે. આ મામલો હવે નવા કાનૂની વિવાદમાં ફેરવાઈ શકે છે.

કિશાઉ પ્રોજેક્ટ હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડની સરહદ પર ટોન્સ નદી પર પ્રસ્તાવિત છે. ટોન્સ યમુનાની મુખ્ય ઉપનદી છે. આ પ્રોજેક્ટમાં ૧,૫૬૨ મિલિયન ક્યુબિક મીટર પાણી સંગ્રહ કરવાની ક્ષમતા હશે. કરાર હેઠળ, હરિયાણાને ૬૩૩ એમસીએમ પાણી મળશે.

# ઉત્તરપ્રદેશ અને ઉત્તરાખંડમાં રાજ્યસભાની ખાલી પડેલી ૧૧ બેઠકો માટે ચૂંટણીની જાહેરાત

## બંગાળમાં ખાલી પડેલી રાજ્યસભા બેઠક માટે પેટાચૂંટણી યોજાશે

નવીદિલ્હી,

ચૂંટણી પંચે ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડમાં ૧૧ રાજ્યસભા બેઠકો માટે દ્વિવાર્ષિક ચૂંટણીનું સમયપત્રક જાહેર કર્યું છે. વધુમાં, પશ્ચિમ બંગાળમાં ખાલી પડેલી રાજ્યસભા બેઠક માટે પેટાચૂંટણી યોજાશે. ત્રણેય રાજ્યોમાં મતદાન ૧૬ ઓક્ટોબર, ૨૦૨૬ ના રોજ થશે.

પંચના જણાવ્યા મુજબ, ઉત્તર પ્રદેશની ૧૦ અને ઉત્તરાખંડની એક રાજ્યસભા બેઠકના વર્તમાન સભ્યોનો કાર્યકાળ નવેમ્બર ૨૦૨૬ માં સમાપ્ત થઈ રહ્યો છે. પશ્ચિમ બંગાળના રાજ્યસભા સભ્ય રુક્મિણી મલ્લિકે ૧૬ જુલાઈ, ૨૦૨૬ ના રોજ રાજીનામું આપ્યા બાદ એક બેઠક ખાલી પડી હતી. આ બેઠકનો કાર્યકાળ ૨ એપ્રિલ, ૨૦૩૨ સુધીનો હતો. આ ખાલી જગ્યા ભરવા માટે પેટાચૂંટણી યોજાશે.

યુપીમાંથી જેમનો કાર્યકાળ પૂરો થઈ રહ્યો છે તેમાં અરુણ સિંહ - ભાજપ, ગીતા શાક્ય - ભાજપ, નીરજ શેખર - ભાજપ, બ્રિજલાલ - ભાજપ, રામગોપાલ યાદવ - સપા, રામજી ગૌતમ - બસપા, બી.એલ. વર્મા - ભાજપ, સીમા દ્વિવેદી - ભાજપ, ડૉ. દિનેશ શર્મા - ભાજપ, હરદીપ સિંહ પુરી - ભાજપ અને ઉત્તરાખંડમાંથી નરેશ બંસલ - ભાજપનો સમાવેશ થાય છે. આમાંથી ૮ બેઠકો ભાજપની, ૧ સપાની અને ૧ બસપાની છે. ડૉ. દિનેશ શર્માનો કાર્યકાળ પણ ૨૫ નવેમ્બરે પૂરો થયો હતો. જોકે, આંદામાન અને નિકોબારના ઉપરાજ્યપાલ બન્યા પછી, તેમણે રાજીનામું આપ્યું, તેથી તેમની બેઠક માટે પણ ચૂંટણી યોજાશે. સપામાંથી પાર્ટીના મુખ્ય રાષ્ટ્રીય મહાસચિવ રામગોપાલ યાદવ અને બસપામાંથી રામજી ગૌતમનો કાર્યકાળ પૂરો થઈ રહ્યો છે.

પશ્ચિમ બંગાળના તૃણમૂલ કોંગ્રેસના રાજ્યસભા સભ્ય રુક્મિણી મલ્લિકે ૧૬ જુલાઈ, ૨૦૨૬ ના રોજ રાજ્યસભામાંથી રાજીનામું આપ્યું હતું.

# ઓડિશામાં એસઆઈઆર પ્રક્રિયા પૂર્ણ, ૩.૧૬ કરોડથી વધુ મતદારો : ૪૪,૭૭૭ નામો દૂર

ભુવનેશ્વર,

ઓડિશામાં આગામી ચૂંટણીઓ માટે મતદાર યાદી પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે. મુખ્ય ચૂંટણી અધિકારી આર. સંથાગોપાલને જણાવ્યું હતું કે રાજ્ય માટે અંતિમ મતદાર યાદી ૨૧ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ જાહેર કરવામાં આવી હતી. ઓડિશામાં હવે કુલ ૩૧,૬૩૨,૭૫૪ મતદારો નોંધાયેલા છે. અગાઉની મતદાર યાદીમાં કુલ ૩૧,૩૮૭,૦૩૪ મતદારો હતા. આ અગાઉની યાદીની તુલનામાં ૨૪૫,૭૨૦ નો વધારો દર્શાવે છે.

અંતિમ મતદાર યાદીમાં પુરુષ મતદારોની સંખ્યા ૧૬,૧૩૦,૩૧૯ છે, જ્યારે મહિલા મતદારોની સંખ્યા ૧૫,૪૯૯,૬૬૧ છે. વધુમાં, ૨,૭૭૪ તૃતીય-લિંગ મતદારોનો પણ અંતિમ યાદીમાં સમાવેશ થાય છે. અંતિમ મતદાર યાદી જાહેર કરતા પહેલા, ચૂંટણી પંચે મતદારોની વિગતોની ચકાસણી કરી હતી.

# નૈનીતાલમાં દૂષિત પાણી પુરવઠાને કારણે બે લોકોના મોત : ઘટના સંદર્ભે છ એન્જિનિયરો સસ્પેન્ડ

## અધિકારીઓ પર તેમની સત્તાવાર ફરજો નિભાવવામાં બેદરકારીનો આરોપ



નૈનીતાલ,

ઉત્તરાખંડના નૈનીતાલ જિલ્લાના જ્યોલિકોટ વિસ્તારમાં દૂષિત પીવાના પાણીને કારણે બીમારી ફેલાવવા અને બે લોકોના મૃત્યુના સંદર્ભમાં છ એન્જિનિયરોને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીની સૂચના પર જિલ્લા વહીવટીતંત્રના અહેવાલના આધારે આ કાર્યવાહી કરવામાં આવી હતી. અધિકારીઓ પર તેમની સત્તાવાર ફરજો નિભાવવામાં બેદરકારીનો આરોપ છે. થોડા મહિના પહેલા, મધ્યપ્રદેશના ઇન્દોરમાં દૂષિત પાણી પીવાથી ઘણા લોકોના મોત થયા હતા.

સસ્પેન્ડ કરાયેલા અધિકારીઓમાં હલ્દવાની સ્થિત જળ સંસ્થાનના ઇન્ચાર્જ સુપરિન્ટેન્ડેન્ટ એન્જિનિયર, નૈનિતાલ જળ સંસ્થાનના આસિસ્ટન્ટ એન્જિનિયર, એડિશનલ આસિસ્ટન્ટ એન્જિનિયર અને ભીમતાલમાં પીવાના પાણી નિગમના એક્ઝિક્યુટિવ એન્જિનિયર, ઇન્ચાર્જ આસિસ્ટન્ટ એન્જિનિયર અને જુનિયર એન્જિનિયરનો સમાવેશ થાય છે. નૈનિતાલ જળ સંસ્થાનના એક્ઝિક્યુટિવ એન્જિનિયરને પણ ચેતવણી આપવામાં આવી છે. સરકારે જણાવ્યું છે કે જો ભવિષ્યમાં કોઈ બેદરકારી જણાશે તો તેમની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

જ્યોલિકોટ અને આસપાસના ગામોમાં દૂષિત પીવાના પાણીના સપ્લાય બાદ મોટી સંખ્યામાં લોકો બીમાર પડ્યા છે. અસરગ્રસ્ત વિસ્તારોમાં બેલુવાખાન, જ્યોલિકોટ, ગેઠિયા, સદિયાતાલ, દુર્ગાપુર, ગાંજા, વીરભટ્ટી અને છીનાનો સમાવેશ થાય છે. કમળાના અનેક કેસ નોંધાયા છે.

આ ઘટનામાં ૧૬ વર્ષીય વિદ્યાર્થી અને ૨૬ વર્ષીય મહિલાના મૃત્યુથી વિસ્તારમાં ચિંતા વધી ગઈ છે. વહીવટીતંત્રે અસરગ્રસ્ત ગામોમાં રાહત અને આરોગ્ય સેવાઓમાં વધારો કર્યો. ક્લોરિન ગોળીઓ અને ઓઆરએસ વિતરણ કરવા માટે ઘરે ઘરે તબીબી ટીમો મોકલવામાં આવી હતી. અસરગ્રસ્ત વિસ્તારમાં આઠ ડોકટરો અને એક એમ્બ્યુલન્સ પણ તૈનાત કરવામાં આવી હતી.

ઉત્તરાખંડ હાઈકોર્ટે પણ આ બાબતની નોંધ લીધી. ૮ સપ્ટેમ્બરના રોજ, કોર્ટે જ્યોલિકોટ અને આસપાસના ગામોમાં સ્વચ્છ પીવાનું પાણી અને પૂરતી તબીબી સુવિધાઓ પૂરી પાડવાનો નિર્દેશ આપ્યો હતો. પરિસ્થિતિને 'મહામારી' ગણાવતા, કોર્ટે નૈનિતાલના જિલ્લા મેજિસ્ટ્રેટ લલિત મોહન રૈયાલને રાહત કામગીરીનું વ્યક્તિગત રીતે નિરીક્ષણ કરવાનો નિર્દેશ આપ્યો હતો. જનહિત અરજીની સુનાવણી દરમિયાન, નૈનિતાલના મુખ્ય તબીબી અધિકારી, ડૉ. રશ્મિ પંતે કોર્ટને જણાવ્યું હતું કે દૂષિત પાણી બીમારીઓનું કારણ છે.

# શિક્ષણના નામે નફો કમાવનારાઓને સજા થશે, ખાનગી યુનિવર્સિટીઓએ જવાબ આપવો પડશે

## સુપ્રીમ કોર્ટે ખાનગી યુનિવર્સિટીઓ પર મહત્વપૂર્ણ કડક કાર્યવાહી કરી



નવીદિલ્હી,

સુપ્રીમ કોર્ટે ખાનગી યુનિવર્સિટીઓ અંગે મહત્વપૂર્ણ ટિપ્પણી કરી છે. સુપ્રીમ કોર્ટે જણાવ્યું છે કે ખાનગી યુનિવર્સિટીઓને નફાકારક સંસ્થાઓ તરીકે ચલાવી શકાતી નથી. બેન્ચે દેશભરની ખાનગી યુનિવર્સિટીઓને છેલ્લા પાંચ વર્ષના ઓડિટેડ નાણાકીય રેકોર્ડ, ફી માળખા, ભંડોળનો ઉપયોગ, વધારાના ભંડોળનું રોકાણ અને શિક્ષણ સાથે સીધી રીતે સંકળાયેલા ન હોય તેવા વ્યક્તિઓને કરવામાં આવેલી ચુકવણી સહિતની મુખ્ય માહિતી જાહેર કરવાનો નિર્દેશ આપ્યો હતો. ન્યાયાધીશ હસનુદ્દીન અમાનુલ્લાહ અને એન.વી. અંજારિયાની બનેલી બેન્ચે જણાવ્યું હતું કે ખાનગી યુનિવર્સિટીઓ પાસે સંસ્થાના સુગમ સંચાલન અને સંસાધનોના જવાબદાર સંચાલન માટે પૂરતા નાણાકીય અનામત હોઈ શકે છે, પરંતુ શિક્ષણ માટે ઉપલબ્ધ સંસાધનોનો ઉપયોગ શિક્ષણ સાથે સંબંધિત ન હોય તેવા હેતુઓ માટે કરી શકાતો નથી.

બેન્ચે સ્પષ્ટપણે કહ્યું, "અમે સ્પષ્ટ કરીએ છીએ કે કોઈપણ ખાનગી યુનિવર્સિટીને નફાકારક સંસ્થા તરીકે કામ કરવાની મંજૂરી આપી શકાતી નથી. તેણે એક હેતુ પૂરો કરવો જોઈએ અને તેના નાણાકીય સંસાધનોનું જવાબદારીપૂર્વક સંચાલન કરવા અને શિક્ષણ અને બિન-શિક્ષણ કર્મચારીઓને યોગ્ય મહેનતાણું ચૂકવવા માટે થોડો નાણાકીય અધિકાર હોવો જોઈએ."

આ કેસ નોઈડા સ્થિત એમિટી યુનિવર્સિટી સાથે સંકળાયેલા એક વિદ્યાર્થીની ફરિયાદ પરથી ઉભો થયો હતો. જોકે, સુનાવણી દરમિયાન, સુપ્રીમ કોર્ટે કેસનો વ્યાપ વધારતા જણાવ્યું હતું કે, વ્યાપક જાહેર હિતમાં, દેશભરમાં ખાનગી યુનિવર્સિટીઓ દ્વારા પ્રાપ્ત થતી સ્થાપના, નિયમન અને લાભોની તપાસ કરવી જરૂરી છે. કોર્ટે છેલ્લા પાંચ વર્ષથી ખાનગી યુનિવર્સિટીઓ પાસેથી ઓડિટ કરાયેલા નાણાકીય રેકોર્ડની માંગણી કરી છે. આમાં સંસ્થાની કમાણી અને ખર્ચ, શિક્ષણમાં સીધી રીતે સંકળાયેલી ન હોય તેવી વ્યક્તિઓને કરવામાં આવેલી ચૂકવણી, બાકીના ભંડોળ અને રોકાણોનો સંપૂર્ણ વિભાજન શામેલ હશે.

# ઓરિસ્સાથી ગુજરાતમાં ગાંજાનું નેટવર્ક ચલાવતા બે ભાઈઓ-અમિન અને સિકંદર ઝબ્બે

## બંને રૂ.૧.0૪ કરોડના ૨0૪ કિલો ગાંજા કેસમાં વોન્ટેડ હતા



રાજકોટ : ઓરિસ્સાથી ગુજરાતમાં ગાંજો સપ્લાય કરવાનું નેટવર્ક ચલાવતા અમિત ઉર્ફે અમિન ઉર્ફે ગોરખો ખમીશાભાઈ કાતીયાર (ઉ.વ.૨૮) અને તેના ભાઈ સિકંદર ઉર્ફે ઈમરાન ઉર્ફે ઉંદેડો (ઉ.વ.૨૬) (રહે. બંને હડાળા ગામ, મોરબી રોડ)ને ક્રાઈમ બ્રાંચે ઝડપી લીધા હતા. આ બંને ભાઈઓ એસઓજીએ ઝડપી લીધેલા રૂા.૧.0૪ કરોડના ૨0૪ કિલો ગાંજાના કેસમાં ઘણા સમયથી વોન્ટેડ હતા.

એસઓજીએ આ માતબર રકમના ગાંજા સાથે અગાઉ ઉપલેટાના મહંમદ ઉર્ફે કાળો સર્વદી, રાજકોટના અરબાઝ સંધી અને રઝમીન ઉર્ફે રમીઝ પતાણીને ઝડપી લીધા હતા. આરોપીઓની પુછપરછમાં કાતીયાર બંધુઓના નામો ખુલ્યા હતા. જેમણે ઓરિસ્સાથી આ ગાંજાનો જંગી જથ્થો મોકલ્યો હતો. ઘણાં સમયથી ક્રાઈમ બ્રાંચ બંને ભાઈઓને શોધતી હતી. આખરે હડાળાના પાટીયા પાસેથી ઝડપાઈ ગયા હતા.

બંને ભાઈઓને કોર્ટમાં રજૂ કરી આગામી તા.૨૫ સુધીના રિમાન્ડ પર લેવાયા છે. ક્રાઈમ બ્રાંચને તપાસમાં જાણવા મળ્યું કે, ખાસ કરીને અમિત ઉર્ફે અમિને ઓરિસ્સામાં રહી ત્યાંથી ગુજરાતમાં ગાંજો સપ્લાય કરવાનું શરૂ કર્યું હતું. અત્યાર સુધીની તપાસમાં અગાઉ બે વખત સફળ રીતે ગાંજો સપ્લાય કર્યો હતો. ત્રીજી ખેપ કે જે ૨00થી વધુ કિલોની હતી તેમાં એસઓજીની ઝપટે ચડી ગયા હતા.

અત્યાર સુધીમાં ખરેખર કેટલો ગાંજાનો જથ્થો ગુજરાતમાં સપ્લાય કર્યો છે તે અંગે ક્રાઈમ બ્રાંચ તપાસ કરી રહી છે. મુખ્ય સુત્રધાર અમિત વિરુદ્ધ અગાઉ ત્રાસ આપવાના, ચોરીના મળી ચાર ગુના નોંધાયા છે. આ વર્ષે જ તેના વિરુદ્ધ બી.ડિવિઝન પોલીસ મથકમાં માદક પદાર્થોનો કેસ નોંધાયો હતો. જેમાં વોન્ટેડ હોવા છતાં ઓરિસ્સાથી ગાંજો સપ્લાય કરવાનું ચાલુ રાખ્યું હતું.

તેના વિરુદ્ધ ઓરિસ્સામાં પણ માદક પદાર્થ અને એમવી એક્ટ હેઠળ બે ગુના નોંધાયેલા છે. ક્રાઈમ બ્રાંચના પીઆઈ મનોજ ડામોર આ કેસની તપાસ કરી રહ્યા છે. ઓરિસ્સાથી ગુજરાતમાં ગાંજાનું આ સમગ્ર નેટવર્ક કઈ રીતે ચાલતું હતું તે દિશામાં મુખ્યત્વે તપાસ કરાશે. ઉલ્લેખનીય છે કે ઓરિસ્સા ગાંજાનું હબ બની ગયું છે. ગુજરાતમાં છાશવારે ગાંજાના કેસમાં ઓરિસ્સાનું કનેક્શન ખુલે છે.

# વિરપુર: લોભામણી સ્કીમના નામે રૂ.૯૯.૨૯ લાખ ઉઘરાવી હડપ કરનાર આરોપી અમદાવાદથી ઝડપાયો

## ૪0 મહિના સુધી રૂ.૧,000 ભરો, પાકતી મુદતે રૂ.૫0 હજાર અથવા મોટરસાઈકલની લાલચ



વિરપુર: યાત્રાધામ વિરપુર (જલારામ) પોલીસ સ્ટેશન વિસ્તારમાં અલગ-અલગ લોભામણી બચત તથા ઈનામી યોજનાઓ ચલાવી રોકાણકારો પાસેથી લાખો રૂપિયા એકત્ર કરી પાકતી મુદતે પરત નહીં આપવાના ગુનામાં નાસ્તા ફરતા આરોપીને વિરપુર પોલીસે અમદાવાદ ખાતેથી ઝડપી પાડ્યો છે. પોલીસના જણાવ્યા મુજબ આરોપીઓએ વિવિધ સ્કીમોના નામે રોકાણકારોને વધુ રકમ, વ્યાજ તેમજ મોટરસાઈકલ આપવાની લાલચ આપી અંદાજે રૂ.૯૯,૨૯,૫૫0/-ની માતબર રકમ એકત્ર કરી હતી.

રાજકોટ રેન્જ પોલીસ મહાનિરીક્ષક નિર્લિપ્ત રાય રાજકોટ ગ્રામ્ય પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જર તથા નાયબ પોલીસ અધિક્ષક આર.એ. ડોડીયાની સૂચના અને માર્ગદર્શન હેઠળ વિરપુર પોલીસ દ્વારા અલગ-અલગ લોભામણી સ્કીમો મારફતે લોકો પાસેથી નાણાં મેળવી પરત નહીં આપતા તત્વો સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ આરોપીઓએ 'જય જલારામ માર્કેટીંગ'ના નામે ઈનામી યોજનાની સ્કીમ ચલાવી હતી. જેમાં રોકાણકારો પાસેથી દર મહિને રૂ.૧,000 મુજબ ૪0 મહિના સુધી કુલ રૂ.૪0,000 ભરાવવામાં આવતા અને પાકતી મુદતે રૂ.૫0,000 અથવા તેના બદલે મોટરસાઈકલ આપવાની લાલચ આપવામાં આવતી હતી.

આ ઉપરાંત 'જલારામ બચત સહકારી મંડળી લિમિટેડ'ના નામે દૈનિક બચત યોજનાઓ ચલાવી રોજના રૂ.૧00, રૂ.૨00 તથા રૂ.૫00 જમા કરાવવાની અને તેના બદલામાં ૬ ટકા વ્યાજ આપવાની જાહેરાત કરવામાં આવી હોવાનો પણ ગુનામાં ઉલ્લેખ છે.

તેજરીતે 'J.K. MM Auto Consultancy Pvt. Ltd.'ના નામે પણ દર મહિને રૂ.૧,000 ભરાવી ૪0 મહિના બાદ રૂ.૫0,000 અથવા મોટરસાઈકલ આપવાની લોભામણી ડ્રો સ્કીમ ચલાવવામાં આવી હોવાનું પોલીસ ફરિયાદમાં જણાવાયું છે.

પોલીસના જણાવ્યા મુજબ વિવિધ બચત યોજનાઓ તથા ઈનામી ડ્રો સ્કીમોના નામે રોકાણકારોને વધુ વળતર અને મોટરસાઈકલની લાલચ આપી તેમની પાસેથી રકમ એકત્ર કરવામાં આવી હતી. ત્યારબાદ પાકતી મુદતે રોકાણકારોને રકમ પરત નહીં આપી નાણાંનો અંગત ઉપયોગ કરવામાં આવ્યો હોવાનો આરોપ છે. સમગ્ર મામલે વિરપુર પોલીસ સ્ટેશનમાં IPC કલમ ૪0૯, ૪૨0, ૧૧૪, Prize Chits and Money Circulation Schemes (Banning) Act, ૧૯૭૮ની કલમ ૩, ૪, ૫ તથા GPID Actની કલમ ૩ હેઠળ ગુનો નોંધાયો હતો. ગુનાની તપાસ દરમિયાન વિરપુર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એસ.જી. રાઠોડ તથા તેમની ટીમ આરોપીઓને ઝડપી પાડવા માટે તપાસમાં હતી. દરમિયાન મળેલી હકીકતના આધારે પોલીસે કાર્યવાહી કરી રાજુભાઈ ભલુભાઈ ઉર્ફે લાલભાઈ મેવાડા, રહે. અમદાવાદને અમદાવાદ ખાતેથી ઝડપી પાડ્યો હતો.

પોલીસ રેકોર્ડ મુજબ આરોપી વિરુદ્ધ અગાઉ પણ વડોદરા ઝૈંઢ ક્રાઈમ, અમદાવાદ ઝૈંઢ ક્રાઈમ, સુરેન્દ્રનગર સિટી-બી ડિવિઝન, ઈડર પોલીસ સ્ટેશન તથા રાજકોટ CID ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં છેતરપિંડી, વિશ્વાસઘાત, કાવતરું, બનાવટી દસ્તાવેજો સહિતની વિવિધ કલમો હેઠળ ગુનાઓ નોંધાયેલા હોવાનું પોલીસ દ્વારા જણાવાયું છે.

વિરપુર પોલીસના પીઆઈ એસ.જી.રાઠોડ દ્વારા જાહેર જનતાને અપીલ કરવામાં આવી છે કે વધુ વળતર, ઊંચા વ્યાજ, ઈનામી ડ્રો, મોટરસાઈકલ અથવા અન્ય કોઈ લોભામણી સ્કીમની લાલચમાં આવીને રોકાણ ન કરવું. આવી કોઈ શંકાસ્પદ સ્કીમ અંગે માહિતી મળે તો વિરપુર (જલારામ) પોલીસ સ્ટેશનનો મો.૬૩૫૯૬ ૨૯૩૭૫ પર સંપર્ક કરવા જણાવાયું છે.

**જય જલારામ માર્કેટીંગ, જલારામ બચત સહકારી મંડળી અને J.K. MM Auto Consultancyના નામે સ્કીમો ચલાવી રોકાણકારોને રકમ પરત ન આપી હોવાનો આક્ષેપ**

# દારૂડિયો કારચાલક બેફામ બન્યો : બે પોલીસ મેનને ઉડાડયા : બાઈક ૨00 મીટર ઢસડયું!





રાજકોટ:જંકશનમાં દારૂડિયો કાર ચાલક બેફામ બન્યો હતો અને બે પોલીસમેનને ઉડાડી બાઈક ૨00 મીટર ઢસડયું હતું. પડધરી કામે આવેલ ઉત્તરાખંડના શખ્સે રાજકોટમાં ચિક્કાર દારૂ પીધાં બાદ બેફામ થયો હતો. ગાયકવાડી વિસ્તારમાં અનેક લોકોને હડફેટે લીધાં બાદ જંકશન ચોકી પાસે પોલીસે રોકવાનો પ્રયાસ કરતાં તેમને પણ ઉડાડયા હતાં.સદનસીબે પોલીસ કે કોઈ લોકોને ઈજા પહોંચી ન હતી. જે બાદ પ્ર. નગર પોલીસે આરોપીની ધરપકડ કરી કાર કબ્જે કરી હતી. બનાવ અંગે પ્ર. નગર

**ઉત્તરાખંડના શખ્સે અનેક લોકોને હડફેટે લીધાં બાદ જંકશન ચોકી પાસે પોલીસે રોકવાનો પ્રયાસ કરતાં તેમને પણ ઉડાડયા**

પોલીસ મથકના કોન્સ્ટેબલ વનરાજભાઈ બોરીચાએ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે નીપુણકુમાર મદન સીંગ (ઉ.વ.૩૫, રહે.હાલ ડાંગરા ગામ,પડધરી, મુળ રહે.અજાબપુર ખુર્દ સરસ્વતી વીહાર દહેરાદુન, ઉતરાખંડ) નું નામ આપી જણાવ્યું હતું કે, તે અને કોન્સ્ટેબલ રીયાજભાઈ ભીપૌત્રા પોલીસ સ્ટેશન વીસ્તારમા પેટ્રોલીગમા હતા.

તે વખતે તેઓ બાઈક ચલાવતા હતા. તેઓ પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીગમા ફરતા ફરતા રાત્રીના ૧0 વાગ્યા આસપાસ જંકશન પ્લોટ મેઈન રોડ ઉપર જંકશન પોલીસ ચોકીની સામે પહોચતા એક ફોર વ્હીલ કાર ચાલક પોતાની કાર પુરઝડપે બેફીકરાઈથી જંકશન પોલીસ ચોકી તરફથી ચલાવી આવેલ અને તેઓને બાઈક સહીત હડફેટે લઈને નીચે પછાડી દીધેલ અને આશરે ૨00 મીટર સુધી જંકસન મેઈન રોડ પર બાઈકને ઢસડેલ હતું.

બાદમા બંન્નેને શરીરના ભાગે સામાન્ય મુંઢ ઈજા થયેલ હતી. આ કારની હડફેટે બાઈક આવી ગયેલ હોવાથી બાઈકમાં નુકશાની થયેલ અને અકસ્માત થતા આજુ બાજુમાથી માણસો ભેગા થઈ ગયેલ હતા. તેઓ બંને ઉભા થઈને કાર પાસે જઈ કાર ચાલકને નીચે ઉતારીને તેનુ નામ પુછતા પોતે પોતાનુ નામ નીપુણકુમાર મદન સીંગ હોવાનુ થોથરાતી જીભે જણાવ્યું હતું.

કાર ચાલકના મોઢામાથી કેફી પ્રવાહી પીધેલાની ખાટી અને તીવ્ર વાસ આવતી હોય અને પોતે પોતાના શરીરનું સમતોલન પણું જાળવી શકતા ન હોય જેથી નશાની હાલતમાં હોવાનું સામે આવ્યું હતું. પોલીસે સફેદ કલરની સ્કોડા રેપીડ કાર નં GJ-01-RV-1401 જપ્ત કરી આરોપીની ધરપકડ કરી હતી. વધુમાં પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, પકડાયેલ શખ્સ મૂળ ઉત્તરાખંડનો વતની છે અને અહીં તે પડધરી પંથકમાં કોઈ કામ અર્થે આવ્યો હતો. રાતે તે રાજકોટ જમવા આવ્યા બાદ દારૂનો ચિક્કાર નશો કર્યો હતો. જે બાદ તેને ગાયકવાડી વિસ્તારમાં બે થી વધુ લોકોને હડફેટે લીધા બાદ જંકશન ચોકી તરફ આવ્યો હતો. ત્યારે બે પોલીસમેનોએ તેને અટકાવવાનો પ્રયાસ કરતા પૂરપાટ કાર ચલાવી પોલીસમેનોને પણ હડફેટે લઈ બાઈકને ઢસડી હોવાનું સામે આવ્યું છે

# રાજકોટ જિલ્લામાં ચોમાસામાં ૩૭ માર્ગોનાં પેચવર્કમાં 'બિલ બાકી' કહીને ખર્ચ છૂપાવ્યો!

રાજકોટ : રાજકોટ જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં શાસક ભાજપના જ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેને પંચાયત હસ્તકના રસ્તાઓ અંગે સવાલ ઉઠાવ્યો હતો કે ચોમાસાની શરૂઆત એટલે કે મે-૨૦૨૬થી આજદિન સુધી કયા રસ્તાઓ પર પેચવર્ક કરાયું, કયા તાલુકામાં કરાયું, ક્યારે કરાયું અને તેના પાછળ કેટલો ખર્ચ થયો તેનો હિસાબ આપો. પરંતુ નવા સત્તાધીશોને હજુ રાજકાજમાં ઓછી ગતાગમ પડતી હોવાનું માનીને માર્ગ અને મકાન વિભાગ તરફથી ગપગોળા જેવો જવાબ આપી દેવાતા આશ્ચર્ય સર્જાયું છે.

સ્ટેન્ડિંગ ચેરમેન નરસીભાઈ સોજીત્રાનાં સવાલના જવાબમાં કાર્યપાલક ઈજનેર સંજય પટેલે જણાવ્યું કે, રાજકોટ જિલ્લામાં કુલ ૩૭ રસ્તાઓમાં ડામર તથા મેટલથી પેચવર્કની કામગીરી કરાઈ છે, પણ ફક્ત ૩૫ માર્ગો જ સામાન્ય સભામાં રજૂ કર્યા, એમાં પણ ખર્ચનો હિસાબ આપવાને બદલે ચાર મહિના પહેલા થયેલી કામગીરીમાં પણ 'બિલ બાકી' લખીને આંકડો છૂપાવી દેવાયો અને ચાલ્યું પણ ખરૂં ! જેમાં જામકંડોરણાનાં દડવી, પીપળીયા, રામપર એમ ત્રણ રોડનાં મે મહિનામાં થયેલા કામનો સમાવેશ થાય છે. ક્યાં રસ્તા પર કેટલા ચોરસ મીટર કે ક્યુબિક મીટર કામ થયું, કેટલું મટિરિયલ વપરાયું, ગેરન્ટી પિરિયડનો રોડ હતો કે નહીં, કામનો મંજૂર દર શું હતો અને વાસ્તવિક બિલ કેટલી રકમનું છે ? એવું કશું લેખિત જવાબમાં આપવામાં આવ્યું નહીં. જેમાં સૌથી વધુ ગોંડલમાં ૮ રસ્તા, ત્યારબાદ વિંછીયા ૫ અને ઉપલેટા, જેતપુર તથા કોટડા સાંગાણીમાં ૪-૪ રસ્તાનો સમાવેશ થાય છે. પ્રશ્નમાં 'થયેલા ખર્ચની વિગત' માગવામાં આવી હોય ત્યારે માત્ર 'બિલ બાકી' લખવાથી ખર્ચનો નાણાકીય જવાબ મળતો નથી.બીજી તરફ જિલ્લા પંચાયતનાં પ્રમુખ સંજય પીપળીયાએ જણાવ્યું કે, 'વાર્ષિક ધોરણે કામગીરી સંભાળતા કોન્ટ્રાક્ટરોને ડામરનો ભાવ વધવા અને શોર્ટેજનો પ્રશ્ન હોવાથી અસંતોષ હતો. જો કે, તેમની સાથે પણ બેઠક કરીને સુખદ સમાધાન લાવી મનાવી લેતાં હવે ૧૫ દિવસમાં તમામ તૂટેલા માર્ગોનું રીપેરીંગ કરી આપવાની ખાતરી આપી છે. આ સાથે પેચવર્ક બાદ થોડા જ સમયમાં રસ્તા ફરી જર્જરિત થવા અંગે માર્ગ અને મકાન વિભાગને જરૂરી તાકિદ પણ કરી છે.'

# પીડીએમ કોલેજ પાસે ડેલામાંથી રોડ પર દોડી આવેલ ટ્રકે એસટી બસને ઠોકરે લીધી: મોટું નુકસાન

રાજકોટ. તા.૨૨ બનાવ અંગે ગોંડલ રહેતાં વિશાલકુમાર મોર (ઉ.વ.૪૩) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે જીજે.૧૩.એક્સ.૩૦૩૩ ના ચાલક રઘુ લાલજી સારલા સહિતના શખ્સોના નામ આપી જણાવ્યું હતું કે, તે ગોંડલ ડેપોમા છેલ્લા ૧૪ વર્ષથી એસ.ટી ડ્રાઈવર તરીકે નોકરી કરે છે. તેમની નોકરી ગોંડલથી નાશીક સુધીના રુટમા ગોંડલથી સુરત અને સુરતથી પરત ગોંડલની છે.

ગઈકાલે સાંજના આશરે સાતેક વાગ્યે ગોંડલ બસ ડેપોમાંથી કંડક્ટર ભાવેશભાઈ બગથરીયા સાથે બસ નં GJ-18-ZT-4413 પેસેંજર ભરી નિયત સમય મુજબ નાશીક જવા નીકળેલ હતો. રાતના સવા આઠેક વાગ્યાના અરસામા ગોંડલ ચોકડીથી પી.ડી.એમ કોલેજ તરફ જતા હતા ત્યારે ત્યા નાયરા પેટ્રોલ પંપથી આગળ એક ડેલાની અંદર એક ટ્રક પાર્ક કરેલ હતો, જેનો મોરો રોડ બાજુનો હતો. તેઓ બસ લઈને આ ડેલા પાસેથી પસાર થયેલ તે દરમીયાન આ ટ્રક બસમા કંડક્ટરની સાઈડ પાછળના વ્હીલની બાજુ ભટકાયેલ હતો.

જેથી બસ સાઈડમા ઉભી રાખી નીચે ઉતરી જોયેલ તો આ ટ્રક ત્યા સ્વસ્તીક સ્ટીલ નામના ડેલામાથી નીકળેલ હતો, જે ટ્રક તેના ચાલકે આ ડેલામા ઢાળમાં પાર્ક કરેલાનુ જણાય આવેલ હતુ, તે ટ્રકમા કોઈ ડ્રાઈવર હતો નહી. ટ્રક નં GJ-13-X-3033 માં એક ભાઈએ આ ટ્રકમા બેસી આ ટ્રક ચાલુ કરીને રિવર્સમા જ ડેલામા પરત અંદર લઈ લીધેલ હતો.

જેથી આ ભાઈને પુછેલ તો તેને મને જણાવેલ કે હુ આ ટ્રકનો ડ્રાઈવર છુ, મારુ નામ રઘુ લાલજી સારલા છે, હું અહીંયા આ ડેલામાથી લોખંડનો માલ ભરવા આવેલ ત્યારે ટ્રકમા લોખંડનો માલ સદર ડેલામા રહેલ મશીનરી (કેન) દ્વારા ભરતા હતા ત્યારે ટ્રક અચાનક ઢાળમાથી રળી જઈ બહાર રોડ ઉપર આવતા તમારી બસ સાથે ભટકાયેલ હતો. જે અકસ્માતથી બસમાં રૂ.૩૫ હજારનું નુકશાન થયું હતું. જે અંગે પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

# આર્મીનો સામાન સસ્તો આપવાની લાલચે ૭૫ હજારની સાયબર ઠગાઈ

જસદણ: જસદણના આટકોટમાં સોશિયલ મીડિયા પર ફેક આઈડી બનાવી લોકોને લાલચ આપી નાણાં પડાવતી સાયબર ગેંગનો ભોગ સ્થાનિક વેપારી અને તેમના મિત્ર બન્યા હતા. આટકોટ ખાતે હોટલ ધરાવતા અંકિતભાઈ પરવાડીયા પાસે તેમના મિત્ર સુરેશભાઈ ખોખરીયા રૂ. ૫૦ હજાર ઓનલાઈન ટ્રાન્સફર કરાવવા માટે આવ્યા હતા.

પૂછપરછ કરતા સામે આવ્યું હતું કે, સુરેશભાઈને ફેસબુક પર ચીરાગ પટેલ (IPS) નામની એક નકલી આઈડી મારફતે આર્મીની વિવિધ વસ્તુઓ ખૂબ જ સસ્તા ભાવે આપવાની લાલચ આપવામાં આવી હતી. આ દરમિયાન સામેવાળા શખ્સે મોબાઈલ નંબર ૬૩૭૬૩૪૧૩૦૨ પરથી વોટ્સએપ પર ક્યુઆર કોડ મોકલી નાણાંની માંગણી કરી હતી.

ઠગબાજના વિશ્વાસમાં આવી જઈને સુરેશભાઈએ અંકિતભાઈના ખાતામાંથી રૂ. ૫૦ હજાર તેમજ પોતાના પુત્રના ખાતામાંથી રૂ. ૨૫ હજાર એમ મળીને કુલ રૂ. ૭૫ હજાર ઓનલાઈન ટ્રાન્સફર કરી આપ્યા હતા.નાણાં ચૂકવાઈ ગયા બાદ સામાન ન મળતાં અને સામેવાળા શખ્સનો વ્યવહાર શંકાસ્પદ જણાતાં સમગ્ર છેતરપિંડીનો પર્દાફાશ થયો હતો. પોતાની સાથે સાયબર ઠગાઈ થઈ હોવાનું જણાતાં અંકિતભાઈએ તુરંત જ સાયબર ક્રાઈમ હેલ્પલાઈન ૧૯૩૦ પર કોલ કરીને ફરિયાદ નોંધાવી હતી.

આ સમગ્ર મામલે ફેક ફેસબુક આઈડી, ઉપયોગમાં લેવાયેલ મોબાઈલ નંબર તેમજ નાણાં મેળવનાર સંબંધિત બેંક ખાતાધારક સામે કાયદેસરની કડક કાર્યવાહી કરવા માટે તજવીજ હાથ ધરવામાં આવી હતી.

ફરિયાદ નોંધાતાં સાયબર ક્રાઈમ વિભાગે સંબંધિત બેંક ખાતામાં ટ્રાન્સફર થયેલી રકમ ટ્રેસ કરવાની અને નાણાં હોલ્ડ કરાવવા સહિતની કાર્યવાહી હાથ ધરી હતી.પોલીસે સોશિયલ મીડિયા પર અજાણ્યા વ્યક્તિની લાલચમાં આવી ઓનલાઈન નાણાં ટ્રાન્સફર ન કરવા અપીલ કરી છે.

# નોકરી પુરી કરી બહાર નિકળેલ પ્રૌઢાને કાર ચાલકે ઉડાડયા

રાજકોટ:બનાવ અંગે શ્રમજીવી સોસાયટી શેરી નંબર ૦૪ નો ખૂણો જૂની શીવાની હોસ્પિટલ ઢેબર રોડ બહેરામૂંગા સ્કૂલની સામે બીજેપી કાર્યાલયની (ગ્રામ્ય) બાજુમાં રહેતાં મીનાબેન રમેશભાઈ પ્રભુદાસભાઈ ગોંડલીયા (ઉં.વ.૫૧) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે કાર નં. જીજે-૦૩-સીડબ્લ્યુ-૦૯૭૩ ના ચાલક કેવલ ગીરીશ રાજપરા (રહે. લોહાનગર) નું નામ આપી જણાવ્યું હતું કે, તેઓ શિવાની હોસ્પિટલ ઢેબર રોડ ખાતે પ્રાઈવેટ નોકરી કરે છે.

ગઈકાલે રાત્રીના આશરે સાડા આઠેક વાગ્યે તેઓ નોકરી શિવાની હોસ્પિટલમાં પૂરી કરી હોસ્પિટલમાંથી બહાર નીકળેલ અને ઘરે જવાનું હોય જેથી રસ્તો ક્રોસ કરીને આગળ જતા ઢેબર રોડ ઉપરથી એક ફોરવીલ ગાડી કાળા કલરની પુરપાટ ઝડપે આવેલ અને આ શેરીમાં વણાંક વાળેલ હતો. તેણી રસ્તો ક્રોસ કરતી હોય જેથી તેમની સાથે ભટકાડી દેતાં તેઓ ફંગોળાઈ ગયેલ અને ગાડીના આગળના ભાગમાં પડી ગયેલ હતાં.

કાર ચાલક પ્રૌઢા ઉપર ગાડી ચલાવીને ફૂલ સ્પીડમાં તેની ગાડી લઈને જતો રહેલ હતો. કારના ડ્રાઈવર સાઈડના બંને વહીલ તેઓ ઉપર ચલાવીને જતો રહેલ હતો. જેથી તેઓને કમરના ભાગ સહિતના શરીરના અલગ અલગ ભાગમાં ઈજા થયેલ હતી. તેઓને ૧૦૮ મારફત સારવારમાં ખાનગી હોસ્પિટલમાં ખસેડેલ હતાં. તેઓને કમરના ભાગે ફ્રેક્ચર થયેલનું નિદાન થયું હતું.જે બાદ તેઓને કાર ભટકાડી ભાગી ગયેલ તેની પાછળ કોઈ માણસો ગયાં હતાં અને તેઓ પાસેથી જાણવા મળેલ કે, આ ભટકાડીને જતી રહેલ ગાડી કાળા કલરની સ્વીફ્ટ નં. GJ 03 C.W.0973 છે, અને તેના ચાલક કેવલ ગીરીશ રાજપરા હતો.જે બનાવ અંગે ભક્તિનગર પોલીસે કાર્યવાહી કરી હતી.

# 'આજે તો તારું મર્ડર કરી નાખવું છે' કહી મજૂર ઉપર બે શખસોનો હુમલો

રાજકોટ:વાણીયાવાડી નજીક જલજીત હોલ પાસે બાંધકામની સાઈટ નજીક રહેતા અને કડિયાકામની મજૂરી કરતા મૂળ મધ્યપ્રદેશના વતની મોહનસિંગ અબલાભાઈ મેડા નામના આધેડ ૧૧ વાગ્યે જલજીત હોલ પાસે હતા, ત્યારે અજાણ્યા શખ્સોએ તેમની સાથે અચાનક ઝઘડો કરી પાણાના ઘા ઝીકી ગંભીર ઈજા પહોંચાડી હતી. બનાવ અંગે ઈજાગ્રસ્ત મોહનસિંગના જણાવ્યા મુજબ, બે અજાણ્યા શખ્સોએ આવીને અચાનક ગાળો આપવાનું શરૂ કર્યું હતું. તેમણે ગાળો બોલવાની ના પાડતા ઉશ્કેરાયેલા હુમલાખોરોએ "આજે તો તારું મર્ડર કરી નાખવું છે" કહીને ઢીકાપાટુનો માર માર્યો હતો અને પાણાના ઘા માર્યા હતા. બનાવ અંગે ભક્તિનગર પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# કોઠારીયા નજીકથી રૂ.૫.૪૭ લાખના દારૂ ભરેલી બોલેરો સાથે બે રાજસ્થાની ઝડપાયા

રાજકોટ:રાજકોટ PCB ટિમ પેટ્રોલિંગમાં હતા દરમિયાન કોઠારીયા ગામથી લાપાસરી જવાના રસ્તે ગાત્રાળ પાન પાસે એક બોલેરો પીકઅપ ગાડીમાં વિદેશી દારૂનો જથ્થો રાખવામાં આવ્યો હોવાની બાતમીના આધારે દરોડો પાડી બોલેરોને અટકાવીને અંદર સવાર બે શખ્સોની પૂછપરછ કરતા તેમણે પોતાના નામ અમરસિંહ કિશનસિંહ દસાણા અને કપિલ પ્રકાશદાસ વૈષ્ણવ હોવાનું જણાવ્યું હતું. ગાડીની જડતી લેતા અંદરથી રૂ. ૫,૪૭,૦૦૦ની કિંમતની વિદેશી દારૂની ૩,૬૯૬ બોટલો મળી આવી હતી. પોલીસ તપાસમાં બંને શખ્સો દારૂનો જથ્થો મધ્યપ્રદેશથી રાજકોટના પરસાણાનગરમાં રહેતા આરીફ સલીમ જુણેજા નામના બુટલેગરને પહોંચાડવા આવ્યા હોવાનું સામે આવતા મુખ્ય રીસીવર આરીફ જુણેજાને પકડી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# વ્યાજે લીધેલ રૂપિયા ભરપાઈ ન કરી શકતા કારખાનેદારે ફિનાઈલ પી આપઘાતનો પ્રયાસ કર્યો

રાજકોટ:રાજકોટના રામાપીર ચોક નજીક ધર્મેશ્વર મહાદેવ મંદિર પાસે શિવમ પાર્કમાં રહેતાં ૩૯ વર્ષીય સંદિપભાઈ જનકભાઈ પોપટ નામના કારખાનેદાર યુવાને સાંજે અટલ સરોવર પાસે જઈ ફિનાઈલ પી લેતાં સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા બનાવ અંગે યુનિવર્સિટી પોલીસને જાણ કરવામાં આવતા પોલીસે તપાસ શરૂ કરી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં સંદિપભાઈ ત્રણ ભાઈમાં મોટા હોવાનું અને સંતાનમાં બે દિકરી હોવાનું સામે આવ્યું છે. તેમને હરીપર પાળ ગામે ઘઉંના લોટ પેકીંગની ફેકટરી છે જે ધંધાના કામે એક વર્ષ પહેલા અલગ અલગ ચાર લોકો પાસેથી ૧૦થી ૧૨ લાખ રૂપિયા વ્યાજે લીધા હતાં. એક વર્ષથી તે આ લોકોને ૧૦થી ૨૦% વ્યાજ ભરતા હતા. હાલમાં વ્યાજ ભરી શકાય તેવી હાલત ન હોઈ કંટાળી આ પગલું ભર્યું હોવાનું જણાવતા વધુ તપાસ હાથ ધરી છે.